gujaratvandan.com



લગ્ન પછી લંડન શિફ્ટ થઈ ગયેલી સોનમ કપૂર મુંબઈ પાછી ફરી

પેજ 11

# ગુજરાત વંદન

સાપ્તાહિક

RNI No. GUJGUJ/2016/68288

Follow us gujaratvandan.com

રવિવાર, 29 ઓક્ટોબર 2023 | આસો વદ-1, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 25 | કુલ પાનાં : 12

સુવિચાર

એવું ના માનવું કે ઉમર વધી એટલે ઓલ્ડ થઈ ગયા, એવું માનવું કે તપી તાપી ગોલ્ડ થઈ ગયા...

## હજારો ઈઝરાયેલી સૈનિકો દ્વારા મોટાપાયે જમીની હુમલાઓ શરૂ, કોઈ પણ ક્ષણે ગાઝાનું પતન

## મિડલ ઈસ્ટમાં ત્રીજા વિશ્વયુદ્ધનો ખતરો

# ઈઝરાયેલનો હુંકાર : કાં અમે નહીં કાં હમાસ નહીં!

### યુદ્ધ રોકો પ્રસ્તાવ : 120 તરફેણમાં, 14 વિરોધમાં - ભારત મતદાનથી દૂર રહ્યું

■ એક તરફ યુદ્ધ રોકવા યુનોમાં ઠરાવ, બીજી તરફ અમેરિકાએ ઈઝરાયેલને આપ્યો છૂટોદોર

ગુજરાત વંદન

બબ્બે વિશ્વયુદ્ધની વિનાશક્તા- નરસંહાર જોનાર દુનિયા સમક્ષ હવે ત્રીજી વિશ્વયુદ્ધ આવીને ઉભું રહી ગયું છે. જોકે, તે મિડલ ઈસ્ટ(મધ્યપૂર્વના) દેશો પૂરતુ મર્યાદિત બની શકે. છેલ્લા 23 દિવસથી હમાસ-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા જંગનો આખરી અને નિર્ણાયક તબક્કો આવી પહોંચ્યો હોય તેમ ગાઝામાં હજારો ઈઝરાયેલી સૈનિકો જમીની સ્તરે ઘૂસી જઈને હમાસના આતંકીઓને વીણી વીણીને હણી રહ્યા છે. તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો)ની એક બેઠકમાં આ યુદ્ધ રોકવાનો પ્રસ્તાવ રજૂ થયો હતો. જેની તરફેણમાં 120 વોટ પડ્યા, જ્યારે 14 દેશઓ વિરોધ દર્શાવ્યો તો, ભારત સહિતના 45 દેશો મતદાનથી અળગા રહ્યા હતા. ત્રીજી તરફ સુપર પાવર અમેરિકાએ હમાસોનો ખાત્મો કરવા ઈઝરાયેલને તમામ પ્રકારની મંજૂરીની સાથે કોઈ નિર્દોષ નાગરિક ભોગ ન બને તે માટે ગાઝામાં હુમલાઓ કરવા ખુલ્લો દોર આપ્યો છે. તે સાથે ઈઝરાયેલે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા પોતાના એક એક નાગરિકના હાથમાં બંદૂકો આપી દીધી છે. તેના પગલે હવે ગણતરીના સમયમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે નિર્ણય આવી શકે તો ઈરાન દ્વારા હમાસની તરફેણમાં વળતો પ્રહાર કરવા પોતાની સેનાને 200 હેલિકોપ્ટર સાથે તૈયાર રહેવા આદેશ આપતા ઈરાન પણ જંગમાં સામેલ થઈ શકે તેમ છે. અને આ તમામ સર્વગ્રાહી વિસ્ફોટક પરિસ્થિતિને જોતા મિડલ ઈસ્ટ ત્રીજા વિશ્વયુદ્ધનું સાક્ષી બને તો નવાઈ નહીં. નોંધનીય છે કે, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં 9000થી વધુ લોકોના મોત નિપજ્યા છે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે 23મો દિવસ છે. ઈઝરાયલી આર્મી (IDF)એ ટેન્ક સાથે ગાઝાપટ્ટીમાં પ્રવેશીને હમાસનાં સ્થાનોને નિશાન બનાવી મોટા પાયે ઘાતક હુમલાઓ શરૂ કર્યા છે. દરમિયાન પેલેસ્ટિનિયનોએ દાવો કર્યો કે, ઈઝરાયલના સૈનિકોએ હમાસના આતંકવાદીઓનું એન્કાઉન્ટર પણ કર્યું હતું. હમાસે કબૂલ્યું કે ઈઝરાયલી સૈનિકોએ ગાઝાના બીત હનુન અને બુરીજ વિસ્તારો પર હુમલો કર્યો છે.

IDFએ કહ્યું હતું કે તેઓ ગાઝામાં જમીની હુમલાઓ વધારી રહ્યા છે. હવાઈહુમલા દરમિયાન પણ હમાસનાં અંડરગ્રાઉન્ડ ઠેકાણાંને ખાસ નિશાન બનાવવામાં આવી રહ્યાં છે. હુમલાને કારણે ગાઝા વિસ્તારમાં સંદેશવ્યવહાર ખોરવાઈ ગયો છે અને ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે.

દરમિયાનમાં વ્હાઈટ હાઉસના નેશનલ સિક્યુરિટીના પ્રવક્તા જ્હોન કિર્બીએ કહ્યું હતું કે 'અમેરિકા સ્વરક્ષણમાં ઈઝરાયેલ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પગલાંનું સમર્થન કરે છે અને તેઓ ઈઝરાયેલને રોકવાનું વિચારી રહ્યા નથી. કિર્બીએ કહ્યું કે અમેરિકા સતત ઈઝરાયેલ સાથે ચર્ચા કરી રહ્યું છે કે ગાઝામાં નાગરિકોની સુરક્ષા થવી જોઈએ, હમાસ દ્વારા અપહરણ કરાયેલા ઈઝરાયલી નાગરિકોની સુરક્ષિત વાપસી થવી જોઈએ. 'અમે શરૂઆતથી જ ઈઝરાયેલ સાથે સંપર્કમાં છીએ. અમે સામાન્ય નાગરિકોની ચિંતા કરીએ છીએ. ...અનુસંધાન પેજ નં. 6 પર



ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના 22મા દિવસે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બ્લીમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધને રોકવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવના પક્ષમાં 120 વોટ પડ્યા, જ્યારે 14 દેશે વિરોધમાં મતદાન કર્યું. ભારત સહિત 45 દેશે મતદાન કર્યું નથી. ભારત સિવાય જે દેશો મતદાનથી દૂર રહ્યા તેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, જાપાન, યુક્રેન અને યુકે જેવા દેશોનો સમાવેશ થાય છે.

### ઈરાનની સેનાએ 200 હેલિકોપ્ટર સાથે જંગની તૈયારી કરી

ઈઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે ઈરાનની સેનાએ 200 હેલિકોપ્ટર સાથે યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. ઈરાની મીડિયાએ આ જાણકારી આપી. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે મધ્ય પૂર્વમાં યુદ્ધની આશંકા વચ્ચે પૂર્વ આયોજિત કાર્યક્રમ મુજબ એસ્ફહાનમાં બે દિવસીય સૈન્ય અભ્યાસ શરૂ કર્યો હતો. ઈરાની સેનાના કમાન્ડર અમીર ચેશાકે ઈરાનના સરકારી મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું, 'આ મોક ડ્રિલ પાછળનો સમગ્ર હેતુ ઈરાનના દુશ્મનોને ચેતવણી આપવાનો છે. ઈરાન ખુલ્લેઆમ હમાસને સમર્થન આપી રહ્યું છે.

### ઈઝરાયેલનો હુંકાર : દરેક નાગરિક હથિયાર નિકળી પડે..

હમાસના હુમલાનો જડબાતોડ જવાબ આપી રહેલા ઈઝરાયેલે કાં અમે નહીં કાં હમાસ નહીં... ની ત્રાડ નાખીને આખરી જંગ હોય તેમ પોતાની એકએક નાગરિકોના હાથમાં બંદૂકો આપી દીધી છે. તેમનો ઉપયોગ કરવાની પ્રાથમિક તાલીમ પણ શરૂ કરી છે. નોંધનીય છે કે, ઈઝરાયેલમાં તમામ યુવાનો માટે લશ્કરી તાલીમ ફરિજયાત હોવાથી જેમણે આ તાલીમ લીધી છે. તેમને બંદૂકનો ઉપયોગ કરવામાં મુશ્કેલી નહીં પડે.

## ન્યૂઝ બ્રિફ

### ડુંગળીના ભાવમાં 57 ટકા વધારોઃ ભાવ રોકવા કેન્દ્રના પ્રયાસો...

ડુંગળીનો અખિલ ભારતીય સરેરાશ છૂટક ભાવ ૫૭ ટકા જેટલો વધીને પ્રતિ કિલો ૪૭ રુપિયા થઈ જતાં કેન્દ્ર મેદાનમાં ઉતર્યુ છે. કેન્દ્રએ ગ્રાહકોને રાહત આપવા માટે બધા રિટેલ માર્કેટમાં ડુંગળી પ્રતિ કિલો ૨૫ રુપિયાના ભાવે વેચવાનો નિર્ણય કર્યો છે. ડુંગળીનો પ્રતિ કિલો ભાવ વર્ષ અગાઉના સમાન સમયગાળા દરમિયાન ૩૦ રુપિયા હતો, જે હાલમાં વધીને પ્રતિ કિલો ૪૭ રુપિયા થઈ ગયો હોવાનું ગ્રાહક મંત્રાલયના આંકડા જણાવે છે. દિલ્હીમાં શુક્રવારે પ્રતિ કિલો ૪૦ રુપિયા હતો, જે વર્ષ અગાઉ ૩૦ રુપિયા હતો.

### છત્તીસગઢમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બે દિવસ ચૂંટણી પ્રચાર કરશે



ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરીષ્ટ નેતા રાહુલ ગાંધી આગામી દિવસોમાં છત્તીસગઢની મુલાકાતે જવાના છે. વાસ્તવમાં નકસલવાદી હુમલાઓથી ત્રસ્ત તેવાં આ રાજ્યમાં બે તબક્કામાં મતદાન યોજવું પડે તેમ છે. પહેલા તબક્કામાં તા. ૭મી નવેમ્બરે ૨૦ બેઠકો માટે મતદાન થશે. બાકીની ૭૦ સીટ માટે ૧૭ નવેમ્બરે મતદાન યોજાશે. ચૂંટણી પરિણામ તો દેશના અન્ય ૪ રાજ્યોમાં જેમ ૩જી ડિસેમ્બરે પરિણામો જાહેર થવાનાં છે. તે રીતે જ છત્તીસગઢમાં પણ ૩જી ડિસેમ્બરે પરિણામ જાહેર થવાનાં છે.

### ગીતા પ્રેસના ટ્રસ્ટીનું નિધન, CM યોગીએ શોક વ્યક્ત કર્યું...

ગીતા પ્રેસ ગોરખપુરના ટ્રસ્ટી બૈજનાથ અગ્રવાલનું 90 વર્ષની વયે નિધન થયું છે. તેઓ 1950માં ગીતા પ્રેસ ટ્રસ્ટમાં જોડાયા હતા. તેમણે 90 વર્ષની વયે શહેરના સિવિલ લાઈન્સ સ્થિત તેમના હરિઓમનગર સ્થિત નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમનું ટ્રસ્ટી તરીકે સન્માન કર્યું હતું.

### એશિયન પેરા ગેમ્સમાં ભારતે મેડલની સેન્ચુરી ફટકારી, રેસ ઈવેન્ટમાં ગોલ્ડ




ભારતીય ખેલાડીઓએ એશિયન પેરા ગેમ્સ 2023માં શાનદાર પ્રદર્શન કરતા 100મો મેડલ જીતી લીધી છે. દિલીપ ગાવિતે 400 મીટર રેસ ઈવેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. આ જીતની સાથે જ ભારતની મેડલ સંખ્યા 100 પર પહોંચી ગઈ છે. ભારતે 100 મેડલમાંથી 25 ગોલ્ડ મેડલ જીત્યા છે. જે બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને એથલીટોને શુભકામના પાઠવી હતી.

### વાંકી નજરે...

સૌજન્યથી...





## નવો ભારત ન્યાય સંહિતા ખરડો સંસદના શિયાળુ સત્રમાં રજુ કરાશે

■ પેટા સંસદીય સમિતિનો રિપોર્ટ આખરી તબકકામાં: સરકાર ખરડો મંજુર કરાવવા આશાવાદી

ગુજરાત વંદન

કેન્દ્રની મોદી સરકારે હવે ભારતીય પીનલ કોડ (આઈપીસી)ના સ્થાને નવો ભારત ન્યાય સંહિતા- બિલ તૈયાર કર્યુ છે અને તેમાં અંગ્રેજોના સમયથી ચાલ્યા આવતા નામ જ નહી પણ અનેક કાનુની જોગવાઈ પણ બદલી છે તે સંસદના શિયાળુ સત્રમાં મંજુર કરાવી લેવાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે આ સંકેત આપતા કહ્યું કે નવા ભારત ન્યાય સંહિતા પર હાલ સંસદીય સમિતિ વિચારણા કરી રહી છે અને ટુંક સમયમાં જ અહેવાલ સુપ્રત કરી દેવાશે. સરકાર તેને ખરડાનું સ્વરૂપ આપીને શિયાળુ સત્રમાં તે મંજુર કરાવવા આશાવાદી છે. આ ખરડાને લઈને મોટાભાગે સહમતી છે. હાલના ઈન્ડીયન પીનલ કોડ, ઈન્ડીયન એવીડન્સ એકટ તથા ક્રીમીનલ પ્રોસીજર કોડનું આસન આ ભારતીય ન્યાય સંહિતા લેશે.



જેનાથી કાનુન પર અંગ્રેજ પડછાયો પણ હવે રહેશે નહી. જો કે સરકારે જુના કાનૂનમાં દેશદ્રોહ જેવા સુપ્રીમની એરણે રહેલા કાનૂનને રદ કરવાની જાહેરાત કરી છે પણ તેના સ્થાને નવા કાનુનમાં શું જોગવાઈ છે તે અંગે કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી અને માનવામાં આવે છે કે રાજદ્રોહની વ્યાખ્યા બદલીને તેને રજુ કરશે.

## ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા

ગુજરાત વંદન

ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે, આજે વહેલી સવારે ભૂંકપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજીકલ સેન્ટરના જણાવ્યા અનુસાર 4.5ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ પહેલા સોમવારે પણ અહીં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા 4.3ની નોંધાઈ હતી. હાલ ભૂકંપને કારણે કોઈ જાનમાલ કે નુકસાનના સમાચાર નથી.


આ અગાઉ છ દિવસ પહેલા જ નેપાળ-ભારતના સરહદી વિસ્તાર તેમજ બિહારના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપના આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.3ની માપવામાં આવી હતી. જો કે ભૂકંપમાં કોઈ મોટી જાનહાનિ કે કોઈ નુકસાનના અહેવાલ ન હતા. બિહારના પટનાના ગાર્ડનીબાગ વિસ્તારમાં લોકો પોતાના ઘરની બહાર દોડી ગયા હતા, લોકોના કહેવા ...અનુસંધાન પેજ નં. 6 પર

## મુકેશ અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી, 20 કરોડ માંગ્યા

ગુજરાત વંદન

દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ અને રિલાયન્સ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણીને ધમકી મળી છે. અંબાણીને તેમના સત્તાવાર ઈમેલ આઈડી પર ધમકી મળી છે. તેમની પાસેથી 20 કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી છે. આ મેઈલ 27 ઓક્ટોબરે મોકલવામાં આવ્યો હતો. મુકેશ અંબાણીના સિક્યુરિટી ઈન્ચાર્જે મુંબઈના ગાંવદેવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે FIR નોંધી છે. તપાસ કરવામાં આવી રહી છે કે ધમકી આપનાર કોણ છે? "જો તમે અમને 20 કરોડ રૂપિયા નહીં આપો તો અમે તમને મારી નાખીશું, અમારી પાસે ભારતમાં શ્રેષ્ઠ શૂટર્સ છે." આ ઈમેલ મળ્યા બાદ, મુકેશ અંબાણીના સુરક્ષા ઈન્ચાર્જની ફરિયાદના આધારે પોલીસે આઈપીસીની કલમ 387 અને 506 (2) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર નોંધીને તપાસ




શરૂ કરી છે. દરમ્યાનમાં અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ વરસ પહેલા મુંબઈમાં અંબાણી પરિવારના નિવાસ સ્થાન એન્ટેલિયાના બહાર વિસ્ફોટક ભરેલી એક કાર મુકવામાં આવી હતી. જેના પગલે ભારે સનસનાટી મચી હતી અને તે વખતે પણ અંબાણી પરિવાર પાસેથી ખંડણી માંગવામાં આવી હતી. આ કેસમાં એક વ્યક્તિની હત્યા થઈ હોવાનું પણ બહાર આવ્યું હતું.

## રાજધાની દિલ્હીમાં દિવાળીના તહેવાર પહેલા જ હવા બની ઝેરી, પ્રદૂષણનું સ્તર 286 પર પહોંચ્યું

ગુજરાત વંદન

દેશની રાજધાનીમાં હવાની ગુણવત્તાનું સ્તર દિવસેને દિવસે સતત ખરાબ થઈ રહ્યું છે. પ્રદૂષણ સામે લડવાની તૈયારીઓને લગતા તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ચારે બાજુ ઝેરી ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ છે. રાષ્ટ્રીય રાજધાનીમાં દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર 286 પર પહોંચી ગયું છે.

દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર 286 પર પહોંચી ગયું છે. આ સાથે નોઈડામાં AQI



255 પણ નોંધવામાં આવ્યો હતો. હાલમાં હરિયાણાના ગુરુગ્રામ માં ઓછું પ્રદૂષણ છે. અહીં AQI લેવલ 200 સુધી પહોંચી ગયું છે, પરંતુ જેમ જેમ દિવાળી નજીક આવશે તેમ દિલ્હીમાં હવાની ગુણવત્તા વધુ બગડશે. એવું નથી કે દિલ્હી સરકાર પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસો નથી કરી રહી, પરંતુ તેના પ્રયાસો અપૂરતા જણાય છે. સરકારે ઘણી જગ્યાએ 'રેડ લાઈટ ઓન એન્જિન બંધ' પ્રોગ્રામ પણ શરૂ કર્યો છે. આ સિવાય સરકાર અને સત્તાવાળાઓએ પાણીના છંટકાવ માટે વિવિધ સ્થળોએ સ્મોગ ગન પણ લગાવી છે. આ સાથે અનેક મોબાઈલ સ્મોગ ગન પણ કામ કરી રહી છે, પરંતુ પ્રદૂષણ ઘટાડવા ના કોઈ સંકેત દેખાતા નથી.

## સિંગાપોરમાં દુષ્કર્મના કેસમાં ભારતીય યુવકને 16 વર્ષની સજા

■ ચુકાદો આવતા ચાર વર્ષ લાગ્યા હંટરના 12 ફટકા પણ લગાવશે..

ગુજરાત વંદન

સિંગાપોરની એક અદાલતે 26 વર્ષીય ભારતીયને 2019માં યુનિવર્સિટીની વિદ્યાર્થીની પર બળાત્કાર ગુજારવા બદલ 16 વર્ષની જેલ અને 12 ફટકા મારવાની સજા ફટકારી છે. સિંગાપોરના અખબાર ટુડેએ અહેવાલ આપ્યો છે કે યુનિવર્સિટીની વિદ્યાર્થિની મોડી રાત્રે બસ સ્ટોપ પર બસની રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ચિનૈયા નામનો ભારતીય યુવક ત્યાં સફાઈકર્મી તરીકે કામ કરતો હતો.પ્રાપ્ત માહિતી પ્રમાણે બસ સ્ટોપ પર પહોંચ્યા બાદ આરોપી ચિનૈયાએ પહેલા વિદ્યાર્થિની સાથે ખોટો ઈશારો કર્યો, પછી તેને માર્યો, છોકરીને ઝાડીઓ તરફ ખેંચી ગયો અને તેની સાથે બળાત્કાર કર્યો. આ બળાત્કાર 4 મે 2019ના રોજ થયો હતો. ચુકાદો આવતા ચાર વર્ષ લાગ્યા હતા.

## ગન કલ્ચરઃ 22 નિર્દોષોની હત્યા કરનારે આખરે કરી આત્મહત્યા

ગુજરાત વંદન

અમેરિકાના લેવિસ્ટન શહેરમાં બુધવારે અંધાધૂંધ ગોળીબારનો આરોપી લિસ્બન શહેરના જંગલમાંથી મૃત હાલતમાં મળી આવ્યો હતો.

સીએનએન અનુસાર, 40 વર્ષીય શંકાસ્પદ વ્યક્તિએ પોતાને માથામાં ગોળી મારી હતી. ફાયરિંગમાં 22 લોકોના મોત થયા હતા અને 60લોકો ઘાયલ થયા હતા. ગોળીબાર પછી તે ભાગી ગયો હતો.

## શાહ આજે મહાકાલની નગરીમાં, જાહેર સભા- રોડ શોનું આયોજન

■ 26 વિધાનસભાના અધિકારીઓ અને પક્ષના કાર્યકરો સાથે ચૂંટણી ચર્ચા કરી

ગુજરાત વંદન

એમપી ચૂંટણીની તારીખોની જાહેરાત બાદથી રાજ્યમાં ચૂંટણીની ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે છે. આ દરમિયાન ચૂંટણીની રણનીતિ પર ચર્ચા કરવામાં આવશે. ગૃહમંત્રી ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર અને રીવા ક્ષેત્રના ઘણા નેતાઓ સાથે બેઠક કરશે અને તેમની સાથે ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે (29 ઓક્ટોબર) આખો દિવસ ઉજ્જૈનમાં વિતાવશે. તેઓ ઉજ્જૈનમાં મહાકાલની મુલાકાત



લેશે. આ ઉપરાંત ગૃહમંત્રી શાહ અહીં રોડ શો પણ કરશે.

તેમના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, ગૃહ પ્રધાન અમિત શાહ શનિવારે (28 ઓક્ટોબર) ના રોજ ખજુરાહો, સાગરમાં એક બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠક દરમિયાન ગૃહમંત્રી શાહ 26 વિધાનસભા મતવિસ્તારના અધિકારીઓ અને પક્ષના કાર્યકરો સાથે ચૂંટણી ચર્ચા કરી હતી. આ પછી ગૃહમંત્રી અમિત શાહ રીવા અને શહડોલ વિસ્તારમાં ચૂંટણી સભા સંબોધી હતી. રવિવારે (29 ઓક્ટોબર) ગૃહ પ્રધાન શાહ ઉજ્જૈન જશે, જ્યાં તેઓ મહાકાલ મંદિરના દર્શન કરશે અને પછી રોડ શો કરશે.

### સુરતમાં સામૂહિક આપઘાતની હચમચાવી દેતી ઘટના

## અડાજણમાં 7 લોકોએ સામૂહિક આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું

ગુજરાત વંદન

સુરતના અડાજણમાંથી સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. એક જ પરિવારના 7 લોકોએ સામૂહિક આપઘાત કરતા અરેરાટી વ્યાપી ગઈ છે. હાલ પરિવારના સામૂહિક આપઘાત પાછળનું કારણ અકબંધ છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરત જિલ્લાના અડાજણ વિસ્તારમાં પાલનપુર જકાતનાકા વિસ્તારનો છે, જ્યાં સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. ઝેરી દવા ગટગટાવી પરિવારે સામૂહિક આપઘાત કર્યો છે. પતિ-પત્ની, માતા-પિતા અને એક બાળક અને બે બાળકી સાથે સામૂહિક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. 6 સભ્યોએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું છે. જ્યારે એક સભ્યએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે.



તો એકસાથે 7 લોકોના આપઘાત કરવા પાછળનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

આ અંગેની જાણ પોલીસને થતાં અડાજણ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી છે. હાલ પોલીસ દ્વારા મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજુ બાજુ પોલીસકર્મીઓ દ્વારા આજુબાજુમાં રહેતા લોકોની અને પરિવારજનો પૂછપરછ કરવામાં આવીરહીછે

### દેવી-દેવતાઓનાં 8 ટેન્ટ સહિત 13 તંબુ બળીને ખાખ

## હિમાચલમાં કુલ્લુ દશેરામાં ઉત્સવમાં ભીષણ આગમાં બે જીવતા ભૂંજાયા

■ કુલ્લુ દશેરાના ઈતિહાસમાં પહેલીવાર આ ઘટના બની

ગુજરાત વંદન

હિમાચલમાં આંતરરાષ્ટ્રીય કુલ્લુ દશેરા ઉત્સવ દરમિયાન દેવી-દેવતાઓ માટે બનાવવામાં આવેલા પંડાલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેના કારણે દેવી-દેવતાઓનાં 6 ટેન્ટ સહિત કુલ 13 ટેન્ટ અને પાંચ દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી. જ્યારે બે લોકો આગમાં જીવતા ભડથું થઈ ગયા છે.

ઘટનાની માહિતી મળતાની સાથે જ ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી ગયું હતું અને સવારે 4.30 વાગ્યા સુધીમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો.

દેવી-દેવતાઓના તંબુઓની સાથે પાર્કમાં પાર્ક કરેલી એક કાર પણ સળગી ગઈ હતી. અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓએ ભારે જહેમતથી દેવી-દેવતાઓના રથને તંબુમાંથી બહાર કાઢ્યા હતા. તમામ ભગવાનના રથ આગમાંથી બચી ગયા.

હવે જે દેવી-દેવતાઓના તંબુઓ બળી ગયા હતા તે હવે કોર્ટ પરિસરમાં ખુલ્લા આકાશ નીચે રાખવામાં આવ્યા છે. કુલ્લુ દશેરાના ઈતિહાસમાં પહેલીવાર અથર કર્દુ મહિનામાં દેવી-દેવતાઓના કામચલાઉ કેમ્પમાં આગ લાગવાની ઘટના બની છે. આગ ઓલવતી વખતે કેટલાક પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજાઓ પણ થઈ હતી.

## પાલનપુર બ્રિજ તૂટ્યા બાદ કેબિનેટમાં ચર્ચા- નાણામંત્રીની જાહેરાત

# તબેલામાંથી ઘોડા નાસી છૂટ્યા બાદ તાળાં: સરકારી ઠેકામાં કોઈની ભલામણ નહીં ચાલે...

■ ચૂંટણી ફંડ આપવાથી કોન્ટ્રાક્ટ મળ્યો છે તે વાત તદ્દન ખોટી હોવાનો પણ દાવો

ગુજરાત વંદન

પાલનપુર બ્રિજ દુર્ઘટના મામલો હાલ ગુજરાતભરમાં ગાજી રહ્યો છે ત્યારે પાલનપુર બ્રિજ મુદ્દે રાજ્ય સરકાર પ્રવક્તા કનુભાઇ દેસાઇનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓએ કામની ગુણવત્તાનું ધ્યાન રાખવા મામલે ટકોર કરી હતી. વધુમાં ઓછા ભાવમાં ટેંડર આવવા કે કોઈની ઓળખાણ બાબતે ધ્યાન ન લેવા પણ સૂચના અપાઈ છે. તથા ચૂંટણી ફંડ આપવાથી કોંટ્રાક્ટ મળ્યો છે તે વાત તદ્દન ખોટી હોવાનો પણ દાવો કર્યો છે. કોન્ટ્રાક્ટ સેન્ટરની એજન્સી પ્રમાણે ટેન્ડર મળ્યું છે. જેમાં આમા ગુજરાત સરકાર સાથે કોઈ લેવાદેવા નથી. પરંતુ આવા બનાવ બનતા હોય છે જેથી સારા કોંટ્રાક્ટરોને પણ ઉત્સાહ ન તૂટે તે માટે રાજ્ય સરકાર આવા બનાવને લઈ ચોક્કસ નીતિ બનાવશે. તેવું જણાવ્યું હતું. પાલનપુર બ્રિજમાં 4 ગડર ગોઠવાઈ હતી પાંચમી ગોઠવાઈ રહી હતી તે દરમ્યાન બ્રિજ તૂટ્યો હોવાની વાતનો ફોળ પાડ્યો હતો.

પાલનપુર બ્રિજ મુદ્દે રાજ્ય સરકાર પ્રવક્તા કનુભાઈ દેસાઈએ વધુમાં કહ્યું કે કેબિનેટ બેઠકમાં CM ભૂપેન્દ્ર પટેલે પાલનપુર બ્રિજ મુદ્દે ચર્ચા કરી છે અને ટેન્ડર બાબતે સૂચનો આપ્યા છે. સાથે જ કામની ગુણવત્તા જળવાઈ રહે તેના પર



ધ્યાન કેન્દ્રીત કરવા સબંધિત અધિકારોને ખાસ જણાવ્યું હતું. પાલનપુરની ઘટના અંગે ગંભીરતાથી લઈ ઓછા ભાવમાં ટેંડર આવવા કે કોઈની ઓળખાણ બાબતે ધ્યાન ન લેવા પણ તાકીદ કરાઈ છે. મહત્વનું છે કે બનાસકાંઠા જિલ્લામાં નિર્માણધિન બ્રિજના સ્લેબ ધરાશાયી થયો હતો. પાલનપુરના RTO સર્કલ પાસે નિર્માણાધિન બ્રિજના 5 જેટલા સ્લેબ તૂટી પડતા દુર્ઘટનામાં 2 લોકોના મૃત્યુ થયા હતા. બ્રિજ બનાવી રહેલી કંપનીના સાત ડિરેકટરો અને એન્જિનિયરો મળી 11 સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં બાદના નિર્ણય અંગે કનું દેસાઈએ કહ્યું કે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની કલમ-૩૬માં સાર્વજનિક ટ્રસ્ટની કોઈપણ સ્થાવર મિલકત વેચાણ, ગીરો, વિનિયમ કે ભાડાપટ્ટે અથવા બક્ષિસથી તબદીલ કરવા અંગેની જોગવાઈમાં સુધારો કરી આ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક કરવાનો નિર્ણય કરવામાં આવ્યોછે

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### ડોલરિયા દેશમાં મોત કેટલું સસ્તુ...! કોઇ ભી હાલતાં-ચાલતાં ધાંય...ધાંય...ખેલ ખતમ...!

અમેરિકા જવાનું કોન ન ગમે. કોઈપણ ભોગે અમેરિકા જવા માટે ઉત્તર ગુજરાતમાં એક સમુદાય જગવિખ્યાત છે. ગેરકાયદે



વિઝા અને ગેરકાયદે અમેરિકામાં પ્રવેશ માટે જમીનનો એક ટુકડો વેચ્યો અને ચલ મનવા ડોલર કમાવવા....!

એક ગરબામાં ગવાયું છે ને કે ડોલર કમાય...ઉમિયા માના ગુણલા ગાતા જાય....પણ એ ડોલરિયા દેશમાં જિંદગી કેટલી સસ્તી છે એ જ્યારે ગન કલ્ચરની બંદૂક ધાંય...ધાંય...ગોળીઓ નિકળે અને કેટલાય નિર્દોષોની જિદગીઓ કારણ વગર, કોઈની ખરાબ માનસિક સ્થિતિના કારણે ખતમ થઈ જાય...ત્યારે સમજાય...

એટલુ સારૂ છે કે આ ગન કલ્ચરની ઘટનામાં ગુજરાતીઓ કે ભારતીય સમુદાયના લોકો મોટી સંખ્યામાં ભોગ બન્યા નથી. કોઈ એકલ દોકલ ઘટનામાં અડફેટે ચઢી ગયા હોય તો મામલો પૂરો...આવી ઘટના બને ત્યારે ઉત્તર ગુજરાતમાં કોઇ પરિવાર વળી વિચારે-ના..ના રહેવા દો ..નથી જવુ ડોલર રળવા...અહીં જ બરાબર છે.ચટણી રોટલી ખઈશું પણ અમેરિકા નહીં..કોઇ મારી નાંખે તો...?

પણ થોડાક દિવસ થાય એટલે ડોલરના શમણાં આવે...! આવો.... પધારો....અને વળી પાછી ગેરકાયદે વિઝાની કાર્યવાહી શરૂ થાય... અમેરિકા જવુ ન જવુ એ જનારના હાથમાં છે. પણ અમેરિકામાં જ્યાં સુધી બંદૂક છે ત્યાં સુધી ગન કલ્ચરમાં હાલમાં જેમ 22 મરી ગયા તેમ 220 પણ મરી જશે કે મારી નાંખશે...એમાં કોઇ બેમત નથી.

જે દેશમાં 33 કરોડની વસ્તી કરતાં બંદૂકોની સંખ્યા 40 કરોડ હોય ત્યાં જિંદગીની સલામતિ ઉપરવાળાના હાથમાં નહીં પણ કોઇ સનકી-પાગલ-સિરફિરા બંદૂકવાલે કે હાથ મેં હૈ...નજર ન પડી તો બચ્યા અને નજરે પડ્યા તો જમીન પર ઢીમ ઢળ્યા..! તારે જમીન પર નહીં... પણ સારે કે સારે જમીન પર...!!

### ફિઝા બતા રહી હૈ....ત્યૌહાર આનેવાલે હૈ... જરા સા ઝુમ લું મૈં...

કુદરતનો કરિશ્મા અદભૂત છે. વાતાવરણ, હવામાન, ઈકોસિસ્ટમ




અને કંઈક એવુ પરિવર્તન ધીમે ધીમે આપણી આસપાસ થાય કે આપણને એમ લાગે કે ઓહ...નવરાત્રિ પણ આવી ગઈ...ઓહ... લ્યો દિવાળી પણ આવી ગઈ...નવુ વર્ષ પણ શરૂ થઇ ગયું...અને વળી પાછુ જીવનની ઘટમાળ રાબેતા મુજબ....

વાર-તહેવાર, રંગચાવ-ઉત્સવ-ભાવ, આનંદ ઉલ્લાસ અને ભાવ વિભોર આ બધી મનની ભાવનાઓ જો ન સળવળે તો માનજો કે બાપુ, લોચા હૈ...!! અલબત આ બધા વાર તહેવાર ઉત્સવો પૈસાવાળા માટે છે. જેઓ આવા ઉત્સવોમાં લાખોના ફટાકડાં ફોડી નાંખે પણ પડોશની ઝુપડપટ્ટીમાં જઈને વધેલુ ભોજન પણ આપવાનું ન સુઝે તો માનજો કે બાપુ, લોચા હૈ...!!

દુનિયાના દરેક ધર્મમાં માનવી માટે સમયાંતરે જીવનની ઘટમાળમાંથી થોડોક સમય ફાળવીને ઘર પરિવાર-સમાજ-સમુદાય સાથે આનંદ મંગળની વેળા વિતાવી શકે તેવી કરેલી વ્યવસ્થા એટલે ધાર્મિક ઉત્સવો પછી નાતાલ હોય, ઈદ હોય કે બેસતુ વર્ષ હોય કે દેવદિવાળી હોય.... તો ચલ મનવા.... જરા સા ઝુમ લું મૈં....આજ ફિર જિને કી તમ્ન્ના હૈ......!!

### મહુવા.., યે ક્યા હુવા...કબ હુવા...કૈસે હુવા....?! મોઇત્રા તો ગઇ...?

મહુવા મોઈત્રા. ટીએમસી પાર્ટીના ખૂબસુરત સાંસદ. સંસદમાં બોલે



ત્યારે સત્તાપક્ષવાળા પણ કાન દઈને તેમનું સંબોધન સાંભળે એવુ સડસડાટ અંગ્રેજીમાં અને મિક્સ હિન્દીમાં બોલે. બંગાળી મહુવા કે સાથ ઐસા હુવા કી એના મિત્રે જ એવુ કર્યું કે મહુવાએ આપેલા પાસવર્ડ- લોગિનના ઉપયોગ કરીને અંબાણી...સોરી, અદાણી વિષેના પ્રશ્નો સરકારને પૂછ્યા અને સાંસદ પર આરોપ લાગ્યો કે મહુવાએ પૈસા લઈને અદાણી અંગેના સવાલો સંસદમાં પૂછ્યા છે...!

કેશ ફોર ક્વેરી એવુ રૂડુ રૂપાળુ નામ આપવામાં આવ્યું છે. પ્રશ્ન કે બદલે મેં પૈસા...! મામલો સંસદની એથિક કમિટિ સુધી પહોંચ્યો અને 4 નવે.ના રોજ મહુવા કમિટિને કહેશે - યે ક્યા હુવા...કબ હુવા..ક્યું હુવા... જો હુવા.. વો હુવા...મૈં કી કરાં....જેના પર વિશ્વાસ મૂકીને સંસદમાં સવાલ પૂછવા માટે ઈ-મેઈલના પાસવર્ડ-લોગિન જેને આપ્યા એના માથે બંદૂક મૂકીને આ બધુ કરાવવામાં આવ્યું છે જેથી હું અદાણી અંગે સંસદમાં કોઈ સવાલ ન પૂછી શકું...થેટસ ઓલ મિલોર્ડ....!

બની શકે કે મહુવાને ઠપકો આપીને હવે પછી મિત્રની પસંદગીમાં ધ્યાન રાખજે એમ કહીને જવા દેવાય...બની શકે કે તેમનું સંસદસભ્ય પદ રદ્દ કરી દેવાય..અને મામલો પહોંચે અદાલતમાં....ફરીને સવાલ- તેરા ક્યા હોગા મહુવા....?

-પ્રવીણ ઘમંડે

પાટનગરમાં હવે આગ ઓલવાનું પણ મોંઘુ થયું...

# કોમર્શિયલ એકમોમાં આગના કિસ્સામાં મનપા ફાયર બ્રિગેડનો ચાર્જ વસૂલશે

■ દર કલાકના 200 રૂપિયા લેખે ચાર્જ વસૂલવામાં આવશે

ગુજરાત વંદન

ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા વિસ્તારોનો સમાવેશ થયા બાદ ફાયર બ્રિગેડની કામગીરીમાં પણ વધારો થતાં ફાયર વિભાગનું પણ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. બીજીતરફ ફાયર બ્રિગેડને મળતા આગ અકસ્માતના કોલમાં અત્યારસુધી નિશુલ્ક સર્વિસ આપવામાં આવે છે પરંતુ હવે વાણિજ્ય અને ઔદ્યોગિક એકમોમાં આગ અકસ્માત વખતે કામગીરી બદલ ચાર્જ વસૂલવાનો નિર્ણય મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. આ મામલે શુક્રવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકનું ફાયર બ્રિગેડ આગ, અકસ્માત, પાણીમાં ડૂબવા, રેસ્ક્યુ સહિતની ઈમરજન્સી સર્વિસની કામગીરી સંભાળે છે. શહેરમાં કોઈપણ કોલ હોય ત્યાં ફાયર બ્રિગેડ વિનામૂલ્યે સર્વિસ આપે છે. બીજીતરફ અન્ય શહેરોનો અભ્યાસ અને કેટલાક પરિબળો ધ્યાને લેવામાં આવતા ઔદ્યોગિક એકમો



અને કોમર્શિયલ એકમોમાં જે કોલ આવે છે ત્યાં ચાર્જ વસૂલવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે ફાયર બ્રિગેડ દ્વારા દર કલાકના 200 રૂપિયા લેખે ચાર્જ વસૂલવામાં આવશે. તે ઉપરાંત ફાયરના જવાનોના તેમના સંવર્ગ પ્રમાણે પ્રતિ કલાકના રૂ. 10થી રૂ. 20નો ચાર્જ વસૂલવામાં આવશે. આગ ઓલવવા માટે વપરાયેલા પાવડર ફોર્મ વગેરે સામાનનો પણ નિયત દર વસૂલવામાં આવશે.

આ જ પ્રકારે આગ અકસ્માતની મોટી ઘટના વખતે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની બહારની હદમાં પણ ફાયર બ્રિગેડને બોલાવવામાં આવે છે. આથી હવે વિસ્તાર બહારના કોલમાં પણ પ્રતિ કિલોમીટર રૂ. 200 લેખે ચાર્જ વસૂલવામાં આવશે તેમજ કર્મચારીઓનો ચાર્જ પણ વસૂલાશે. સરકારી બંદોબસ્તમાં ફાયરની સેવા નિશુલ્ક રહેશે જ્યારે ખાનગી બંદોબસ્તમાં પ્રતિ કલાકના 200 રૂપિયા લેખે ચાર્જવસૂલવામાં આવશે.

ઉમેદવારો 10 નવેમ્બર સુધી અરજી કરી શકશે

## ગાંધીનગર જિલ્લાના અલગ યુનિટોમાં હોમગાર્ડઝમાં ભરતી

ગુજરાત વંદન

ગાંધીનગર જિલ્લાના અલગ-અલગ યુનિટોમાં હોમગાર્ડઝની ભરતી કરવામાં આવશે. માનદ સેવા આપવા ઈચ્છતા ઉમેદવારો લાગુ પડતા વિસ્તારના 8 કિ.મી ત્રિજ્યામાં આવતા યુનિટોના પોલીસ સ્ટેશન ખાતે 27 ઓકટોબરથી 10 નવેમ્બર સુધી અરજી કરી શકશે.

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝના તાબાના યુનિટો માટે 108 પુરુષ, 6 મહિલા મળી કુલ - 114 હોમગાર્ડઝની ભરતીનું ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝની કચેરી દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝના ઈન્ચાર્જ જિલ્લા કમાન્ડન્ટનાં જણાવ્યા અનુસાર લાગુ પડતા વિસ્તારના 8 કિ.મી ત્રિજ્યામાં આવતા યુનિટોના



જમા કરાવવાનું રહેશે. ભરતી અંગેની વધુ માહિતી તેમજ ભરતી ફોર્મ હોમગાર્ડઝ દળની વેબસાઈટ https://homeguards.gujarat.gov.in પર મૂકવામાં આવ્યા છે. જેને કાળજીપૂર્વક વાંચીને અરજી કરવાની રહેશે. ગાંધીનગરના જિલ્લાના ચિલોડા, ડભોડા, મોટી આદરજ, ઉવારસદ, ઉનાવા, દહેગામ, રખિયાલ, કલોલ, માણસા અને ગાંધીનગર યુનિટમાં ખાલી રહેલી હોમગાર્ડઝની વિવિધ જગ્યા માટે આ ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે.


# આર્થિક બોજ: ધો. 10-12ની પરીક્ષા ફીમાં 10 ટકાનો વધારો

■ એકસાથે લાખો વિધાર્થીઓને થશે અસર

ગુજરાત વંદન

ગાંધીનગર શિક્ષણ બોર્ડે ધોરણ 10 અને 12ની પરીક્ષા ફીમાં વધારો કર્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા ફીમાં 10 ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. પરીક્ષા ફીમાં વધારો થવાથી લાખો વિધાર્થીઓને અસર થશે. ધોરણ 10-12 સાયન્સ અને કોમર્સની પરીક્ષા ફીમાં કેટેગરી વાઈઝ વધારો કરવામાં આવ્યો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા ફીમાં વધારા વિશે વિગતવાર વાત કરીએ તો ધોરણ 10ની ફી 355 રૂપિયાથી વધારીને 399 રૂપિયા કરવામાં આવી છે. ધોરણ 10માં કુલ 13



કેટેગરી આવેલી છે. કેટેગરી વાઈઝ લઘુત્તમ રૂ.15થી 40 સુધીનો વધારો કરાયો છે. જ્યારે ધોરણ 12 સાયન્સમાં નિયમિત ફી રૂ.655થી વધારી રૂ.665 કરાઈ છે. તો ધોરણ 12 કોમર્સમાં નિયમિત ફી રૂ.490થી વધારીને રૂ.540 કરાઈ છે. ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર થઈ ગઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. જે મુજબ ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષા 11 માર્ચથી 26 માર્ચ 2024 દરમિયાન લેવાશે.

આ પરીક્ષા નવી શિક્ષિણ નીતિ મુજબ લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડાન સચિવ એન.જી વ્યાસ દ્વારા જાહેર કરવામાં આવેલ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે. ધોરણ 10 (SSC), સંસ્કૃત પ્રથમા અને ધોરણ 12 (HSC) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની માર્ચ- 2024ની પરીક્ષા તારીખ 11/03/2024થી તારીખ 26/03/2023 દરમિયાન લેવામાં આવશે.

## સેક્ટર-7એ વસાહત મંડળે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજ્યો

ગુજરાત વંદન

સેક્ટર-7એ વસાહત મંડળ દ્વારા દશેરા મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શસ્ત્ર પૂજન ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું જ્યારે વડીલોનું સન્માન કરાયું હતું. નવરાત્રી દરમિયાન ગરબે ઘૂમનાર તથા વિજેતા થનાર બહેનોને અને આ દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે નારાયણભાઈ મોદી, એચ.એમ.પટેલ, ડો. ગૌરાંગ થાનકી, બી.એન.શ્રીવાસ્તવ, પ્રમુખભાઇ પટેલ અને અશોકભાઇ પટેલે હાજરી આપી હતી.

## ગુજરાતની એસ.ટી બસોમાં હવે ઓનલાઈન પેમેન્ટ થઈ શકશે



■ ST બસોમાં છુટ્ટા પૈસાની માથાકૂટમાંથી મળશે છુટકારો

ગુજરાત વંદન

એસટી બસમાં મુસાફરી કરતા સમયે છુટ્ટા પૈસાને લઈને બસ કંડક્ટર સાથે ઘણી વખત મુસાફરોને માથાકુટ થતી હોવાના અનેક કિસ્સાઓ સામે આવતાં હોય છે. ત્યારે હવે કંડક્ટર અને મુસાફરો વચ્ચે છુટ્ટા પૈસાને લઈને યુપીઆઈ થતો કકળાટ બંધ થઈ જશે. એસટી બસમાં UPIથી પેમેન્ટ કરવાનો પ્રારંભ થઈ ગયો છે. હવેથી મુસાફરો બસમાં ક્યુઆર કોડ બેઠા પછી સ્વાઈપ કરીને પણ ટીકિટ લઈ શકશે. એસટી બસમાં ડિજિટલ પેમેન્ટ સુવિધા ઉભી કરતા કંડક્ટરોને પણ રાહત મળશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એસટી નિગમની આજે 40 બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર એસટી ડેપોમાંથી લીલીઝંડી બતાવીને નવી બસોનું લોકાર્પણ કર્યું હતું. તેમણે કહ્યું હતુ કે, એક વર્ષમાં એસટી વિભાગમાં નવી બસો સામેલ કરવામાં આવી છે. દરેક બસમાં મુસાફરોને સારી સુવિધાઓ મળશે. આવનારા વર્ષમાં નવી બે હજાર જેટલી બસો લાવવામાં આવશે. એસટી નિગમની બસોમાં નવા બે હજાર UPI મશીન આપવામાં આવ્યાં છે.

વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં ફરવા લાયક સ્થળો અને ધાર્મિક સ્થળો પર આગામી સમયમાં દિવાળીનો તહેવાર હોવાથી એસટી વિભાગ મુસાફરોની સુવિધાઓને લઈને તૈયાર થઈ ગયો છે. એસટી નિગમ દ્વારા ટુ સિટર બસ બનાવવામાં આવી છે. જેમાં 40 બસ પૈકી અમદાવાદને 15 અને મહેસાણાને 7 બસો ફાળવવામાં આવી છે. વડોદરાને 10, ગોધરાને 6 અને ભરૂચને બે બસો ફાળવાઈ છે.

# ગુણોત્સવનું પરિણામ સુધારવા માટે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો

■ શિક્ષણને સુધારવાની અનેક યોજનાઓ છતાં માત્રને માત્ર સરકારી કાગળ ઉપર સુધારો

ગુજરાત વંદન

છેલ્લા ત્રણ વર્ષના ગુણોત્સવના પરિણામનો અભ્યાસ કરીને વિષયવાર અને કયા મુદ્દા ઉપર નબળાઇ છે. તે શોધીને દુર કરવા શિક્ષણ વિભાગે કવાયત હાથ ધરી છે. તેનાથી આગામી ગુણોત્સવનું પરિણામ સુધારવા માટે શિક્ષણ વિભાગે હેન્ડ હોલ્ડિંગથી શાળા વાઈઝ એક્શન પ્લાન તૈયાર કરાશે.

સરકારી પ્રાથમિક શાળાના કથળતા શિક્ષણને સુધારવાની અનેક યોજનાઓ છતાં માત્રને માત્ર સરકારી કાગળ ઉપર સુધારો જોવા મળે છે. જ્યારે વાસ્તવિક્તામાં ધોરણ-૭માં જતા વિદ્યાર્થીઓને વાંચતા, લખતા અને ગણતા પણ આવડતું નથી. ત્યારે પ્રાથમિક શાળાની કથળતી જતી શિક્ષણની સ્થિતિની પાછળ શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરી સોંપવાની નીતિ પણ મુખ્ય ભાગ ભજવી રહ્યું હોવાની ચર્ચા શિક્ષકોમાં જોવા મળી રહી છે. ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સવનું પરિણામ સુધારવા માટે હેન્ડ હોલ્ડિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.

2024માં યોજાનારી વાઇબ્રન્ટ સમિટની 10મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે

# ગુજરાત સરકાર અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે 7,460 કરોડના MoU

ગુજરાત વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪ માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦ મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથે MoUનો ઉપક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૩૯ MoU રૂ. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શ્રૃંખલામાં આગળ વધતા રાજ્યમાં સ્માર્ટ એન્ડ સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગે પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વાર્ધ રૂપે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મહત્વપૂર્ણ MoU આ સપ્તાહે યોજયેલી કડીમાં કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૮ જેટલા ડેવલપર્સ દ્વારા રાજ્યના અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરમાં કોમર્શિયલ પ્રોજેક્ટસ, કોમર્શિયલ એન્ડ્ રેસીડેન્સીયલ પ્રોજેક્ટસ માટે કુલ રૂ. ૭૪૫૯.૬૮ કરોડના MoU શહેરી વિકાસ વિભાગ સાથે કરવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટસ પર સત્વરે કામ શરૂ થશે અને સંભવત ૨૦૨૬ થી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે એટલું જ નહિ તેમાં અંદાજે ૪,૭૫૦ જેટલા લોકોને રોજગાર અવસર મળવાની સંભાવના છે. ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે અનેક મોટા રોકાણો તથા ઔદ્યોગિક પ્રોજેક્ટસ આવ્યા છે. પરિણામે રાજ્યના મહાનગરોમાં વર્લ્ડક્લાસ સુવિધાઓ વિકસે તથા અન્ય કોમર્શિયલ અને રેસીડેન્સીયલ ફેસેલીટીઝ પણ સમયની માંગ અનુરૂપ અદ્યતન બને તેવી અપેક્ષાની આપૂર્તિ માટે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે થયેલા આ MoU નિર્ણાયક બની રહેશે.

તદઅનુસાર, મોટી ઈમારતો અને લાર્જ સ્કેલ હાઉસીંગ પ્રોજેક્ટસના નિર્માણ ક્ષેત્રે અનુભવી ડેવલપર્સ અને બાંધકામ ઉદ્યોગની તજજ્ઞતાનો લાભ રાજ્ય સરકારને મળશે.

## કળશ યાત્રા રથનું ગાંધીનગર મનપા દ્વારા સ્વાગત

ગુજરાત વંદન

દેશભરમાં મારી માટી મારો દેશ કાર્યક્રમ હેઠળ અમૃત કળશ યાત્રા યોજાઇ રહી છે. તા. 24 થી 26 ઓક્ટોબર 2023 દરમિયાન આ કળશ યાત્રા રથ રાજ્ય કક્ષાએ પહોંચશે. “મેરી માટી, મેરા દેશ” અંતર્ગત નીકળેલ અમૃત કળશ યાત્રાનો રથ ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી આવી પહોંચ્યો હતો. માનનીય ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ તથા અન્ય અધિકારીઓ તથા કર્મચારી મિત્રોએ સ્વાગત કર્યું હતું. યાત્રા 29 થી 30 ઓક્ટોબર ૨૦૨૩ દરમિયાન નવી દિલ્હી પહોંચશે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કક્ષાએ કાર્યક્રમનું આયોજનકરવામાં આવશે.

એક તરફનો રોડ નવો બની ગયો, જ્યારે બીજી તરફ ગાબડાં યથાવત

# ગુડા દ્વારા એક જ રોડની એક સાઈડ અલગ એજન્સીને, બીજી સાઈડનું કામ બીજી એજન્સીને સોંપવામાં આવ્યું

ગુજરાત વંદન

ન્યૂ ગાંધીનગરમાં રસ્તાની સ્થિતિ ખરાબ છે અને કરોડો રૂપિયાના ફ્લેટ તથા બંગલોમાં રહેતા લોકો ઘરની બહાર નીકળતાની સાથે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ટીપી-૭ વિસ્તાર તો સત્તાધીશોનો ઉપેક્ષિત રહ્યો હોય તેવી સ્થિતિ છે. આ વિસ્તારમાં ગુડા દ્વારા રોડ સુધારણાના કામ શરૂ કરવામાં આવ્યા છે પરંતુ શહેરમાં સૌથી મોડેલ રોડ બનાવવાનો હોય તે પ્રકારે એક સાઈડનો રોડ રિસર્ફેસ થયો છે અને બીજી સાઈડ પર ખાડા યથાવત રહ્યા છે.

ગુડા દ્વારા એક જ રોડની એક સાઈડ અલગ એજન્સીને અને બીજી સાઈડનું કામ બીજી એજન્સીને સોંપવામાં આવ્યું હોવાથી આ વિચિત્ર સ્થિતિનું નિર્માણ થયું છે. ગુડાના સૂત્રો કહે છે કે કામ ઝડપી થાય તે માટે અલગ અલગ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે પણ સ્થિતિ એવી થઈ છે કે એક એજન્સીએ કામ શરૂ કરી દીધું છે જેથી રોડ બની રહ્યા છે પણ બીજી સાઈડ જે એજન્સીને સોંપાઇ છે તેણે કામ શરૂ નહીં કરતા એ સાઈડના રોડ યથાવત રહી ગયા છે. પરિણામે વસાહતીઓને તો એની એ જ મુશ્કેલી યથાવત રહી છે. ગુડા દ્વારા મોનિટરિંગ કરવામાં નહીં આવતું હોવાથી આ સ્થિતિનું નિર્માણ થયું છે.વિહાન ચાર રસ્તા સુધી ના રોડનું કામ કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવતું નથી તેમજ બીજી એજન્સી દ્વારા જે રોડનું કામ મળ્યું



છે તે પૂર્ણ કરવામાં આવ્યું છે ટીપી 9 વિસ્તારમાં ગુડા ગાર્ડનની સામે આવેલા પ્રમુખ ટ્રિનિટી એપાર્ટમેન્ટ, સ્થાપન-2 તથા રેડિયન્ટ સ્કૂલની સામેના ભાગમાં ગટરનું પાણી છેલ્લા 20 દિવસથી ઉભરાઈને જાય છે તેનાથી સ્થાનિક રહીશો પરેશાન છે જેની જાણ ગુડા તથા જીએમસીના અધિકારીઓને કરાઇ છે પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેનાથી મચ્છરજન્ય રોગચાળો ફેલાવાનો ભય રહે છે. ટીપી-9 વિસ્તારના વસાહતીઓના જણાવ્યા પ્રમાણે સૂયા સર્કલથી વિહાન ચાર રસ્તા સુધી આવતી સોસાયટી જેમાં સુયશ ક્રિસ્ટલ એપાર્ટમેન્ટ મારુતિ આમ્રકુંજ-1તથા લેન્ડમાર્ક હાર્મની એપાર્ટમેન્ટ, દિવ્ય સંસ્કાર એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે આ સમગ્ર રોડને ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ડ્રેનેજ લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે તોડવામાં આવ્યો હતો. ત્યારબાદ આજ સુધી રોડ રીસરફેસિંગનું કામ કરવામાં આવ્યું નથી, જેની રજૂઆત અગાઉ પણ જીએમસીમાં અને ગુડામાં અધિકારીઓને કરવામાં આવી છે પરંતુ તંત્ર ધ્યાને લેતું નથી.

### પોલીસ બેડામાં ખળભળાટ મચાવાનાર 3.75 કરોડ સોપારીકાંડ કેસમાં નવા-નવા ખુલાસા

# પોણા ચાર કરોડ તોડકાંડ કેસમાં ફરિયાદી હવે આરોપી

ગુજરાત વંદન

ગુજરાત પોલીસ બેડા સહીત IPS લોબીમાં ચર્ચાનો વિષય બનેલા કચ્છના સોપારી કાંડના કરોડો રૂપિયાના તોડકાંડમાં અવનવા ખુલાસા વચ્ચે કચ્છને સાંકળતી બોર્ડર રેન્જ પોલીસના તાબા હેઠળ આવતી પોલીસે 26મી ઓકટોબર, ગુરુવારે વધુ એક ફરિયાદ દાખલ કરી છે. જેને કારણે આ સમગ્ર પ્રકરણમાં ગઝબનો ટ્વીસ્ટ આવ્યો છે. કારણ કે, પોલીસે અગાઉની ACB ફરિયાદમાં જેને ફરિયાદી તરીકે સ્વીકાર્યો હતો તેને હવે આરોપી તરીકે નક્કી કરીને તેની સામે કરોડો રૂપિયાની સોપારીના જથ્થામાં ખોટા દસ્તાવેજ બનાવીને સરકારને આર્થિક નુકશાન પહોંચાડ્યું હોવાનું તપાસમાં માનીને મુન્દ્રા પોલીસ મથકે FIR દાખલ કરી છે. જેમાં અનિલ તરૂણ પંડિત ઉપરાંત નાગપુર અને મુંબઈમાં રહેતી એક મહિલા સહીત કુલ છ વ્યક્તિ સામે ગુન્હો નોંધ્યો છે. અલબત્ત આ પકડા-પકડી વચ્ચે સૌથી મહત્વનો પ્રશ્ન કે, કરોડો રૂપિયાનો તોડ કોના ઈશારે થયો અને કોણ એ રૂપિયા હજમ કરી ગયું છે તે અંગેનું રહસ્ય હજુ પણ અકબંધ રહ્યું છે.

મુન્દ્રા પોલીસ મથકે ગુરુવારે મુકેશ પોપટલાલ ચૌધરી નામના પોલીસ કર્મચારીએ ફરિયાદ નોંધાવી છે કે, 17મી ઓક્ટોબરના રોજ તેમને બોર્ડર રેન્જ આઈજીની કચેરી તરફથી અનિલ તરુણ પંડિત નામના વ્યક્તિની અરજી અંગે વિશેષ તપાસ સોંપવામા આવી હતી. જેમાં તેમના દ્વારા તપાસ કરતા ખબર પડી કે, અનિલ પંડિત અને અન્ય પાંચ વ્યક્તિએ ભેગા મળીને આર્થિક લાભ મેળવવા માટે સરકાર સાથે છેતરપિંડી કરીને ખોટા દસ્તાવેજો બનાવ્યા છે. વિદેશથી આયાત કરેલી સોપારીનો જથ્થો વેચવા માટે આ લોકોએ માત્ર ખોટા દસ્તાવેજ બનાવ્યા એટલું જ




નહીં પરંતુ મોહિત એન્ટરપ્રાઈઝ નામની ખોટી પેઢી પણ ઉભી કરી હતી. આમ પૂર્વ આયોજિત કાવતરા મુજબ ગંભીર પ્રકારનો ગુનો કરેલો છે. મુન્દ્રા પોલીસે દાખલ કરેલી ફરિયાદમાં ફોર ફોક્સ લોજિસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીના ભાગીદારો અનિલ તરુણ પંડિત ઉપરાંત દિનેશ માસ્ટર અને સુરેખા શેઠ સહીત મોહિત પ્રદીપ માખીજા, મેહુલ ભદ્રા અને હિમાંશુ ભદ્રા સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જેની તપાસ બોર્ડર રેન્જ આઈજીના તાબા હેઠળ આવતા એમ.ડી.ચૌધરી નામના પોલીસ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવેલી છે. એક પછી એક થઈ રહેલા ખુલાસા અને ફરિયાદ વચ્ચે જેણે ACBના કાયદા મુજબ ચાર પોલીસ કર્મચારી સહીત છ વ્યક્તિ સામે મુન્દ્રા પોલીસ મથકે ગુન્હો દાખલ કરાવ્યો હતો તે અનિલ પંડિતે કેસની તપાસ બોર્ડર રેન્જ આઈજીના તાબા હેઠળ આવતી પોલીસને બદલે અન્ય કોઈ સ્વતંત્ર એજન્સી દ્વારા ઈન્વેસ્ટિગેશન કરવામાં આવે તેવી અપીલ ગુજરાત હાઈકોર્ટમાં કરી હતી. જેમાં અનિલે બોર્ડર રેન્જ પોલીસ વિરુદ્ધ એવો આરોપ મુક્યો હતો કે, તેમને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવી રહ્યા છે. વારંવાર તપાસના બહાને તેમને કચ્છ સહીત બોર્ડર રેન્જ આઈજીના તાબા હેઠળ આવતા પોલીસ મથકોમાં બોલવામાં આવે છે. અને કલાકો સુધી બેસાડી રાખવામાં આવે છે. અવાર નવાર નિવેદનો આપવા છતાં તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે. જેને પગલે ગુજરાત હાઈકોર્ટે પોલીસને નોટિસ ફટકારીને આગામી મહિનાની નવમી તારીખે સુનાવણી રાખી છે.

સોપારી કાંડ અને ત્યારબાદ થયેલા કરોડો રૂપિયાના તોડકાંડમાં જેમ જેમ પોલીસ આગળ વધતી જાય છે તેમ તેમ અવનવા ખુલાસા અને આક્ષેપ-પ્રતિ આક્ષેપ થઈ રહ્યા છે. 3.75 કરોડના તોડકાંડમાં જેમનું નામ આરોપી તરીકે ફરિયાદમાં દાખલ કરવામાં આવેલું છે તેમના એક પોલીસ કર્મચારી રણવીરસિંહ ઝાલના પત્ની કૈલાસબા ઝાલાએ ગુજરાતના પોલીસ વડા DGP વિકાશ સહાયને એક પત્ર લખીને એવો સનસનીખેજ આક્ષેપ કર્યો છે કે, રેન્જ આઈજી IPS જે.આર.મોથાલિયાને બચાવવા માટે તેમના પતિને આ કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે. અને તપાસને બહાને તેમના ઘરે પોલીસ આવીને તેમને તથા તેમના વૃદ્ધ સસરાને હેરાન કરે છે.

## મંત્રી પાનસેરિયાના અધ્યક્ષસ્થાને યુવક મહોત્સવ “સ્પંદન ૨૦૨૩” કાર્યક્રમ યોજાયો

ગુજરાત વંદન

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ચતુર્થ યુવક મહોત્સવ સ્પંદન-૨૦૨૩નો ઉદ્ઘાટન સમારોહ સંસદીય બાબતો, પ્રાથમિક-



માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચશિક્ષણના રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને તથા પંચમહાલના સંસદસભ્ય રતનસિંહજી રાઠોડના મુખ્ય મહેમાનપદે વીંઝોલ ખાતે યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં યુવક મહોત્સવના સંયોજક ડૉ.કિશોર વ્યાસે યુવક મહોત્સવની રૂપરેખાનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણે સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહાનુભાવો તથા પ્રેક્ષકોને આવકાર્યા હતા. પોતાના વક્તવ્યમાં કુલપતિશ્રીએ યુનિવર્સિટીની સ્થાપના બાદના ૭ વર્ષમાં યુનિવર્સિટીએ કરેલી અભૂતપૂર્વ પ્રગતિનો ચિતાર આપ્યો હતો. P.Hdના સંશોધન માટે મળતી કે.સી.જી.ની સ્કોલરશિપ મેળવનાર વિદ્યાર્થીસંખ્યાની બાબતે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી રાજ્યની યુનિવર્સિટીઓમાં ત્રીજા ક્રમે આવી છે, એ વાતનો તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાલ, સૂતરની આંટી અને પુસ્તક અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉદ્ઘાટક અને અધ્યક્ષ તથા શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ પોતાના ઉદ્દબોધનમાં કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણના નેતૃત્વમાં યુનિવર્સિટીએ કરેલા અભૂતપૂર્વ વિકાસની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

### બ્રિજ બનવાથી દોઢ લાખ અમદાવાદીઓને થશે ફાયદો.....

# પાંજરાપોળ જંકશન ખાતે 73 કરોડના ખર્ચે બનાવાશે ફલાયઓવર બ્રિજ

ગુજરાત વંદન

શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે, ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે થઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મુખ્ય ચાર રસ્તા પર બ્રિજ બનાવવામાં આવે છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં પાંજરાપોળ ચાર રસ્તા પર ઓવરબ્રિજ બનાવવામાં આવશે. રૂ. 74 કરોડના ખર્ચે ટુ લેન ઓવરબ્રિજ બનાવવામાં આવશે.

અમદાવાદના આંબાવાડીથી વસ્ત્રાપુર જતા રોડ ઉપર પાંજરાપોળ જંકશન ખાતે રુપિયા 73 કરોડના ખર્ચે ફલાયઓવરબ્રિજ બનાવવા મ્યુનિ.તંત્રે કવાયત શરુ કરી છે. બ્રિજની લંબાઈ 652 મીટર તથા પહોળાઈ 17 મીટર રાખવામાં આવી છે. બે વર્ષમાં



બ્રિજ બનીને તૈયાર કરાશે. બ્રિજ બન્યા બાદ 1.50 લાખની વસ્તીને લાભ મળશે. સમય, ઈંધણ અને પોલ્યુશનની સમસ્યાનો ઉકેલ આવશે. આજુબાજુના સર્વિસ રોડ ઉપર બ્રિજની કામગીરી શરુ કરતા પહેલા વ્હાઈટ ટોપીંગ પધ્ધતિથી રોડ બનાવાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાંજરાપોળ જંકશન પર આંબાવાડીથી વસ્ત્રાપુર જતા રોડ પર ફોરલેન ફ્લાયઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં રસ ધરાવનારા પાસેથી બિડ મંગાવવામાં આવ્યા છે.

આ બ્રિજમાં જંક્શન પર 40 મીટર લંબાઈના ઓબ્લીગેટરી સ્પાનમાં સ્ટીલ કમ્પોઝીટ ગર્ડર ટાઈપ સુપર સ્ટ્રક્ચરનો સમાવેશ કરવામાં આવ્યો છે. બ્રિજમાં વ્હીકલની મુવમેન્ટ સરળતાથી થઈ શકે તે માટે દર બે સ્પાને એક ડેક કન્ટીન્યુઈટી એકસપાન્શન જોઈન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. બ્રિજની નીચે અંડર સ્પેસ ડેવલપમેન્ટમાં પેવરબ્લોક સાથેના પાર્કિંગનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રિજની કામગીરી શરૂ થતા પહેલાં આજુબાજુના સર્વિસ રોડ પર વ્હાઈટ ટોપિંગ પદ્ધતિથી રોડ બનાવવામાં આવશે. બ્રિજની કામગીરી પૂર્ણ થયા બાદ આંબાવાડીથી વસ્ત્રાપુર તરફ જતા ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે.

## અમદાવાદ મ્યુનિસિપલના ફંકશન- ઈવેન્ટ સંબંધી કામગીરી 75 ટકા ઓછાભાવથી કરાવાશે

ગુજરાત વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યોજાતા ફંકશન-ઈવેન્ટ સંબંધી કામગીરી માટે ૭૫.૧૫ ટકા ઓછાભાવની ઓફર કરનાર એજન્સી રીસોર્સને એક વર્ષ માટે કામગીરી આપવા મળનારી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મંજુરી માટે મુકવામાં આવી છે. કામગીરી માટે આવેલ ચાર એજન્સીના બીડ ટેકનિકલી કવોલિફાય થયા હોવા છતાં સૌથી ઓછાભાવ ઓફર કરનાર એજન્સી ઉપર કળશ ઢોળવામાં આવે એવી વકી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સમગ્ર વર્ષ દરમિયાન યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો તથા ઈવેન્ટ માટે જરુરી મંડપ,ડેકોરેશન ઉપરાંત ઈવેન્ટ રીલેટેડ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સંલગ્ન કામગીરી ૧૮ જુલાઈ-૨૦૧૯થી મેસર્સ ગાંધી કોર્પોરેશન પાસે કરાવાતી હતી.૩૧ ઓકટોબરના રોજ મુદત પુરી થતી હોવાથી મ્યુનિ.દ્વારા નવુ ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતુ.૭ ઓકટોબરે ઓનલાઈન પ્રાઈસ બીડ ખોલવામાં આવતા રિસોર્સ દ્વારા અંદાજિત ભાવથી ૭૫.૧૫, વિશાલ ડેકોર એન્ડ ઈવેન્ટ પ્રા. લી.દ્વારા ૭૪.૫૩, ગાંધી કોર્પોરેશન દ્વારા ૬૮.૮૬ તથા લલ્લુજી એન્ડ સન્સ દ્વારા ૩૬ ટકા ઓછા ભાવ ઓફર કરવામાં આવ્યો હતો.વર્ષ-૨૦૧૯માં મ્યુનિ.તંત્રે ૬૧.૬૮ ટકા ઓછાભાવથી ફંકશન,ઈવેન્ટ સંબંધી કામગીરી સોંપી હતી. ટેકનિકલ ઈવેલ્યુએશનના અંતે બીડ રજુ કરનાર કુલ ચાર એજન્સી એલીજીબીલીટી ક્રાયટેરીયા તથા કવોલિફિકેશન ક્રાયટેરીયા મુજબ કવોલિફાય થઈ હોવાનો સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજુરી માટે મુકવામાં આવેલી દરખાસ્તમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### માણેકચોકની એક જ્વેલરી પેઢી સાથે છેતરપિંડી

# વિશ્વાસુ કારીગર 34 લાખનું સોનું લઈ ફરાર, ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

### આરોપીએ ભાડાની દુકાનમાં દાગીના બનાવવાનું કામ કરતો હોવાનું જણાવ્યું હતું

ગુજરાત વંદન

માણેકચોકમાં સોનાના દાગીના બનાવવાની પેઢી ધરાવતા વેપારીએ કારીગરને 951 ગ્રામ સોનું દાગીના બનાવવા માટે આપ્યું હતું. જેમાંથી કારીગરે 316 ગ્રામ સોનાના દાગીના બનાવીને આપ્યા હતા. જ્યારે બાકી રહેલું 635 ગ્રામ વજન સોનું (કિંમત રૂ.34.66 લાખ) નું લઈને ફરાર થઇ ગયો હતો.

કોર્પોરેટ રોડ ઉપર આવેલા રિવેરા - 01 માં રહેતા નીતિનકુમાર ગાંધી(45) માણેકચોકમાં અષ્ટમંગલ ઓર્નામેન્ટ પ્રાઈવે લિમિટેડ નામથી સોનાના દાગીના બનાવવાની પેઢી ધરાવે છે. લગભગ 3 વર્ષ પહેલા બરુન અમર શેઠ નામનો વ્યકિત નીતિનકુમારને મળ્યો હતો. બરુન




શેઠ રતનપોળ ઝવેરીવા પટણીની ખડકી હરિભવન ખાતે ભાડાની દુકાન ધરાવીને દાગીના બનાવવાનું કામ કરતો હોવાનું કહ્યું હતું.

નીતિનકુમારે તપાસ કરતા બરુન શેઠ છેલ્લા 10 વર્ષથી માર્કેટમાં કામ કરતો હતો, જેથી તેમના ઉપર વિશ્વાસ રાખીને નીતિનકુમારે તેને દાગીના બનાવી આપવાનું શરૂ કર્યું હતુંય 1 ઓકટોબરે નીતિનકુમારે બરુન શેઠને 951 ગ્રામ સોનું દાગીના બનાવવા માટે આપ્યું હતું. 9 ઓકટોબરે બરુન 316 ગ્રામના સોનાના દાગીના બનાવીને આપી ગયો હતો. જ્યારે બાકી રહેલા 635 ગ્રામ સોનાના દાગીના આપ્યા ન હતા. જે વિશે પૂછતા બરુને કહ્યું કે મારી તબિયત નાદુરસ્ત છે જેથી થોડું મોડું થશે.

20 ઓકટોબરે બરુન શેઠને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. જેથી દુકાને તપાસ કરતા તેની દુકાનને પણ તાળું મારેલું હતું. જ્યારે તેના ઘર વિશે તપાસ કરતા તે જે દુકાનમાં કામ કરતો હતો ત્યાં જ કારીગરો સાથે રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. આમ બરુન શેઠ રૂ.34.66 લાખની કિંમતનું 635 ગ્રામ સોનું લઈને ફરાર થઈ જતા નીતિનકુમારે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અમદાવાદમાં છેલ્લા 26 દિવસમાં 1441 રખડતા ઢોર પકડાયાં, 12 લાખ દંડ વસુલાયો

### 448 પશુ માલિકો સામે ફરિયાદ દાખલ કરાઈ

ગુજરાત વંદન

શહેરના વિવિધ વિસ્તારોમાં નવ ટીમો દ્વારા ઢોર પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ઓક્ટોબરના છેલ્લા 26 દિવસમાં 1441થી વધુ પશુઓને પકડવામાં આવ્યા છે. જ્યારે 225 પશુઓ છોડાવવા માટે પશુ માલિકો પાસેથી 12 લાખ દંડ પેટે વસૂલવામાં આવ્યા છે. 46થી વધુ પશુ માલિકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

એમસીના સૂત્રોના કહેવા મુજબ વર્ષ 2023ના 10 મહિનામાં 10516 જેટલા પશુઓ પકડવામાં આવ્યા હતા. જેમાંથી પશુ માલિકો દ્વારા 1231 પશુઓ છોડાવવા માટે 72.08 લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. જ્યારે 448 પશુ માલિકો સામે ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મ્યુનિ. ના સીએનસીડી વિભાગ દ્વારા પશુ પકડવાની કામગીરી કરવામાં આવી હતી અને વિવિધ વિસ્તારોમાંથી 136 પશુઓ પકડવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરમાં પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ પોલીસી-2023ના અમલવારી અન્વયે શહેરનાં 7 ઝોનના વિવિધ વિસ્તારો ઓમનગર, મેમ્કો, નરોડા પાટીયા, ઠક્કરનગર, બાપુનગર, સરસપુર, મણિનગર, બેહરામપુરા, ભુલાભાઈ પાર્ક, મજુરગામ, રાજેન્દ્રપાર્ક, ભીમજીપુરા, રામાપીર ટેકરો, જમાલપુર, વાડજ, મીરજાપુર, શાહપુર, ચાણકયપુરી, કર્ણાવતી કલબ, બોપલ, ઘુમા, અમરાઈવાડી, હાટકેશ્વર, મેઘાણીનગર, ચાંદલોડીયા, વણજારગામ, વસ્ત્રાલ, મોટેરા, ત્રાગડ, વિરાટનગર, ખોખરા, ઈસનપુર, ગરીબનગર, ખાડીયા, રાઈપુર, જગતપુર, આંબાવાડીમાં પશુઓ પકડવામાં આવ્યા હતા..

## ગાંધીનગર વોર્ડ નં.10ના કોર્પોરેટર ટીમ લીડર તરીકે કળશયાત્રા સાથે દિલ્હી જશે

ગુજરાત વંદન

આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહુતી પ્રસંગે મેરી માટી મેરા દેશના ભાગરૂપે રાજ્યમાંથી કળશયાત્રા દિલ્હી સુધી પહોંચનાર છે જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કળશનું સ્વાગત કરશે.

આ કળશ સંગમ યાત્રામાં ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. 10ના કોર્પોરેટર મહેન્દ્ર પટેલ દાસ પણ દિલ્હી જશે. સમગ્ર ગુજરાતમાંથી કળશમાં માટી ભરીને શુક્રવારના રોજ રીવર ફ્રન્ટ, અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં માટી કળશ સંગમનો કાર્યક્રમ યોજાનાર છે અને તેમાંથી દરેક જિલ્લા પ્રમાણે નિમણૂક પામેલા નોડલ પદાધિકારીઓ સ્પેશિયલ કળશ યાત્રા ટ્રેન દ્વારા માટી કળશ લઈને દિલ્હી જઈ રહ્યા છે અને આગામી તા.30 અને 31 ઓક્ટોબર ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે એ કળશનું સ્વાગત કરાશે. ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી ટીમ લીડર તરીકે મહેન્દ્ર પટેલ (દાસ)ની વરણી થઈ છે.

# અમદાવાદ સાયબર ક્રાઈમના કોન્સ્ટેબલે કુલ 10 લાખની લાંચ પડાવી? મામલો ગંભીર

### ટુકડે-ટુકડે 7 લાખ લીધા અને 3 લાખ લેતા ઝડપાઈ ગયો

ગુજરાત વંદન

રાજ્યના પોલીસ વિભાગમાં પણ લાંચ લેવાના બનાવો વધતા જાય છે. જેમાં વધુ એક કોન્સ્ટેબલ લાંચ લેતા પકડાયો છે. અમદાવાદમાં સાયબર ક્રાઈમ બ્રાંચના પોલીસ કોન્સ્ટેબલ હરદીપસિહ ધર્મેન્દ્રસિહ પરમાર ત્રણ લાખની લાંચ લેતા રંગેહાથ પકડાયા છે. કોન્સ્ટેબલે એક કેસમાં આરોપી સામે એફઆરઆઈ નહીં કરવા અને ફેડરલ બેન્કનું ફ્રિજ કરેલું ખાતું ખોલવા રૂપિયા 10 લાખની લાંચ માગી હતી. આરોપીએ ટુકડે ટુકડે રૂપિયા 7 લાખ આપી દીધા હતા. બાકીના ત્રણ લાખ લેતા કોન્સ્ટેબલ એસીબેના હાથે રંગેહાથ પકડાઈ ગયો હતો. એસીબીએ સાયબર ક્રાઈમ બ્રાંચના પોલીસ કોન્સ્ટેબલ હરદીપસિહ ધર્મેન્દ્રસિહ પરમારને લાંચ લેતા પકડવા માટે શહેરના કેમ્પ હનુમાન ટેલીફોન એક્ષચેંજ બસસ્ટેન્ડ પાછળ, શાહીબાગ ખાતે ટ્રેપ ગોઠવી હતી.




એસીબીના સૂત્રોના જણાવ્યા મુજબ આ કેસની વિગતો એવી છે કે, આ કામના ફરિયાદી વિરુધ્ધ અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં અરજી થઈ હતી. જે કામે ફરિયાદી વિરુધ્ધ એફ.આઈ.આર. નહી કરવા અને ફરિયાદીનુ ફેડરલ બેંકનું ફ્રીજ કરાયેલું ખાતુ ખોલવા આ કામના આરોપી હરદીપસિહ ધર્મેન્દ્રસિહ પરમારે ફરીયાદી પાસે રૂ.10,00,000/-(દસ લાખ) ની લાંચની માંગણી કરી ટુકડે-ટુકડે ફરિયાદી પાસેથી રૂ. 7,00,000/- લઈ લીધા હતા. બાકીના રૂ.3,00,000/-(ત્રણ લાખ)ની ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી, જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોવાથી એ.સી.બી.નો સંપર્ક કરી ફરીયાદ આપતા ગુરૂવારે લાંચનું છટકુ ગોઠવતા પોલીસ કોન્સ્ટેબલ હરદીપસિંહ પરમારે ફરિયાદી તથા સાહેદ સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચ પેટે રૂ. 3,00,000/- લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ પકડાયો હતો.

એસીબીના સુપરવિઝન અધિકારી કે બી ચુડાસમાના માર્ગદર્શનમાં એસીબીના પીઆઈ આર આઈ પરમારે ટ્રેપ ગોઠવીને લાંચ લેતા સાયબર ક્રાઈમના કોન્સ્ટેબલને રંગેહાથ પકડી પાડ્યો હતો.

## બાંધકામ સાઈટ પર ગ્રીનનેટ લાગેલી નહીં હોય તો એસ્ટેટ કર્મચારીઓ સામે કાર્યવાહી કરાશે

ગુજરાત વંદન

બાંધકામ સાઈટના સ્થળે ગ્રીન નેટ લગાવવાના નિયમ છતાં કેટલાક ડેવલપર દ્વારા ગ્રીનનેટ લગાવાતી નહીં હોવાનું મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસનના ધ્યાનમાં આવતા તેમણે એસ્ટેટ વિભાગના અધિકારીઓને આડેહાથ લીધા હતા.



મ્યુનિ.કમિશનર પૂર્વ અમદાવાદના કેટલાક વિસ્તારમાં રાઉન્ડમાં ગયા હતા. એ સમયે આ બાબત તેમના ધ્યાનમાં આવી હતી. એસ્ટેટના એક અધિકારીએ ગ્રીન નેટ નહીં લગાવનારા ડેવલપરને રુપિયા ત્રણ લાખનો દંડ કર્યો હોવાની દલીલ કરતા મ્યુનિ.કમિશનરે તેની રજા ચિઠ્ઠી રદ કેમ ના કરી, બાંધકામ સીલ કયા કારણથી ના કરાયુ એમ કહી હવે જો આ પ્રકારે શહેરના કોઈ પણ વિસ્તારમાં બાંધકામ સાઈટ ઉપર ગ્રીન નેટ લાગેલી જોવા નહી મળે તો એસ્ટેટના કર્મચારીઓ અને અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવા સુધીની ચિમકી મ્યુનિ.કમિશનરે અધિકારીઓ સાથેની બેઠકમાં આપવી પડી હતી. રખડતા ઢોર પકડવાની ઢીલી કામગીરી તથા રોડ ઉપરના દબાણોને લઈને પણ મ્યુનિ.કમિશનરે સંબંધિત અધિકારીઓનો ઉધડો લીધો હતો.

### ગત વખતની સેન્સરની સમસ્યાના બદલે આ વખતે સર્વર ડાઉન હોવાની સમસ્યા ઉદ્દભવી છે

# ગાંધીનગર RTOના કેમ્પસમાં ડ્રાઈવિંગ લાયસન્સ માટેનો ટેસ્ટ ફરી ટ્રેક બંધ, અરજદારોની મુશ્કેલી

### ગાંધીનગર કચેરીના આરટીઓના અધિકારીઓએ તેમના ઉપરી સત્તાધિકારીઓને પણ આ બાબતે જાણ કરી

ગુજરાત વંદન

પાટનગર ગણાતા ગાંધીનગર શહેરમાં છેલ્લા વર્ષોમાં વસતિની સાથે વાહનોની સંખ્યમાં પણ વધારો થયો છે. ત્યારે ગાંધીનગરની આરટીઓ કચેરી પર ડ્રાઈવિંગ લાયસન્સ માટેના ટેસ્ટ માટે રોજબરોજ ઘણાબધા અરજદારો આવી રહ્યા છે. આરટીઓ કચેરીના કેમ્પસમાં ડ્રાઈવિંગ ટેસ્ટ માટેનો સેન્સર ટ્રેક બનાવ્યા છે. પરંતુ સેન્સર વારંવાર બગડી જવાથી ટ્રેક બંધ રાખવાની ફરજ પડે છે. એટલે ડ્રાઈવિંગ ટેસ્ટ માટે દુર દુરથી આવેલા અરજદારોને નિરાશ થઈને પરત ફરવું પડે છે.ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે ટેક્નિકલ ખામીના કારણે ડ્રાઈવિંગ લાયસન્સનો ટેસ્ટ ટ્રેક માંડ એક મહિનો ચાલીને ફરીથી બંધ પડી ગયો છે. જેથી કરીને ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવા માટે આવેલા અરજદારોને ફરીથી તારીખ લેવાનો વારો આવ્યો છે. ગત માસ પણ 3 સપ્તાહ સુધી સેન્સરની ખામીના કારણોસર ટેસ્ટ ટ્રેક બંધ રહ્યો હતો. છાશવારે બંધ થઈ જતાં ટ્રેકના કારણે અરજદારોને આરટીઓના ધક્કા ખાવા પડી રહ્યાં છે. માંડ એક મહિનો શરૂ રહેલાં ટ્રેકમાં ખામી સર્જાતા તંત્રના અધિકારીઓ અને સત્તાધીશો પણ આ સમસ્યાથી પીછો છોડાવવા માટે મથી રહ્યાં છે. પરંતુ ટ્રેકના સેન્સરમાં વારંવાર ખામી સર્જાય છે. આરટીઓમાં ટેકનિકલ સ્ટાફ ના હોવાને કારણે ટેક્નિકલ ખામી સર્જાતા દરેક વખતે સત્તાધિશોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કારણકે ટ્રેક સંબધિત ટેક્નિકલ જ્ઞાન માત્ર જે-તે એજન્સીના કર્મચારીઓને જ હોય છે. જેના કારણે નજીવી એરર જેવી ખામીના કારણે પણ ટ્રેકની કામગીરીમાં બ્રેક વાગી જતી હોય છે. ગાંધીનગર કચેરીના આરટીઓના અધિકારીઓએ તેમના ઉપરી સત્તાધિકારીઓને પણ આ બાબતે જાણ કરી છે. ગુરૂવારની અપોઈમેન્ટ બંધ ટ્રેકના કારણોસર રદ્દ કરવામાં આવી હતી. ગત માસની જેમ હજુ લાંબા સમય માટે ટ્રેક બંધ ના થઈ જાય તે બાબતે અરજદારો પણ ચિંતિત છે. આ ઉપરાંત ફરીથી ટેસ્ટ આપી શકે તે માટેની રાહ પણ જોઈ રહ્યા છે. જો કે ગત વખતની સેન્સરની સમસ્યાની બદલે આ વખતે સર્વર ડાઉન હોવાની સમસ્યા ઉદ્દભવી છે. પરંતુ તંત્ર માટે તો એક સાંધતાં તેર તૂટે તેવી દશા હાલના સમયે જોવા મળી રહી છે. ગત માસનું કામનું ભારણ માંડ માંડ ઓછું થયું હતું.

### કામગીરીની સમીક્ષાના આધારે ક્યાંક શિક્ષાત્મક બદલી તો ક્યાંક મલાઈદાર પોસ્ટિંગ

# શહેર પોલીસમાં ધરખમ ફેરફાર : ૯૦ દિવસમાં 66 PIની બદલીઓ કરાઈ

### અમદાવાદ શહેરના અધિકારી દ્વારા તાજેતરમાં જ 500 કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું

ગુજરાત વંદન

અમદાવાદ શહેરમાં પોલીસ કમિશનર તરીકે જી.એસ.મલિકે જ્યારથી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી અમદાવાદની સકલ અને સિકલ બંને બદલાઈ રહી છે. શહેરમાં કડક કાયદાનું પાલન કરાવવું તેમજ જે જગ્યાએ નિયમન કરવામાં તકલીફ હતી તે જગ્યાએ શહેર પોલીસ કમિશનરે ખાસ ધ્યાન રાખીને PIની નિમણૂક કરી છે. અત્યાર સુધીમાં ત્રણ મહિનાના સમયગાળામાં શહેર પોલીસ કમિશનરે કુલ 66 જેટલા PIની આંતરિક બદલી કરી નાખી છે. અને દરેક અધિકારીને તક મળે તે માટે તેમજ શહેરમાં કોઈપણ જગ્યાએ કચાસ ના રહે તે માટેનો પ્રયાસ હાથ ધર્યો છે. તેમણે મુખ્યત્વે EOW, ટ્રાફિક અને ક્રાઈમ બ્રાન્ચમાં ખાસ અધિકારીની નિમણૂક કરી છે. તથા સાઈબર ક્રાઈમ વધતા તેમાં પણ સ્ટ્રેન્થ વધારવામાં આવી છે.

ત્રણ મહિના પહેલા અમદાવાદ શહેરમાં સિનિયર IPS ઓફિસર જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. તેઓના આગમનથી સાથે જ શહેરમાં પોલીસની એક નવી કાર્ય પદ્ધતિ જોવા મળી રહી છે. તેમાં પણ ખાસ કરીને તેમણે એક સાથે અમદાવાદમાંથી 56 PIની




બદલી કરી નાખી હતી જેને કારણે તેઓ ખૂબ ચર્ચામાં આવ્યા હતા. તાજેતરમાં પણ તેમણે 10 જેટલા PIની બદલી કરી એક સ્પષ્ટ મેસેજ આપ્યો હતો કે જે કાર્ય પદ્ધતિથી કામ કરશે તે જ અમદાવાદ શહેરમાં કામ કરી શકશે. તેમણે કરેલી બદલીઓમાં મોટાભાગે અમદાવાદ શહેરની મુખ્ય સમસ્યાઓ જેવી કે સાઈબર ક્રાઈમ, ટ્રાફિક અને ડ્રગ્સ આ ત્રણેય પર લગામ કસવા માટે કરાઈ હોવાનું સામે આવ્યું છે.

પોલીસ કમિશનરની કાર્યશૈલીથી અમદાવાદ શહેરની આખી વ્યવસ્થા બદલી નાખવામાં આવી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ કારણે શહેર પોલીસની કામગીરીમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. અમદાવાદ શહેરના અધિકારી દ્વારા તાજેતરમાં જ 500 કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું જે અમદાવાદ શહેર પોલીસ માટે ખૂબ મોટી સફળતા ગણવામાં આવે છે. અમદાવાદ સાઈબર ક્રાઈમમાં પણ અલગ અલગ મહત્વના કેસોની તપાસ કરીને વિદેશી નાગરિક સહિતના લોકોની ધરપકડ કરી છે.

ગુજરાત વંદન
gujaratvandan.com

## સંપાદકીય....

# પાંચ રાજ્યોમાં ચૂંટણીઓનો ધમધમાટ.. ફરીને દિવસો આવ્યાં મતદારોના...ચલો કુછ તુફાની હો જાય...?!



ચૂંટણી એટલે લોકશાહીને મજબૂત કરવાનું અનેરૂ પર્વ. ભલે તેમાં કોઈ ધાર્મિક માન્યતા ન હોય પણ મતદાન મારો ધર્મ...એ લાગણી તો રહેલી જ છે. અને એ લાગણીના પગલે આગામી મહિને પાંચ રાજ્યોની ચૂંટણીમાં કેટલા ટકા મતદાન થશે તેના આધારે લેખાં-જોખાં મૂકાશે કે ભારતના મતદારો કેટલા જાગૃત છે. ઈતિહાસના પાના પર નજર નાંખીએ તો વર્ષ 1951માં 25 ઓકટોબરના રોજ આઝાદ ભારતમાં પહેલીવાર સામાન્ય ચૂંટણીની શરૂઆત થઈ હતી, જે 21મી ફેબ્રુઆરી 1952 સુધી ચાલી હતી.

સ્વાભાવિક છે કે દેશ આખામાં કોંગ્રેસ ચૂંટાઈ આવી હતી. હાલમાં વન નેશન-વન ઈલેકશનની તૈયારીઓ વચ્ચે મધ્યપ્રદેશ-રાજસ્થાન સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓના પડઘમ સંભળાઈ રહ્યાં છે. મતદારોને રાજી કરવા માટે, રિઝવવા માટે રાજકિય પક્ષોમાં હુસાતુંસી ચાલી રહી છે.

પરિવાર દીઠ સરકારી રોકડ સહાય સહિત અનેક લલચામણા વચનોની ભરમાર ચાલી રહી છે તે ટિકિટોના મામલે ક્યાંક ધાંધલધમાલના દ્રશ્યો પણ ટીવી મિડિયા અને સોશ્યલ મિડિયામાં વાઈરલ થયા. અને એક વાર ઉમેદવારી ભરવાની પ્રક્રિયા પૂર્ણ થશે એટલે ઉમેદવારો સીધા ચૂંટણી જંગના મેદાનમાં અને તેમની સાથે જે તે રાજકિય પક્ષોના સ્ટાર પ્રચારકોનો કાફલો મેદાનમાં ધૂમ મચાવશે.

ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષોના નેતાઓએ પ્રચારની શરૂઆત તો ક્યારનીય કરી દીધી છે. વિધાનસભાની ચૂંટણીઓ હોવાથી દેશ વ્યાપી મુદ્દાઓ કે સમસ્યાઓને બદલે જે તે રાજ્યના પ્રશ્નો અને સત્ત પર રહેલી સરકારે કરેલા કામો અને નહીં કરવાના પણ કરેલા કામોનું મૂલ્યાંકન થઈ રહ્યું છે. કેટલા ઉમેદવારો દાગી છે, કેટલાની પાસે કેટલી માલમિલકત છે અને કોની સામે કેવા પ્રકારના ગુનાની કલમો લાગી છે એની માહિતી પણ ઉમેદવારોની જાહેર એફિડેવિટમાંથી બહાર આવશે. એડીઆર નામની એક સંસ્થા આ અંગે રસપ્રદ તારણો સાથે ડેટા બહાર પાડે છે એટલે એ ડેટાની પણ રાહ તો જોવી પડે.

સંસદમાં મહિલાઓ માટે 33 ટકા અનામતનો કાયદો બન્યો છે. રાષ્ટ્રપતિ મહોદયા દ્વારા હસ્તાક્ષર પણ થઈ ગયા છે. પૅણ તેનો અમલ થતાં વર્ષો લાગશે. તે દરમ્યાન રાજકિય પક્ષો ચૂંટણીઓમાં મહિલાઓને 33 ટકા ટિકિટો આપે એવી અપેક્ષા રાખી શકાય. પણ જે પ્રાથમિક વિગતો બહાર આવી છે તે મુજબ મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસે 13 ટકા કરતાં વધુ ટિકિટો મહિલાઓને ફાળવી નથી. સંસદમાં 33 ટકા અનામતની દુહાઈ દેનારાઓનો બચાવ છે કે શું કરીએ...એવા લોકપ્રિય મહિલા ઉમેદવાર પણ મળવા જોઈએ ને...?!

મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં 33 ટકા બેઠકો અનામતનો લાભ જ્યારે મળે ત્યારે ખરૂ પણ હાલમાં જેમને ટિકિટ મળી છે એ મહિલાઓએ જીતીને બતાવવુ પડશે કે ચૂંટણી જીતવા માટે તેઓ પણ હમ કિસીસે કમ નહીં..!

પાંચ રાજ્યોની ચૂંટણીઓ દેશના રાજકિય પક્ષો માટે વાસ્તવમાં એક કસોટી સમાન બની રહે તો નવાઈ નહીં. કેમ કે આ પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામોની અસર 2024ના પ્રારંભે યોજાનાર લોકસભાની ચૂંટણી પર પડી શકે છે. હાર-જીત મતદારોના હાથમાં છે. અને એટલે જ તો લોકશાહીમાં મતદારને એક દિન કા રાજા માનવામાં આવે છે. પાંચ રાજ્યોના મતદારોના મતદાન, મતદાનની ટકાવારીના આધારે નક્કી થશે કે ચૂંટણીમાં પવન કઈ તરફનો છે..?! એમ કહી શકાય કે ફરીને દિવસો આવ્યાં મતદારોના... ચલો કુછ તુફાની હો જાય...?!

## ટીવી સિરિયલ રામાયણના અરૂણ ગોવિલને આજે પણ શ્રધ્ધાળુઓ રામ તરીકે જ નિહાળે છે

હૃતિક રોશન વિશે એવી પણ ચર્ચા છે કે તે સાઉથની એક મોટી ફિલ્મમાં રામનું પાત્ર ભજવી રહ્યો છે...

# રામ નામે પથરા નહીં પણ પૈસા તરે..., રામરાજ્યથી લઈને આદિપુરૂષ સુધી..!

ગુજરાત વંદન
gujaratvandan.com

હાલમાં જ નવલી નવરાત્રિના નવ દિવસ બાદ વિજયાદસમીએ રાવણ દહનનો કાર્યક્રમ દેશ ભરમાં ઉજવાયો. ભગવાન શ્રીરામની સાથે રાવણનું નામ પણ જોડાયેલું છે. અને વાર તહેવારોમાં જોઈએ તો દિવાળી કહેતા દિપોત્સવી પર્વની ઉજવણી પણ લંકા વિજય બાદ ભગવાન શ્રી રામના પરત અયોધ્યા આગમને અયોધ્યાવાસીઓએ પોતાના રાજાના માનમાં દિવડાં પ્રગટાવીને તેમને વધાવવામાં આવ્યાં હોવાનો ઉલ્લેખ છે. આ દિવાળીએ પણ અયોધ્યામાં યોગી સરકાર દ્વારા પાંચ લાખ દિવડા પ્રગટાવીને દિપોત્સવી પર્વની ઉજવણી કરાશે,

ભગવાન શ્રીરામ આપણા સમાજના મર્યાદા પુરુષોત્તમ છે. રામ નામનો સમાજમાં ઘણો મહિમા અને આદર છે. સિનેમાના શરૂઆતના દિવસોમાં જ્યારે સમાજની વિચારસરણી એકદમ સંકુચિત હતી, ત્યારે પૌરાણિક વાર્તાઓ પર ફિલ્મો બનાવવી સૌથી સહેલી હતી.

'રામાયણ' એ સમયની સર્વશ્રેષ્ઠ વાર્તા હતી, જેના પર ઘણા પ્રયોગો કરવામાં આવ્યા હતા. હિન્દી સિનેમાના શરૂઆતના તબક્કામાં, ફિલ્મ નિર્માતાઓએ રામની મદદથી સફર ખેડી હતી. સિનેમાના પ્રણેતા તરીકે જાણીતા દાદાસાહેબ ફાળકેએ 1917માં મૂંગી ફિલ્મોના યુગમાં 'લંકા દહન' સાથે રામનું બીજ રોપ્યું હતું, જેને જીવી સાનેએ 1920માં 'રામજનમ' સાથે આગળ વધાર્યું હતું. પછી વી .શાંતારામે 1932માં 'અયોધ્યા કા રાજા' દ્વારા આ પરંપરાને પ્રોત્સાહન આપ્યું, જ્યારે વિજય ભટ્ટે 1942માં 'ભારત મિલાપ' અને 1943માં 'રામ રાજ્ય' દ્વારા તેને સિનેમા માટે સરળ અને પ્રેક્ષકોનો પ્રિય વિષય બનાવ્યો. 'રામ રાજ્ય' એકમાત્ર એવી ફિલ્મ હતી જે મહાત્મા ગાંધીએ જોઈ હતી. તે સિવાય તેમણે કોઈ ફિલ્મો જોઈ નહોતી.

### રામના નામે સફળતાના શિખરો સર કર્યા

જો જોવામાં આવે તો ફિલ્મ ઈતિહાસના દરેક દાયકામાં રામ કોઈને કોઈ સ્વરૂપે સિનેમાના પડદા પર દેખાતા રહ્યા. શરૂઆતના દિવસોમાં, 'અયોધ્યા ચા રાજા'એ સિનેમાઘરોમાં સિક્કા વરસાવ્યા અને આ પરંપરાના બીજ વાવ્યા કે સિનેમામાં બીજું કોઈ ભજવે કે ન રમે, રામનું નામ હંમેશા રહેશે.

વર્ષ 1961માં બાબુભાઈ મિસ્ત્રી દ્વારા દિગ્દર્શિત 'સંપૂર્ણ રામાયણ'એ ફરીથી થિયેટરોને જય સિયારામથી ગુંજી નાખ્યા હતા. બાબુભાઈ મિસ્ત્રીએ લંકા દહન અને રામ-રાવણ યુદ્ધના રોમાંચક દ્રશ્યોનું ફિલ્માંકન કરીને રાવણ અને હનુમાનને હવામાં ઉડતા બતાવીને દર્શકોનું મનોરંજન કર્યું હતું.

આમાં રાવણનું પાત્ર ભજવીને બીએમ વ્યાસ તે સમયના પ્રખ્યાત વિલન બની ગયા હતા. અત્યાર સુધી બનેલી તમામ પૌરાણિક ફિલ્મોમાં રામ પર આધારિત ફિલ્મો સૌથી વધુ લોકપ્રિય હતી. આવી ફિલ્મોમાં લંકા દહન (1917), સતી અહિલ્યા (1937), સીતા રામ જન્મ (1944), રામાયણી (1945), રામ જન્મ (1951), રામાયણ (1954), સંપૂર્ણ રામાયણ (1958,1961,1971), સીતા રામનો સમાવેશ થાય છે.

કલ્યાણમ (1961), લવ-કુશ (1963 અને 1997), હનુમાન વિજય (1974), રાવણ (1984 અને 2010), રામાયણઃ ધ લિજેન્ડ ઓફ પ્રિન્સ રામ (1992), હનુમાન (2005), રિટર્ન ઓફ હનુમાન (2007), મુખ્ય ફિલ્મો દશાવતાર (2008) અને હનુમાન ચાલીસા (2013) છે.

### ફિલ્મી કથામાં દશેરા, રામલીલાનો સમાવેશ

આ ફિલ્મોમાં, રામાયણના ઘણા એપિસોડને અલગ-અલગ સંદર્ભમાં પ્લોટનો આધાર બનાવવામાં આવ્યો હતો. રામ-રાવણ યુદ્ધ સાથે સંબંધિત તહેવાર 'દશેરા' પણ ઘણી ફિલ્મી વાર્તાઓનો એક ભાગ બની ગયો. આ જ વાર્તા પર ઘણી ફિલ્મો બનાવવામાં આવી હતી, જે આ ફેસ્ટિવલની આસપાસ ફરતી હતી.

જ્યારે દશેરાનો ઉલ્લેખ થાય છે ત્યારે રામલીલાની ઘટના પણ યાદ આવે છે. આવી ફિલ્મો હિન્દીમાં પણ બની હતી, જેમાં રામલીલા દેખાઈ હતી. 'દિલ્હી-6' આવી જ એક ફિલ્મ છે. અભિષેક બચ્ચન, સોનમ કપૂર અને વહીદા રહેમાન અભિનીત આ ફિલ્મનો પ્લોટ રામલીલા અને દશેરા પર કેન્દ્રિત



છે. વર્ષ 2010માં અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનની ફિલ્મ 'રાવણ'માં પણ રામાયણની વાર્તાને અલગ રીતે દર્શાવવામાં આવી હતી.

1983માં રિલીઝ થયેલી કુંદન શાહની કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારો'માં પણ રામલીલાની એક રસપ્રદ ઘટના હતી. 2012માં રિલીઝ થયેલી વિદ્યા બાલનની ફિલ્મ 'કહાની' પણ દશેરાની થીમ પર હતી. તેવી જ રીતે અનુભવ સિન્હાની ફિલ્મ 'રા-વન'માં રામાયણની વાર્તાને નવા વાતાવરણ સાથે બતાવવામાં આવી હતી.

રામના નામનો જાદુ ફિલ્મો, ગીતો અને અભિનેતાઓમાં પણ પ્રચલિત હતો. ભગવાન શ્રી રામ સાથે કોઈ લેવાદેવા ન ધરાવતી આવી ઘણી ફિલ્મોના શીર્ષકોમાં 'રામ' નામ સામેલ હતું, જેમાં રામ ઔર શ્યામ, હે રામ, આજ કા ધારાસભ્ય રામ અવતાર, રામ બલરામ અને 'રામ તેરી ગંગા મૈલી' આજે પણ પ્રખ્યાત છે.

### અભિનેતાઓ જે દર્શકો દ્વારા સન્માન પામ્યા

રામનું પાત્ર ભજવતા કલાકારોમાં 'રામ રાજ્ય'ના હીરો પ્રેમ અદીબને સૌથી વધુ પસંદ કરવામાં આવ્યો હતો. દર્શકો તેનો ફોટો ફ્રેમ કરાવતા અને તેને હાર પહેરાવતા. મહિપાલ પણ 'સંપૂર્ણ રામાયણ'માં રામની ભૂમિકા ભજવીને લોકપ્રિય બન્યો હતો.

હૃતિક રોશન વિશે એવી પણ ચર્ચા છે કે તે સાઉથની એક મોટી ફિલ્મમાં રામનું પાત્ર ભજવી રહ્યો છે. ફિલ્મો પછી, દૂરદર્શન પરની સીરિયલ 'રામાયણ'માં રામનો રોલ કરનાર અરુણ ગોવિલને આજે પણ દેશભરમાં રામના અવતાર તરીકે જોવામાં આવે છે.

સદીઓ પછી પણ 'રામાયણ'નો એવો પ્રભાવ છે કે ફિલ્મ કલાકારો પણ તેમના પાત્રો સાથે કોઈ જોખમ લેવા માંગતા નથી. સાઉથના સુપરસ્ટાર યશને નિતેશ તિવારીની 'રામાયણ' પર આધારિત ફિલ્મમાં રાવણના રોલની ઓફર કરવામાં આવી હતી પરંતુ તેણે ના પાડી દીધી હતી.

### રામના નામે ફિલ્મી ગીતો...

ફિલ્મના ગીતોમાં પણ રામના નામનો ફાળો હતો. ભક્તિ સંગીતની પરંપરાને આગળ ધપાવનારા ગીતોમાં रोम रोम में बसने वाले राम, रामचंद कह गए सिया से, रामजी की निकली सवारी, मेरी विनती सुनो तो मानू तुझे मैं राम, जब से शरण तेरी आया मेरे राम, जय रघुनंदन जय सियाराम, तुझमें राम मुझमें राम सब में राम समाया, राम से बड़ा राम का नाम, जब जब राम ने जन्म लिया तब तब पाया वनवास, ..., राम का नाम बदनाम न करो, सुख के सब साथी दुख में न कोय मेरे राम જેવા ગીતો ગાયા હતા. તો રામ કરે ઐસા હો જાયે, રામ તેરી ગંગા મૈલી હો ગઈ, વાહ વાહ રામજી જોડી ક્યા બનાઈ અને 'રામા રામા ગજબ હુઈ ગવા રે' જેવા ગીતો દર્શકો દ્વારા વારંવાર ગવાતા હતા.

### રાવણનું પાત્ર કલાકારોની ઓળખ બની ગયો

ફિલ્મોમાં ખલનાયકની ભૂમિકા ભજવનાર કલાકાર વિશે એવી ધારણા બાંધવામાં આવે છે કે તે કલાકાર તેના અંગત જીવનમાં પણ એવો જ હશે. જ્યારે, ફિલ્મોમાં રાવણનો રોલ કરનારા કલાકારો વિશે આવું વિચાર્યું ન હતું. કારણ કે રાવણના ચારિત્યને બુરાઈથી ન આંકી શકાય. 'રામાયણ' અનુસાર, રાવણ એક મહાન વિદ્વાન હતો, પરંતુ તે રાક્ષસી વૃત્તિઓ સાથે શિવનો ભક્ત હતો. શક્તિશાળી હોવા ઉપરાંત તેઓ રાજકારણી પણ હતા. રામચંદ્રજીએ લક્ષ્મણને રાવણ પાસેથી રાજધર્મ શીખવાનું પણ કહ્યું હતું. આટલા બધા રૂપ ધરાવનાર વ્યક્તિની ભૂમિકા ભજવવી સરળ નથી.

'રામાયણ' સિરિયલના યાદગાર રાવણ એટલે અરવિંદ ત્રિવેદી..

1948માં રિલીઝ થયેલી વિજય ભટ્ટની ફિલ્મ 'રામબાન'માં પ્રેમ અદીબે રામનો રોલ કર્યો હતો અને ચંદ્રમોહને રાવણનો રોલ કર્યો હતો. જ્યારે, બ્રિજ મોહન વ્યાસને બાબુભાઈ મિસ્ત્રીની 1961માં આવેલી ફિલ્મ 'સંપૂર્ણ રામાયણ'માં રાવણની ભૂમિકા માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે.

પ્રેમનાથે 1976માં રિલીઝ થયેલી 'બજરંગ બલી'માં રાવણનું પાત્ર ભજવીને એક અલગ જ છાપ છોડી હતી. પરંતુ, 1987માં રામાનંદ સાગરની સિરિયલ 'રામાયણ'માં અરવિંદ ત્રિવેદીએ જે રીતે રાવણનું પાત્ર ભજવ્યું હતું તેની લોકપ્રિયતા આજે પણ યાદ છે. આજે પણ લોકોના મનમાં રાવણની છબી જેવો જ ચહેરો છે.


### આધુનિક સંદર્ભમાં પ્લોટ અને પાત્રો

2015ના ટીવી શો 'સિયા કે રામ'માં રાવણનું પાત્ર પણ આધુનિક હતું. તે કન્નડ અભિનેતા કાર્તિક જયરામે ભજવ્યું હતું. વર્ષ 2015માં, તેણે ટેલિકાસ્ટ સીરિયલ 'સંકટ મોચન મહાબલી હનુમાન'માં રાવણની ભૂમિકા પણ ભજવી હતી, જે આર્ય બબ્બરે કરી હતી. તેમનું કામ પણ ગમી ગયું.

મનીષ વાધવાએ વર્ષ 2020માં રિલીઝ થયેલા શો 'કહત હનુમાન જય શ્રી રામ'માં રાવણનું પાત્ર ભજવ્યું હતું. પરંતુ, આધુનિક હોવાને કારણે તે લોકપ્રિયતા મેળવી શકી નથી. રાવણનું સૌથી મોટું પાત્ર સૈફ અલી ખાને 'આદિપુરુષ'માં ભજવ્યું હતું.

ફિલ્મમાં સૈફની એક્ટિંગને ખૂબ પસંદ કરવામાં આવી હતી, પરંતુ ફિલ્મ વિશે એટલી બધી નેગેટિવિટી હતી કે આ પાત્ર દબાઈને જ રહી ગયું હતું. ફિલ્મ ઈતિહાસ અને રામ અને રાવણના પાત્રોની લોકપ્રિયતા જોતા એમ કહી શકાય કે મનોરંજનની દુનિયાની સાથે સાથે સમાજમાં પણ 'રામાયણ'ના પાત્રો આજે પણ સદીઓ પછી દર્શકોના દિલમાં બિરાજમાન છે.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ


# કિશોરો માટે આત્મવિશ્વાસ ઉજાગર કરતું અનોખું પુસ્તક

ગુજરાત વંદન
gujaratvandan.com

બાળપણ, કિશોરાવસ્થા અને યુવાવસ્થામાં આપણું બાળક જ્યારે શાળાએ કે કૉલેજમાં પ્રવેશ કરે છે ત્યારે કોઈક ને કોઈક કારણોસર તેને બીજાં બાળકો હેરાન કરતાં હોય છે અને ક્યારેક કોઈ શિક્ષક દ્વારા તેને ઉતારી પાડવામાં આવે છે, આવાં સમયે નબળું બાળક નાસીપાસ થઈ જાય છે, તેને શાળાએ કે કૉલેજમાં જવું ગમતું નથી હોતું. આવાં કપરાં સમયે તેને માનસિક રીતે તૈયાર કરવું ખૂબ જરૂરી હોય છે. વાર્તા એવું માધ્યમ છે કે જેનાથી દરેક વ્યક્તિ તેની સાથે સંલગ્ન થઈ જાય છે અને તેનાં મન-મસ્તિષ્ક પર તેની ઊંડી અસર પડે છે. આવી જ એક સરળ વાર્તા દ્વારા 'બુલી' જેવાં કપરાં વિષય પર એક અનોખું પુસ્તક પ્રસિદ્ધ થયું છે - 'પરીકથામાં પંક્ચર'.

'પરીકથામાં પંક્ચર' એટલે 'દરેક વ્યક્તિના જીવનની શરૂઆત એક પરીકથા જેવી હોય છે. સાંપ્રત સમયમાં કુટુંબમાં એક કે બે સંતાન હોવાથી એ કુટુંબનું કેન્દ્ર બને છે. એની મોટાભાગની માંગણીઓ સંતોષાય છે. હસતાંરમતાં ઉછરતાં બાળનાગરિકનાં જીવનપૈડાંમાં ત્યારે પંક્ચર પડે છે, જ્યારે એ વાસ્તવિક દુનિયાનો સામનો કરે છે. સમૂહપ્રવૃત્તિમાં જોડાય ત્યારે એની અપેક્ષાઓ દરેક વખતે સંતોષાતી નથી, ક્યારેક હાંસી, નકાર અને સતામણીનો ભોગ બને છે અને એ હતાશ થાય છે. આ ઘટનાની અસર બાળકના માનસ પર જીવનભર રહે છે. આ પુસ્તકની બોલકી શનાયાની વાતોમાં દરેક વ્યક્તિ પોતાનું બાળપણ ક્યાંક શોધી શકશે. ડગલે ને પગલે આવતી સમસ્યાનું નિવારણ કરીને, આત્મવિશ્વાસ ઉજાગર કરવાની વાત આ પુસ્તકમાં સરળતાથી કહી છે. કિશોરો માટે ભારેખમ સલાહ ને બદલે શનાયાના જીવનપ્રસંગો વર્ણવીને કથા વહેતી મૂકી છે. બાળકો માટે, બાળકોની વાત છે છતાં આ પુસ્તક દરેક ઉંમરની વ્યક્તિ માટે વાંચવા યોગ્ય છે.'


આ પુસ્તકની એક અદ્ભુત વાત એ છે કે આ પુસ્તક બે સંવેદનશીલ લેખિકાઓ દ્વારા લખવામાં આવ્યું છે. શહેરની પ્રતિષ્ઠિત શાળાની મુલાકાત વખતે તેમણે જે જોયું અને ત્યારબાદ તેમણે એ વિષયનાં ઊંડાણમાં જઈને, એક વાર્તાની રચના કરીને તેમણે સમાજને એક સુંદર પુસ્તક આપ્યું. લેખિકા તેજલ શાહ અને અર્ચિતા પંડ્યા પોતાનાં મનની વાત કરતાં લખે છે,' 'બુલી' વિશે સમજતાં એવી ખબર પડી કે એની સામે પગલાં લેવાય છે, પણ એ પૂરતાં નથી. એને સામાજિક સમસ્યા તરીકે સ્વીકારાય એ અતિમહત્વનું છે. એક સર્વે પ્રમાણે આજની તારીખે દસમાંથી સાત બાળક પજવણીનો ભોગ બને છે, પણ ફરિયાદ માત્ર એક જણ કરે છે. બુલીની અસરથી બચવા શું કરવું, એનું માર્ગદર્શન અને શિક્ષણ સૌને મળવું જોઈએ. 'પરઉપદેશે પંડિતાઃ' થયા વગર, અમે સહાયના આશયથી 'બુલી' જેવા ભારેભરખમ વિષયને વાર્તામાં ઢાળીને લોકો સુધી પહોંચાડવાનો એક નમ્ર પ્રયાસ હાથ ધર્યો છે. આશા રાખીએ કે અમારો આશય સિદ્ધ થાય અને બાળકોનું જીવન કરમાતું અટકે.'




લાડલી શનાયાનાં જીવનમાં કેવાં ચડાવ-ઉતાર આવે છે, તેને કોણ કેવી રીતે મદદ કરે છે? કેવી રીતે શનાયા હિંમતથી પોતાની તકલીફનો સામનો કરવા માટે તૈયાર થાય છે? ખૂબ જ સરસ રીતે આપણને અને કિશોર વયનાં બાળકોને સમજાવતું એક અદ્ભુત પુસ્તક ચોક્કસ વાંચવું જ રહ્યું.

## ધર્મ

# કરવા ચૌથના વ્રતનું મહત્વ



પતિ, પત્નીના પ્રેમનું પ્રતીક એવું કરવા ચૌથનું વ્રત 1 નવેમ્બરના રોજ દેશભરમાં ઉજવાશે. પત્ની પતિના દીર્ઘાયુ માટે વ્રત કરશે. હિંદૂ પંચાંગ અનુસાર કારતક માસમાં કૃષ્ણ પક્ષની ચતુર્થી પર આ વ્રત કરવામાં આવે છે. સવારે સૂર્યોદય સાથે આ વ્રત શરૂ થાય છે અને ચંદ્રોદય થયા સુધી આ વ્રત કરવાનું હોય છે. આ દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ સ્ત્રીઓ 'નિર્જળા વ્રત' રાખે છે. જ્યારે ચંદ્ર આકાશમાં ઊગે છે. ત્યારે પત્ની ચંદ્ર સાથે પોતાના પતિનો ચેહરો જોઈને તેના હાથેથી પાણી પી ને વ્રતને પૂર્ણ કરે છે.

રાત્રે ચંદ્રમાનાં દર્શન બાદ ચંદ્રની પૂજા કરી કંકુ, ચોખા, દીવો કરી જળ અર્પણ કર્યા બાદ વિવાહિત સ્ત્રીઓ પતિના હાથે પાણી ગ્રહણ કરે છે. ત્યાર બાદ આ વ્રત સંપૂર્ણ થાય છે. ત્યાર બાદ સ્ત્રીઓ ભોજન ગ્રહણ કરે છે. જ્યારે પણ કોઈ વિવાહિત સ્ત્રી આ વ્રત કરે છે ત્યારે તેને આજીવન આ વ્રત કરવું પડે છે. પરંતુ આ વ્રતનાં પાલન માટે દરેક ઉંમરમાં નિર્જળા રહેવું જ એ જરૂરી નથી. પોતાની શારીરિક અવસ્થા અનુસાર એકવાર જો 'ઉજવણું' કરી નાખે તો ત્યારબાદ તે ફળ, પાણી અને કોઈપણ એક વસ્તુ ગ્રહણ કરીને વ્રત કરી શકે છે.

પહેલો કરવા અને બીજો ચૌથ. કરવા એટલે માટીનું પાત્ર અને ચૌથ એટલે ચતુર્થી. આ દિવસે માટીના પાત્ર એટલે કે કરવાની પૂજા કરવાનું વિશેષ મહત્વ હોય છે. કરવા ચૌથના વ્રત પહેલા સ્ત્રીઓ મહેંદી લગાવે છે અને સોળ શણગાર સજે છે. ચંદ્ર મનનો કારક છે. ચંદ્રમા આયુષ્ય, યશ અને સમૃદ્ધિનું પણ પ્રતીક છે. આ વર્ષે ચંદ્ર ઉચ્ચ રાશિમાં છે અને રોહિણી નક્ષત્ર સાથે છે. રોહિણી તેમની પત્ની છે. કરવા ચૌથ પર શિવ પરિવારની પૂજાનું વિધાન છે. પરંતુ આ દિવસે વિશેષ રીતે ગણપતિ પૂજા થાય છે.

## રસદર્શન

# ઈશ્વર ભૌતિક જગતને તેમના અભૌતિક શબ્દ અને સાર દ્વારા પ્રભાવિત કરે છે

ગુજરાત વંદન
gujaratvandan.com

**પડેલા કોઈ પથ્થરને કશું સાબિત નથી કરવું,**
**અગોચર એક ઈશ્વરને કશું સાબિત નથી કરવું.**
**નથી પોતે પ્રવાહી તે છતાં કાયમ વહી જાણે,**
**'પવન' નામે બિરાદરને કશું સાબિત નથી કરવું.**
**- ભરત ભટ્ટ 'પવન'**

(પથ્થર તો પર્વતનું વાંડ્મય સ્વરૂપ છે.)

પર્વત થી પથ્થર સુધીની યાત્રા ભૌતિક શાસ્ત્રનો એક મહાન દાર્શનિક કોયડો છે જે રીતે તર્ક અને માનવ વિચારની પ્રકૃતિ સુધી કોઈક ઘટનાને અસંગત રીતે સમજવાનો પ્રયાસ કરી રહ્યો છે.

પરિવર્તનની આ સમગ્ર પ્રક્રિયા ભૌતિક છે કે અભૌતિક? જો, પ્રકૃતિવાદીઓ શીખવે છે તેમ, વિચારો માત્ર ભૌતિક મગજની અંદરની રાસાયણિક પ્રતિક્રિયાઓ અને આવેગનું પરિણામ છે, તો કોઈ વ્યક્તિ તેના કાનની વચ્ચે શારીરિક રીતે હાજર ન હોય તો વિશાળકાય પર્વતની કલ્પના કેવી રીતે કરી શકે? અને એટલે જ કવિ લખે છે પથ્થરને કશું સાબિત નથી કરવું અરે પથ્થર તો પર્વત નું વાંડ્મય સ્વરૂપ છે.

જો આ તર્ક, કારણ અને તેનું પરિણામ અમૂર્ત હોય, તો તે એક શક્તિશાળી બિન-ભૌતિક ક્ષેત્રનું અસ્તિત્વ સાબિત કરે છે જે માનવીને તકશાસ્ત્ર સમજાતું નથી. ધર્મ જેને આધ્યાત્મિક જગત કહે છે તેની સાથે પ્રાકૃતિક શક્તિ એકરુપ છે. તમામ શાસ્ત્રો કહે છે કે ઈશ્વર બિન-ભૌતિક અને અદ્રશ્ય હોય , આથી, ઈશ્વર ભૌતિક જગતને તેમના અભૌતિક શબ્દ અને સાર દ્વારા પ્રભાવિત કરે છે, જેની જાણ એટલે જ આસ્થા અને વિશ્વાસ.. અગોચર ની વ્યાખ્યા એટલે જ , જે અસ્તિત્વમાં તો છે જ પરંતુ અજ્ઞાનને લીધે તેને જાણી શકવામાં આપણે ઉણા ઉતરીએ છીએ.

જો અગોચરને જાણવામાં આપણે ઉણા ઉતરતા હોઈએ તો વિચાર કરો કે અગોચર થી ઈશ્વરીય શક્તિ સુધી પહોંચવાની યાત્રા કેટલી કઠિન હશે..

ખરેખર, આપણા જીવનનો એક મોટો ભાગ આધ્યાત્મિક રીતે ગૂંચવણભર્યો લાગે છે. જો આપણે જ્ઞાની જ હોઈએ, તો આપણે ક્યારેક આપણી જાતને પૂછી શકીએ છીએ; ઈશ્વર તું ક્યાં છે ?! તું સાંભળી રહ્યો છે? અને કેટલીકવાર આ આશ્ચર્યજનક, ભટકતી ક્ષણોમાં, જો આપણે સાચા હોઈએ, તો આપણને આશ્ચર્ય પણ થાય છે કે અરે... ઈશ્વર તમે અહીં જ છો ?

ઈશ્વર સ્વયં પ્રમાણિત છે. તે ક્યારેય પોતાનું અસ્તિત્વ સાબિત કરવાનો પ્રયાસ કરતો નથી કારણ કે તે બનાવેલ ક્રમ દ્વારા પહેલેથી જ સ્પષ્ટ છે. કારણ કે તે એકમાત્ર ઉદ્દેશ્ય છે, અન્ય તમામ જીવંત અને નિર્જીવ પદાર્થો તેમના સર્જનાત્મક શબ્દમાંથી નીકળે છે .

ઈશ્વર અવકાશ અને સમગ્ર બ્રહ્માંડ તેની સર્જન શક્તિ દ્વારા કુદરતની તમામ અગમ્ય ધારાઓમાં અસ્તિત્વ ધરાવે છે!

કવિ બીજા શેરમાં પવનનું ઉદાહરણ આપે છે , જો કે પવન અહીં શ્લેષ તરીકે



વાપર્યો છે એક પવન કે જે આપણને સૌને ખબર છે અને બીજો પવન એટલે કે કવિનું પોતાનું ઉપનામ છે.. વહેવાની વાત આવે એટલે સૌને પ્રવાહી યાદ આવે.. અહીં સૌ ભૂલી જાય છે કે પવન પણ વહે છે એટલે કે વહેવાની ઘટનામાં પવનને ક્યાં કશું સાબિત કરવાનું હોય છે? જેમ ઈશ્વરને પોતાના માટે કશું સાબિત કરવાનું નથી બરાબર તે જ રીતે પવનને પણ તેના હોવાપણા માટે સાબિત કરવાનું નથી.

આને જ સંસારના ભાવના ક્ષેત્રની વાસ્તવિકતા સાથે જોડવામાં આવે છે એટલે કે આસ્તિક વાદ ની શરૂઆત સૃષ્ટિની શરૂઆત સાથે થઈ હતી જેનાથી સમયાંતરે, વ્યક્તિના ઉછેર અને સંસ્કૃતિ પર આધારિત માનવ મનોવૈજ્ઞાનિક માન્યતાઓ પરિણમે છે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### લોકો ત્રસ્ત અને તંત્ર મસ્ત : 12 વોર્ડમાંથી પસાર થતી ખારીકટ કેનાલમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ

# 60 લાખની વસ્તીમાં 12 લાખ સામે આરોગ્યનું જોખમ

## કેનાલમાં ગટરના ગંદા પાણી છોડાતા હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે તીવ્ર દુર્ગંધથી કેનાલની આસપાસ રહેતાં લોકો ત્રાહિમામ્

ગુજરાત વંદન



અમદાવાદ શહેરની 60 લાખની વસ્તીમાંથી અંદાજે 12 લાખની વસ્તી સામે આરોગ્યના જોખમો તોળાઈ રહ્યા છે. જેના મૂળમાં મચ્છરોનો ઉપદ્રવ હોવાનું મનાઈ રહ્યું છે. આ સ્થાનિકોએ કોર્પોરેશન સત્તાવાળાઓની નિષ્ફળતા સામે આરોપો અને આક્ષેપો લગાવ્યા છે.

પૂર્વ વિસ્તારમાં ખારીકટ કેનાલના ડેવલપમેન્ટની કામગીરી 6 મહિના અગાઉ શરૂ કર્યા બાદ ચોમાસા દરમિયાન કામગીરી બંધ કરી દેવાઈ હતી. જો કે, છેલ્લા 15 દિવસથી કેનાલમાં પિયતનું પાણી બંધ કરી દેવાયું છે. ત્યારે આસપાસના વિસ્તારમાંથી કેનાલમાં ગટરના ગંદા પાણી છોડાતા હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે તીવ્ર દુર્ગંધથી કેનાલની આસપાસ રહેતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. કેનાલમાં ગંદા પાણી છોડાતા હોવાથી કેનાલને કાંઠે વસતા 12 વોર્ડના અંદાજે 12 લાખ જેટલા રહીશોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે. આ મામલે મ્યુનિ.માં વારંવાર રજૂઆતો કરવા છતાંય તેનો ઉકેલ આવતો ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.આ અંગે સ્થાનિક અગ્રણીએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સિંચાઈ ખાતા દ્વારા ખારીકટ કેનાલના ડેવલપમેન્ટની કામગીરી છ મહિના પહેલા શરૂ કરાઈ હતી, પરંતુ ચોમાસા દરમિયાન કામગીરી બંધ રહી હતી. જેમાં ભારે વરસાદથી કેનાલના ડેવલપમેન્ટનું કામ ધોવાઈ જતા મોટું નુકસાન થયું છે, કેનાલમાં આવેલા પાણીના ફલોના કારણે કેનાલની બંને બાજુની દિવાલોને પણ મોટુ નુકસાન થયું છે, કેનાલની બંને બાજુની આરસીસી દીવાલો પણ ઘણા સ્થળે તૂટી ગઈ છે, પિયત માટે બે મહિના પાણી છોડવામાં આવ્યું હતુ, તે છેલ્લા ૧૫ દિવસથી બંધ થયા પછી આજુબાજુની સોસાયટીઓ ગટરનુ ગંદુ પાણી કેનાલમાં છોડે છે. ગંદકીના કારણે મચ્છરનો ત્રાસ વધતા નરોડાથી નારોલ સુધી કેનાલના કાંઠે વસતા ૧૨ વોર્ડના 12 લાખ નાગરિકો ગંદકીથી ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. ઉપરાંત ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતાં કેનાલની આસપાસમાં રહેતા નાગરીકોના આરોગ્ય સામે જોખમ છે. કેનાલની બંને બાજુ સર્વિસ રોડ બિસમાર હાલતમાં હોવાથી વાહનચાલકોની મુશ્કેલીઓનો પાર નથી.

### દિવસે 36 ડિગ્રી અને રાતે 21 ડિગ્રી આસપાસ તાપમાનની આગાહી

# શહેરમાં ધીમા પગલે શિયાળાનું આગમન, બેવડી ઋતુનો અનુભવ કરતા શહેરીજનો

## બેવડી ઋતુના કારણે શરદી, તાવ, ઉધરસ અને ખાંસીના કેસોમાં ઉછાળો

ગુજરાત વંદન



નવરાત્રિ- દશેરા અને શરદપૂનમની ઉજવણીના પગલે શહેરના મોસમમાં ફેરફારો વર્તાઈ રહ્યા છે અને ધીમા પગલે શિયાળાનું આગમન થઈ રહ્યું હોય તેમ રાત્રે સહેજ ઠંડી અને દિવસે ગરમીના લીધે શહેરીજનો બેવડી ઋતુનો સામનો કરી રહ્યા છે. બેવડી ઋતુના કારણે શરદી, તાવ, ઉધરસ અને ખાસીના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તર ભારતમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી શહેરમાં ભેજ ખેંચાવાની સાથે વાદળોનું પ્રમાણ પણ વધ્યું છે, જેના લીધે અમદાવાદમાં ગરમી અને બફારાના પ્રમાણમાં ઘટાડો થયો હોય તેમ લાગી રહ્યું છે. શહેરના લઘુતમ તાપમાનમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં હજુ પણ એક ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, આ ટ્રાન્ઝિશન મહિનો હોવાથી તાપમાન યથાવત્ રહેશે. બપોરે ગરમી અને વહેલી સવારે તથા મોડી રાતે ઠંડકનો અનુભવ થશે. દિવસે ૩૬ ડિગ્રી, જ્યારે રાતે ૨૧ ડિગ્રી આસપાસ તાપમાન રહેશે. ઉલ્લેખનીય છે કે, આવા વાતાવરણમાં હાલ અમદાવાદમાં રોગચાળો પણ વકર્યો છે. શહેરમાં મેલેરિયાના ૪૭, ઝેરી મેલેરિયાના નવ ઉપરાંત ચિકનગુનિયાના સાત કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગ એવા ઝાડા-ઊલટીના ૨૩૩ કેસ, કમળાના ૧૦૧ તેમજ ટાઈફોઈડના ૨૭૪ કેસ તથા કોલેરાના સાત કેસ નોંધાયા છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) — તમારી વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત દિનચર્યા રહેશે અને મહત્વપૂર્ણ લોકો સાથે લાભદાયી સંપર્કો પણ બનશે. તમારો ખુશમિજાજ ઘરનું વાતાવરણ પણ ખુશનુમા રાખશે. યુવાનો માટે તેમના કોઈપણ પ્રયાસોને સાકાર કરવાનો આ યોગ્ય સમય છે.

**વૃષભ** (બ.વ.ઉ) — છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ સમસ્યા દૂર થવા જઈ રહી છે. પરિવારમાં સ્વજનોના આગમનથી આતિથ્યમાં આનંદદાયક સમય પસાર થશે. ભેટની આપલે રોમાંચિત થશે. સામાજિક વર્તુળ વધશે. યુવાનો તેમના ભવિષ્યને લઈને ખૂબ જ સભાન હશે.

**મિથુન** (ક.છ.ઘ) — ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહે. સમયના યોગ્ય પ્રતિબંધ દ્વારા, તમે તમારી દિનચર્યાને વ્યવસ્થિત બનાવશો. લાંબા સમયથી રાહ જોવાતી મહેમાનોનું આગમન ઘરમાં આનંદનું વાતાવરણ બનાવશે. વ્યવહારુ બનો. લાગણીઓના કારણે નિર્ણયો ખોટા પણ હોઈ શકે છે.

**કર્ક** (ડ.હ) — કામનો વધુ પડતો બોજ તમને વ્યસ્ત રાખશે. જો કે, તમારી સકારાત્મક અને સંતુલિત વિચારસરણી તમને આયોજિત રીતે કાર્ય પૂર્ણ કરવામાં મદદ કરશે. તમે સામાજિક અથવા સમાજ સંબંધિત પ્રવૃત્તિઓમાં યોગ્ય યોગદાન આપતા રહેશો. તમે પણ કોઈ છેતરપિંડીમાં ફસાઈ શકો છો.

**સિંહ** (મ.ટ) — તમને કોઈ વિશેષ સિદ્ધિ મળવાની છે, અને વધુ પડતો કામનો બોજ પણ તમને થાકી જશે, પરંતુ કોઈ પણ સંજોગોમાં તમારા આત્મસન્માન અને આત્મવિશ્વાસને કમજોર ન થવા દો. પડકારોનો સામનો કરો અને આર્થિક બાબતોને મજબૂત બનાવવાનો પ્રયાસ કરો.

**કન્યા** (પ.ઠ.ણ) — નવી યોજના પર વરિષ્ઠ અને અનુભવી લોકો સાથે ગંભીરતાથી ચર્ચા કરવામાં આવશે અને યોગ્ય નિષ્કર્ષ પણ કાઢવામાં આવશે.તમે તમારા આત્મવિશ્વાસ અને મનોબળથી કોઈ ખાસ લક્ષ્ય પ્રાપ્ત કરી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસ અંગેની કોઈપણ સમસ્યાનું નિરાકરણ પણ કરવામાં આવશે.

**તુલા** (ર.ત) — કોઈ અંગત કાર્ય માટે તમારી યોજના સફળ થશે અને તેનાથી તમારું મનોબળ અને આત્મવિશ્વાસ વધશે. ઘરના વડીલોના આશીર્વાદ અને સ્નેહ પણ જળવાઈ રહેશે. ઉધાર લીધેલા પૈસા પરત થવાથી કોઈપણ ચિંતા દૂર થશે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો અને તેના પર કાર્ય કરવું જરૂરી છે.

**વૃશ્ચિક** (ન.ય) — તમને કેટલાક અનુભવી અને પ્રભાવશાળી લોકોને મળવાની તક મળશે અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિચારોની આપ-લે થશે. જો તમે પ્રોપર્ટીમાં રોકાણ કે વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો તો વધુ વિચારશો નહીં સમય અનુકૂળ છે. સારા મિત્રો સાથે તમારા સંબંધોને મજબૂત બનાવો.

**ધન** (ભ.ધ.ફ) — અનુભવી વાર્તાઓઃ સુખી લોકોના સંપર્કમાં રહો, જે તમારી વિચારવાની શૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવશે. વિદ્યાર્થીઓને કોઈપણ સ્પર્ધા વગેરેમાં તેમની મહેનતનું યોગ્ય પરિણામ મળશે. દિવસની બીજી બાજુ કોઈ સમસ્યા તમને વિચલિત કરી શકે છે.

**મકર** (ખ.જ) — ઉત્તમ ગ્રહોની સ્થિતિ જળવાઈ રહે. વર્તમાન તમામ કાર્યો આયોજનપૂર્વક કરો, સફળતા ચોક્કસ મળશે. પરંતુ ભવિષ્યને લગતી કોઈપણ યોજનાઓ પર અત્યારે કામ કરવું યોગ્ય નથી, સમયનો વ્યય થશે. યુવાનોને તેમના પ્રયત્નોના સાનુકૂળ પરિણામ મળશે.

**કુંભ** (ગ.સ.શ.ષ) — આ સમયે ગ્રહોની સ્થિતિ અને ભાગ્ય તમારા પક્ષમાં છે. તમને તમારી કાર્ય ક્ષમતાનો ઉપયોગ કરવાની યોગ્ય તક મળશે. વર્તમાન સમયનું સંપૂર્ણ સન્માન કરો. યુવાનોએ તેમના પ્રોજેક્ટમાં કરેલી મહેનતનું સકારાત્મક પરિણામ મળશે. ટૂંક સમયમાં તમને ફાયદાકારક પરિણામો મળશે.

**મીન** (દ.ચ.ઝ) — સામાજિક અને ધાર્મિક કાર્યોમાં થોડો સમય વિતાવો, તેનાથી તમને શાંતિ મળશે અને તમે તમારા અન્ય કામમાં પણ ધ્યાન આપી શકશો. અભ્યાસ કરતા યુવાનોને તેમની મહેનતનું ઈચ્છિત પરિણામ મળશે અને તેમની હિંમત અને આત્મવિશ્વાસ પણ વધશે. જો તમે આ સમયે ઉધાર લેવા અથવા લોન લેવાનું વિચારી રહ્યા છો, તો પહેલા બે વાર વિચારો અથવા કોઈ વરિષ્ઠ વ્યક્તિની સલાહ લો.

### મચ્છર હૈ કી માનતા નહીં - નદી પાર આવેલા વિસ્તારમાંથી સૌથી વધુ ફરિયાદો મળી

# એક મહિનામાં મ્યુ. કોર્પોરેશનને મચ્છર ઉપદ્રવની અધધ... 39 હજાર ફરિયાદો મળી

## 9106 નોટિસ આપી 61 એકમ સીલ કરવાની સાથે 1.39 કરોડથી વધુની રકમ વહીવટી ચાર્જ પેટે વસૂલવામાં આવી

ગુજરાત વંદન



અમદાવાદના લોકો મચ્છરના ઉપદ્રવથી ત્રસ્ત બની ગયા છે. એક મહિનામાં સાત ઝોનમાંથી મચ્છરના ઉપદ્રવને નાથવા કુલ 39430 ફરિયાદ નાગરિકોએ ઓનલાઈન અને ઓફલાઈન મ્યુનિસિપલ તંત્રને કરી હતી. મળેલી કુલ ફરિયાદમાં નદી પાર આવેલા ત્રણ ઝોનમાંથી જ પચાસ ટકાથી વધુ ફરિયાદ તંત્રને મળી હતી.

મચ્છરના ઉપદ્રવને લઈ મધ્યઝોનમાંથી 4403, ઉત્તરઝોનમાંથી 3883, પૂર્વ ઝોનમાંથી 5255 ઉપરાંત પશ્ચિમ ઝોનમાંથી 10823, ઉત્તર-પશ્ચિમ ઝોનમાંથી 4631, દક્ષિણ- પશ્ચિમ ઝોનમાંથી 3652 તથા દક્ષિણઝોનમાંથી 6783 જેટલી ફરિયાદ મ્યુનિસિપલ તંત્રને સી. સી. આર. એસ તથા ઓફલાઈન મળી હતી.

આ તમામ ફરિયાદનો નિકાલ સમય મર્યાદામાં કરાયો હોવાનો મ્યુનિસિપલ તંત્ર દ્વારા દાવો કરાયો હતો. તંત્ર તરફથી મચ્છરનો ઉપદ્રવ મળી આવતા 9106 નોટિસ આપી 61 એકમ સીલ કરવાની સાથે 1.39 કરોડથી વધુની રકમ વહીવટી ચાર્જ પેટે વસુલવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મચ્છરજન્ય ડેન્ગ્યુ સહિતના અન્ય કેસ લાંભા વોર્ડમાંથી મળી આવ્યા હોવાનું ખુલતાં ચેરમેને તાકીદે લાંભા સહિત શહેરના તમામ વોર્ડમાં મચ્છરના ઉપદ્રવને નાથવા ઘટતી કાર્યવાહી કરવા અધિકારીઓને સુચના આપી હતી.

# સ્થિતિ સુધારવા અમે એક સપ્તાહનો સમય આપીએ છીએ- હાઈકોર્ટનું કડક વલણ

## જો લોકો ન સુધરતા હોય તો તે તંત્રની જવાબદારી છે, સખતાઈ વર્તો : કોર્ટ

ગુજરાત વંદન

ગુજરાત હાઈકોર્ટે બિસ્માર રસ્તા, રખડતા ઢોર, ટ્રાફિક તેમજ પાર્કિંગની સમસ્યા મામલે અધિકારીઓને રુબરુ હાજર રહેવાનો હુકમ કર્યો હતો. જેમાં હાઈકોર્ટે અમદાવાદ કોર્પોરેશનના મ્યુનિસિપિલ કમિશનર, પોલીસ કમિશનર તેમજ શહેરી વિકાસ વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીને હાજર રહેવા આદેશ આપ્યો હતો. આ સુનાવણીમાં હાઈકોર્ટે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે કડક શબ્દોમાં જણાવ્યુ છે કે, સ્થિતિ સુધારવા અમે એક સપ્તાહનો સમય આપીએ છીએ. લોકો નથી સુધરી રહ્યાં તો એ તંત્રની જવાબદારી છે. 7 નવેમ્બર સુધી માં કડક કાર્યવાહી કરવી પડશે. બદલાવ નહિ દેખાય તો ચલાવી લેવામાં આવશે નહિ. 'કડક પગલા લો' : હાઈકોર્ટે એમ જણાવ્યુ છે કે, કાયદાની મર્યાદામાં રહીને જે લોકો નિયમો તોડે છે, પોલીસીની અમલવારીને અટકાવે છે તેમની સામે કડક પગલા લો. આના કારણે સુરક્ષા જોખમમાં આવે છે. હાઈકોર્ટમાં થયેલી સુનાવણીમાં કોર્ટે ટકોર કરતા કહ્યુ કે, દેશના નાગરિકોની સુરક્ષા બોર્ડર પર ઉભેલી આર્મી કરે છે જ્યારે રાજ્યમાં રહેતા નાગરિકોની જવાબદારી પોલીસની છે. પોલીસને જે જુદા




જુદા રેન્ક આપવામાં આવે છે તેનાથી પાવરની સાથે જવાબદારી પણ આવે છે. એટલે લોકોની સુરક્ષાની જવાબદારી પોલીસની હોય છે જે સારી રીતે નિભાવવામાં આવે નહીં તો કોર્ટ ઘણી જ ગંભીર છે અને જરૂર પડવા પર કોર્ટ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટના ચાર્જીસ પણ ફ્રેમ કરશે. હાઈકોર્ટે સાત નવેમ્બર સુધીનો સમય આપતા ટકોર કરી છે કે, AMC કમિશનરને કહ્યુ, તમે શું કરી રહ્યા છો. સ્થિતિ સુધારવા સપ્તાહનો સમય આપીએ છીએ. સપ્તાહ બાદ અમે સ્થિતિની સમીક્ષા કરીશું અને બદલાવ નહીં દેખાય તો ચલાવી લેવામાં આવશે નહીં.

# અમદાવાદના આંગણે રાજેન્દ્ર ભગત રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ, ત્રણ દિવસ યોજાશે

## એચકે આટ્ર્સ ઓડિટોરિયનું મંચ 28થી30 ઓક્ટો. સુધી ગૂંજી ઊઠશે

ગુજરાત વંદન




ભારતના વૈવિધ્યસભર નાટ્સ વારસાની ભવ્ય ઉજવણી કરવા માટે રંગ બહાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડાન્સ, ડ્રામા એન્ડ મ્યુઝિક તેમજ આવિષ્કાર એકેડમી દ્વારા પ્રથમ રાજેન્દ્ર ભગત રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવશે. આ ત્રણ દિવસીય રાષ્ટ્રીય ડ્રામા ફેસ્ટિવલ 28થી30 ઓક્ટોબર દરમિયાન શહેરના એચકે આટ્ર્સ કોલેજ ઓડિટોરિયમમાં યોજાશે. આ રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ સ્વર્ગસ્થ રાજેન્દ્ર ભગતને શ્રદ્ધાંજલી પાઠવે છે કે જેમણે વર્ષ 1980માં ભારતીય રાષ્ટ્રીય રંગભૂમિની વાઈબ્રન્ટ ટેપેસ્ટ્રીને અમદાવાદમાં લાવવાની જરૂરિયાત જોઇ હતી. આ ફેસ્ટિવ તેમના મહાત્વાકાંક્ષી સપનાની અનુભૂતિને ચિહ્નિત કરે છે કે જ્યાં સમગ્ર ભારતના પ્રતિભાશાળી થિયેટર ગ્રૂપ તેમની કલાત્મકતા પ્રદર્શિત કરવા તથા બહુવિધ ભાષામાં મજબૂત વર્ણનો રજૂ કરશે. આ અંગે આયોજકોએ કહ્યું હતું કે, અમે અમદાવાદમાં પ્રથમ રાજેન્દ્ર ભગત રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવનું આયોજન કરતાં ઉત્સાહિત છીએ, જે રાજેન્દ્ર ભગતના સપનાને જીવંત કરી રહ્યું છે. અમે આ અદ્ભુત સફરની ઉજવણીમાં સામેલ થવા દરેકને આમંત્રિત પાઠવીએ છીએ. અમને વિશ્વાસ છે કે અમદાવાદના નાગરિકો પર્ફોર્મન્સને પસંદ કરશે તથા આ ફેસ્ટિવલ માત્ર એક શરૂઆત છે અને આગામી સમયમાં આ પ્રકારના વધુ ફેસ્ટિવલ યોજાશે.રાજેન્દ્ર ભગત રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવએ અદ્ભુત થિયેટર પરફોર્મન્સની ઊજવણી સાથે દર્શકોને જોડવાનું કામ કરશે.

# ગુજરાત યુનિવર્સિટીએ CCCની પરીક્ષા લેવાનું અચાનક બંધ કર્યું, હજારો અરજદારો મુશ્કેલીમાં મુકાયા

ગુજરાત વંદન

ગુજરાતમાં સરકારી કર્મચારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા CCCની પરીક્ષા આપવાનું ફરજિયાત કરાયું છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા ઘણા કેટલાક સમયથી આ પરીક્ષા લેવાનું માંડી વાળતાં રાજ્યના સરકારી કર્મચારી સહિત હજારો અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક સમયથી અચાનક જ CCCની પરીક્ષા લેવાનું બંધ કરી દેવામાં આવ્યું છે તેમજ પરીક્ષા માટે હમણા સુધી રજિસ્ટ્રેશ પણ ચાલુ હોવાનું સામે આવ્યું હતું જેમાં હજારો ઉમેદવારોએ CCCની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી દ્વારા હજુ સુધી પરીક્ષા ક્યારે યોજાશે તેની સત્તાવાર સ્પષ્ટતા પણ ન કરવામાં આવતા ઉમેદવારો મૂંઝવણ માં મુકાયા છે અને ભારે નારાજગી જોવા મળી રહી છે. ગુજરાત સરકાર દ્વારા CCCની પરીક્ષા માટે 8 યુનિવર્સિટીઓમાં પરીક્ષા સેન્ટર (centers were allotted) ફાળવવામાં આવ્યા હતા જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, એમ.એસ યુનિર્સિટી એચએનજીયુ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સહિતની યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીમાં બે-ત્રણ વખત પરીક્ષા યોજાવામાં આવતી હોવાથી મોટી સંખ્યામાં ઉમેદવારો રજિસ્ટ્રેશન કરાવતા હતા.

# IIM અમદાવાદમાં 31 ઓક્ટોબરથી પ્લેસમેન્ટ ડ્રાઈવ શરૂ થશે

ગુજરાત વંદન

આઈઆઈએમ અમદાવાદમાં વર્ષ 2023માં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે 31 ઓક્ટોબરથી પ્લેસમેન્ટ ડ્રાઈવ શરૂ થશે. આઈઆઈએમમાં તબક્કાવાર ઈન્ટર્નશીપમાં ભરતી કરવામાં આવશે. મેન્યુફેક્ચરીંગ, પ્રોડક્શન, માર્કેટિંગ સહિતના સહિતના તબક્કામાં અલગ અલગ તારીખે ભરતી કરવામાં આવશે. નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ કેમ્પસમાં આવશે અથવા ઓનલાઈન જોડાશે.આઈઆઈએમ અમદાવાદમાં હાયબ્રીડ મોડમાં પ્લેસમેન્ટમાં ભરતી કરવામાં આવશે. 31 ઓક્ટોબરે પ્રથમ રાઉન્ડ, 3 નવેમ્બરે બીજો રાઉન્ડ અને 6 નવેમ્બરે ત્રીજો રાઉન્ડ યોજાશે. 3 નવેમ્બરે પીજીપી એએનઈ એફએબીએમના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ ડ્રાઈવ યોજાશે. કંપની આઈઆઈએમના કેમ્પસમાં આવશે અથવા ઓનલાઈન પણ જોડાઈ શકે છે. વર્ષ 2023માં પીજીપી અને એફએબીએમના પ્રોગ્રામમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ ડ્રાઈવ યોજાશે.

## શબ્દોની સંતાકૂકડી 85

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | |
| ■ | | ■ | 5 | | | ■ |
| 6 | | 7 | ■ | 8 | | |
| | ■ | 9 | | ■ | | ■ |
| ■ | 10 | | ■ | 11 | ■ | 12 |
| 13 | ■ | 14 | | | | |
| 15 | | | ■ | | ■ | |

**ઊભી ચાવી**

(2) વહેતા પાણીની સપાટી પર થતું કૂંડાળું, ભમરો [3]
(3) એક પ્રકારનું ઝાડ જેનાં પાંદડાં પર રેશમના કીડા ઊછરે છે [3]
(4) દરેક સ્થળે; ઠેકાણે ઠેકાણે [4]
(6) ચક્રની કે પૃથ્વીની ધરી [2]
(7) કાચનો મહેલ [5]
(11)એક કહેવત છે કે ........ના કોટે ઘંટ કોણ બાંધે? [3]
(12) નાની ઓરડી; ખોલી [3]
(13) ધૂન, લગની [2]

**આડી ચાવી**

(1) ઘર, રહેઠાણ, મકાન [3]
(3) શેઠની પત્ની [3]
(5) એક પ્રકારની વનસ્પતિ જેનાં ફૂલ ભગવાન શિવને પ્રિય છે [3]
(6) એક પ્રકારના બદામી રંગના તેલી બી જેનો ઘણા લોકો મુખવાસ તરીકે ઉપયોગ કરે છે [3]
(8) અહીં કોઠાર શબ્દ આડોઅવળો થયેલ છે [3]
(9) દુશ્મન; વેરી [2]
(10) એક પ્રકારનો શ્વાસનો રોગ [2]
(14) વાહનના આગળના ભાગની બત્તી (અંગ્રેજીમાં) [5]
(15) પાંચ પાંડવોમાંનો એક [3]

**શબ્દોની સંતાકૂકડી-84નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ની | 2 લ | કં | 3 ઠ | ■ | 4 જ | 5 જ |
| 6 ર | ક્ષા | ■ | 7 ગ | 8 ર | મા | ળો |
| ■ | 9 ધિ | સં | ■ | 10 ગ | દા | ■ |
| 11 જ | પ | ■ | 12 માં | ■ | 13 ર | 14 ખ્યા |
| ■ | 15 તિ | 16 લાં | જ | લિ | ■ | લ |
| 17 સ્વા | ■ | 18 ગ | ર | ■ | 19 ભા | ■ |
| 20 હા | જ | ર | ■ | 21 રા | સ | ભ |

**શબ્દોની સંતાકૂકડી-85 નો ઉકેલ આવતા અંકે**

## સુડોકુ

કોયડો નં. 87

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 6 | | | 4 | | |
| 7 | | | | | 3 | 6 | | |
| | | | | 9 | | | 8 | |
| | | | | | 7 | | | |
| | 5 | | | 8 | | | | |
| | | | 3 | | 6 | | 4 | 5 |
| | 4 | | 2 | | | | 6 | |
| 9 | | 3 | | | | | | |
| | 2 | | | | | 1 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-87નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 8 | 1 | 6 | 7 | 2 | 4 | 3 | 9 |
| 7 | 9 | 2 | 8 | 4 | 3 | 6 | 5 | 1 |
| 3 | 6 | 4 | 5 | 9 | 1 | 7 | 8 | 2 |
| 4 | 3 | 8 | 9 | 5 | 7 | 2 | 1 | 6 |
| 2 | 5 | 6 | 1 | 8 | 4 | 9 | 7 | 3 |
| 1 | 7 | 9 | 3 | 2 | 6 | 8 | 4 | 5 |
| 8 | 4 | 5 | 2 | 1 | 9 | 3 | 6 | 7 |
| 9 | 1 | 3 | 7 | 6 | 8 | 5 | 2 | 4 |
| 6 | 2 | 7 | 4 | 3 | 5 | 1 | 9 | 8 |

### વિજેતા બાળકીને એક ઇનામ ઓછુ આપવાનું ભારે પડ્યું

## ગરબાના ઈનામ બાબતે બાળકીના પિતાની હત્યા બદલ પોલીસ પુત્ર સહિત ચારની ધરપકડ કરાઈ

ગુજરાત વંદન

પોરબંદરના રોકડિયા હનુમાન મંદિર પાછળ શીતલપાર્ક સોસાયટીમાં યોજાયેલી ગરબીમાં બાળાને ઈનામ ઓછું અપાતા તેની માતાએ ગરબી સંચાલકોને કરેલી રજૂઆત બાદ આઠ શખસ દ્વારા બાળાના પિતાનું અપહરણ કરીને માર મારીને ગરબી ચોકમાં હત્યા નીપજાવી હતી. આ બનાવમાં પોલીસપુત્ર સહિત ચારની ઉદ્યોગનગર પોલીસે ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા માટે તજવીજ હાથ ધરી છે.

બનાવની જાણવા મળતી વિગત પ્રમાણે, પોરબંદરના રોકડીયા હનુમાન મંદિર પાછળ સુરુચિ સ્કૂલ નજીક યોજવામાં આવેલી ગરબી મહોત્સવમાં ગરબે રમવા માટે ગયેલી કૃપાલી(ઉં.11)



નામની બાળાને એક ઈનામ ઓછું મળતા તેણીની માતા માલીબેન સરમણભાઈ ઓડેદરાએ ગરબા આયોજકોને રજૂઆત કરી હતી. જ્યાં ગરબીના આયોજકો રાજુ કેશવાલા અને તેની પત્ની ઉપરાંત રાજા કુછડીયા અને તેની પત્ની સહિત રામદે અરસી બોખીરિયા સહિતનાએ ઉગ્ર ઝઘડો કરતા માલિબેન ત્યાંથી તેણીની પુત્રી કૃપાને લઈને ઘરે આવી ગયા હતા.

ત્યારબાદ ત્રણથી ચાર મોટરસાઈકલમાં રાજા મુરૂ કાછડિયા, રાજુ ભીખુ કેશવાલા, રામદે અરસી બોખીરિયા અને પોરબંદર એસઓજીમાં ફરજ બજાવતા કિશન ગોરાણિયાનો પુત્ર પ્રતિક અને અજાણ્યા બે શખસે ઘરે આવીને દંપતીને માર્યા હતા. તેમજ માલિબેનના પતિ સરમણ ઓડેદરાનું અપહરણ કરીને બાઈકમાં બેસાડીને ગરબી ચોકમાં લઈ જઈને માર માર્યો હતો. જેમાં ગંભીર રીતે ઈજા પામેલા સરમણભાઈએ સારવારમાં દમ તોડ્યો હતો. આ બનાવ હત્યામાં પલટાયાની પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે પોલીસ પુત્ર પ્રતિક ગોરાણિયા, રાજા મુરૂ કુછડિયા, રાજુ ભીખુ કેશવાલા અને રામદે અરસી બોખીરિયાની ધરપકડ કરીને આરોપીઓને રિમાન્ડ ઉપર લેવા માટે તજવીજ હાથ ધરી છે.

## જમીન મામલે અંજાર તાલુકામાં ટોળાએ ઝૂંપડાઓ સળગાવી દીધા

ગુજરાત વંદન

કચ્છના અંજાર તાલુકાના મીંદિયાળાથી કુંભારીયા તરફ જતા માર્ગ પર મીંદિયાળા ગામની સીમમાં જમીનના કબજા બાબતે રાત્રિના અરસામાં સો થી દોઢસો લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. જેને પગલે મામલો ઉગ્ર બની જતા ઉશ્કેરાયેલા લોકોએ બે જેટલા ઝુંપડા અને એક ગાડીમાં આગ લગાડી દીધી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સજ્જડ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઘટનાસ્થળેથી મળતી માહિતી મુજબ, અંજાર તાલુકાના મીંદિયાળા ગામની સીમમાં આવેલી જમીન મુદ્દે આ ઘર્ષણ થયું હતું. આ જમીન ઉપર કબજા બાબતે ચાલ્યા આવતા ખટરાગમાં આજે રાત્રિના અરસામાં સોથી દોઢસો જેટલા લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું અને વિસ્તારમાં



દોડી જઈ બે જેટલા ઝુંપડા તેમજ એક ફોરવ્હિલ ગાડીમાં આગ ચાંપી દીધી હતી.

આ બનાવની જાણ થતાં અંજાર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમજાવટના પ્રયાસો હાથ ધર્યા હતા.આ દરમ્યાન પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમાર પણ બનાવસ્થળે દોડી જઈ સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પોલીસના અંતરંગ સૂત્રોનું માનીએ તો સીમમાં આવેલી જમીનમાં દેશી દારૂનો વેપલો પણ આ ઘટના પાછળ કારણભૂત હોવાનું જાણવા મળી રહ્યું છે, અંજાર પીઆઈ એસ.બી. સિસોદિયાનો સંપર્ક કરતાં કહ્યું હતું કે, હાલ સ્થિતિ નિયંત્રણમાં છે.

### શહેરમાં ક્યાંય આવા નશીલા પદાર્થનું વેચાણ થતું હોય તો પોલીસને જાણ કરો...

## શિક્ષણ વિભાગની મદદ લઈ પોલીસ ડ્રગ્સ પેડલરો પર ધોંસ બોલાવશે

### નશીલા દ્રવ્યની હેરાફેરી- વેચાણ અટકાવવા માટે કમિટીની મિટિંગ યોજાઈ

ગુજરાત વંદન

રાજકોટ શહેરમાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા, માદક દ્રવ્યોના સેવનની પ્રવૃત્તિ પર નિયંત્રણ મુકવા તથા નાર્કોટિક્સની ગેરકાયદે હેરાફેરી અને વેચાણ અટકાવવા માટે શહેર પોલીસ કમિશનરની રાજુ ભાર્ગવની અધ્યક્ષતામાં, રાજકોટ પોલીસ કમિશનરશ્રી કચેરી ખાતે નાર્કો કો ઓર્ડીનેશન સેન્ટર કમિટીની મિટિંગ યોજાઈ હતી.

આ બેઠકમાં શહેર પોલીસ કમિશનરની રાજુ ભાર્ગવે કહ્યું હતું કે, મોટા ભાગે કિશોરો -યુવાનો નશીલા દ્રવ્યોમાં સપડાતા જોવા મળે છે ત્યારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ નશીલા પદાર્થના રવાડે ન ચડે તેની તકેદારી શિક્ષણ વિભાગે ખાસ લેવી જોઈએ. શહેરમાં ક્યાંય પણ ચરસ, ગાંજો, અફીણ, હેરોઈન જેવા નશીલા પદાર્થોનું વેચાણ થતું હોય તો તેની જાણ પોલીસ વિભાગને તાત્કાલિક કરવી જોઈએ. જેથી આ દૂષણના ભરડાને ટાળવા પોલીસ કડક કાર્યવાહી કરી શકે.

આ બેઠકમાં નાર્કોટીકસ વિશેનું પ્રેઝન્ટેશન પી.પી.ટી.ના માધ્યમથી નાયબ પોલીસ કમિશનર(ક્રાઈમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલે રજૂ કર્યુ હતું. જેમાં અવેરનેસ કેમ્પ, નશીલા દ્રવ્યોના ટ્રાફિકીંગ રૂટ, નશીલા દ્રવ્યોની શારીરિક - માનસિક અસરો, પોલીસ વિભાગ દ્વારા પકડાતું ડ્રગ્સ, ડ્રગ્સને નાશ કરવાના નિયમો, વ્યસન મુક્તિ માટે નાગરિકોની ફરજો, રિહેબિલીટેશન સેન્ટર વગેરેનો સમાવેશ કરાયો હતો.

આ મિટિંગમાં ડી.સી.પી. ઝોન - 1 સજ્જનસિંહ પરમાર, પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી અને સંદીપકુમાર વર્મા, નાયબ નિયામક વિકસતી જાતિ જે.એ.બારોટ, ખેતીવાડી અધિકારી તૃપ્તિ પટેલ, એ.સી.એફ એસ.ટી. કોટડીયા, નાર્કોટિકસ કંટ્રોલ બ્યુરોના ક્રિષ્ન મોહન પ્રસાદ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## કેન્સર સામેના જંગમાં પાટીદાર તથા જૈન સમાજની અનુકરણીય પહેલ

### ઘરથી હોસ્પિટલ અને સારવાર માટેનો તમામ ખર્ચ ઉપાડે છે જૈન યુવક સેવા સંસ્થાની મહિલાઓ

ગુજરાત વંદન

મહિલાઓ સ્તન કેન્સર વિશે જાગૃત બને તેમજ સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવી કેન્સર સામે રક્ષણ મેળવે તે હેતુથી વૈશ્વિક સ્તરે ઓક્ટોબર માસને "સ્તન કેન્સર જાગૃતિ માસ" તરીકે ઉજવવામાં આવે છે. સ્ત્રીઓમાં ચિંતાજનક રીતે સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે જરૂરી બન્યું છે કે મહિલાઓ શરમ અને સંકોચ છોડી સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરાવે અને કેન્સરની હાડમારીથી રક્ષણ મેળવે. કેન્સર જાગૃતિ માસની ઉજવણીમાં જામનગરની જૈન તથા પાટીદાર સમાજની સામાજિક સંસ્થાઓએ પ્રેરણાદાય પહેલ આરંભી છે.

આ સંસ્થાઓ પોતાના સમાજની બહેનોનું ગૃપ બનાવી તેઓને જામનગરની જી.જી. હોસ્પિટલ સુધી લઈ આવે છે. જ્યાં આ મહિલાઓની સ્ક્રીનીંગ મેમોગ્રાફી કરવામાં આવે છે અને ત્યારબાદ જો કોઈ મહિલામાં કેન્સરના લક્ષણો જણાય તો તેને આગળની સારવારમાં પણ સંસ્થા સંપૂર્ણપણે મદદરૂપ બને છે.આમાંની જૈન સેવા સંસ્થા મહિલાઓને ઘરેથી હોસ્પિટલ સુધી લાવવા લઈ જવા તેમજ મેમોગ્રાફી સહિતનો તમામ ખર્ચ પૂરો પાડે છે.જ્યારે શ્રી ખોડલધામ મહિલા સમિતિ મહિલાઓને હોસ્પિટલ સુધી લાવવા-લઈ જવાનો ખર્ચ ઉપાડી બખૂબી સામાજિક જવાબદારીનું વહન



કરે છે.

આ અંગે જૈન યુવક સેવા સંસ્થાના રીટા મહેતા જણાવેલ કે જી.જી. હોસ્પિટલમાં તદ્દન નજીવા દરે મેમોગ્રાફી તપાસ કરવામાં આવે છે તે અંગેની અમારી સંસ્થાને જાણ થઈ જેથી સમાજની મહિલાઓ કેન્સરથી બચી શકે તે માટે તેઓને જી.જી. હોસ્પિટલ સુધી લઈ જવાની તેમજ તે અંગેનો તમામ ખર્ચ ઉપાડવાની અમારી સંસ્થાએ તૈયારી બતાવી. આથી સમાજની મહિલાઓ પણ ઉત્સાહભેર મેમોગ્રાફી કરાવવા આગળ આવી અને નિરંતર સંસ્થા દ્વારા 15-20 બહેનોનું ગૃપ બનાવી આ બહેનોની મેમોગ્રાફી કરાવવામાં આવી રહી છે.સંસ્થા દ્વારા ખાસ ઝુંબેશના ભાગરૂપે આ કામગીરી હાથ ધરાઈ છે અને અત્યાર સુધીમાં 200 જેટલી મહિલાઓનું મેમોગ્રાફી ચેકઅપ પૂર્ણ થયું છે. રીટાબહેને અન્ય તમામ સમાજોને પણ અપીલ કરતાં જણાવ્યું છે કે તમામ જ્ઞાતિઓ કેન્સર સામેના જંગમાં સહભાગી બને અને સમાજને કેન્સર મુક્ત બનાવવા યથાશક્તિ પ્રયત્નો કરે.

## અંબાજીમાં પીએમના આગમનને લઈ ત્રણ દિવસનું સફાઈ મહાઅભિયાન

### 300 જેટલાં તલાટી - કમ - મંત્રીઓ સફાઇ અભિયાનમાં જોડાયા

ગુજરાત વંદન

આગામી તા. ૩૦ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નેરન્દ્રભાઈ મોદી અંબાજી ખાતે આદ્યશક્તિપીઠ મા અંબાના દર્શનાર્થે પધારનાર છે. તેમના આગમનને લઈ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મા અંબાના ધામમાં વડાપ્રધાનના આગમનને અનુલક્ષી બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંબાજીમાં ત્રણ દિવસ સુધી સફાઈનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અંબાજીમાં સફાઈ માટે જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરેના સીધા માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર



દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. આવતીકાલથી વિવિધ સેવાભાવી સંસ્થાઓ પણ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને મા અંબા ના ધામની સ્વચ્છતા અને પવિત્રતતા જળવાય તે માટે સફાઈ કરશે.

આ સફાઈ અભિયાન અંતર્ગત આજે યાત્રાધામ અંબાજીમાં પાલનપુર, વડગામ, દાંતા અને અમીરગઢ તાલુકાના ૩૦૦ જેટલાં તલાટી કમ મંત્રીઓ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. સમગ્ર અંબાજી અને અંબાજીના વિવિધ રસ્તાઓ ઉપરના ડિવાઈડરમાં પણ ક્યાંય કચરો કે ગંદકી ન દેખાય તે માટે કચરો વીણીને અંબાજી સ્વચ્છ, સુંદર બને તે માટે ચોક્કસાઈપૂર્વક સફાઈ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા રાષ્ટ્રને સ્વચ્છ બનાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આહવાન કરીને 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પણ બે મહિના સુધી સમગ્ર રાજ્યમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો હેઠળ રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવાના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં લોકો પણ સ્વયંભૂ જોડાઈને શ્રમદાન કરી રહ્યા છે.

## રેલવે કોન્ટ્રાક્ટમાં ભાગીદારીની લાલચ આપી ગાંધીધામના વેપારી સાથે 25 લાખની છેતરપિંડી

ગુજરાત વંદન

રેલવે કોન્ટ્રાકટમાં ભાગીદારી રાખવાની લાલચે ગાંધીધામના વેપારી સાથે ત્રણ જણે રૂા.25 લાખની છેતરપિંડી કરી હોવાનો મામલો બી ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયો હતો.

શહેરમાં ઋષભ પ્રોપર્ટીસના પ્રોપરાઈટર પાર્થ હરેશ મહેતાએ મુંબઈની સુપરટેક ફેસીલીટી મેનેજમેન્ટ સર્વિસીસ પ્રા.લી તથા અમિત રંગનાથ પોંજા, રંગનાથ બેલ્યુરે પોંજા, નવ્યા અમિત પોંજા વિરુધ્ધ ગુનો દર્જ કરાવ્યો હતો.

પોલીસ સુત્રોએ વિગતો આપતા જણાવ્યું હતું કે રેલવે કોન્ટ્રાકટમાં ભાગીદારીમાં કામ કરવાની દરખાસ્ત આપી તહોમતદારોએ જુદા-જુદા ટેન્ડર ભરવા ચેક વડે રૂા.25 લાખ લીધા હતા. ત્યારબાદ આરોપીઓ ટેન્ડર પ્રક્રિયા ચાલુમાં તેમ કહી જુદી-જુદી વાતો સાથે વાયદા કરી ટેન્ડર અંગે કોઈ સ્પષ્ટ વાત કરતા ન હતા. ભારે મથામણ બાદ આરોપીઓએ લીધેલી રકમ પરત આપવા માટે ચેક આપ્યો હતો. જે અપુરતા ભંડોળના કારણે પરત થયો હતો.

ગત તા.15/11/2021 થી તા.26/10/2023 સુધી ગુનાહિત કાવતરૂ રચી વિશ્વાસઘાત અને છેતરપિંડીના પ્રકરણમાં પોલીસે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો તળે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ આરંભી છે.


## કેન્યાની આઝાદીના 60મા વર્ષે ત્રણ કચ્છી આગેવાનોએ બ્રિટનના રાજાની સાથે મુલાકાત કરી

### કિંગ ચાર્લ્સે વ્યક્તિગત ખબર-અંતર પૂછ્યા, કેન્યા ક્યારે ગયા હતા વગેરે સહિતના પ્રશ્નો કર્યા

ગુજરાત વંદન

જેમ ભારત દેશ અંગ્રેજોના શાસન હેઠળ રહ્યો તેમ આફ્રિકન દેશ કેન્યા પણ બ્રિટિશ હકૂમત હેઠળ હતો. આઝાદ થયાને 60 વર્ષ પૂર્ણ થતાં લંડન ખાતે બિનનિવાસી કેન્યનનું મિલન યોજાયું હતું જેમાં ત્રણ કચ્છી આગેવાનો સામેલ થયા હતા. બ્રિટનના રાજાનું આમંત્રણ અને વિશ્વખ્યાત બકિંગહામ પેલેસનું નોતરું ગૌરવપ્રદ ગણાય છે.

કિંગ ચાર્લ્સ તૃતીયએ કેન્યાની આઝાદીના છ દાયકા પૂર્ણ થવા નિમિત્તે લંડન વસતા મૂળ કેન્યન નાગરિકો ઉપરાંત આમંત્રિત કેન્યન એવા 300 વ્યક્તિ સાથે મિલન યોજ્યું હતું તેમાં માધાપરના પરેશ ભુડિયા અને તેના સંબંધી ઉપરાંત સંસ્થાકીય રીતે કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના અધ્યક્ષ



માવજીભાઈ ધનજી વેકરિયા (કેન્ફોર્ડ) ઉપસ્થિત હતા. માવજીભાઈએ જણાવ્યું કે, કિંગ ચાર્લ્સે વ્યક્તિગત ખબર-અંતર પૂછ્યા, કેન્યા ક્યારે ગયા હતા વગેરે. સહિતના પ્રશ્નો કર્યા હતા.

દરમ્યાન, કચ્છ લેવા પટેલ કોમ્યુનિટીનાં કાર્યો અને કચ્છ સંલગ્ન મંદિરોની પ્રવૃત્તિ વિશે માહિતી લીધી હતી. આમંત્રણ બદલ તેમણે સમગ્ર કોમ્યુનિટી વતી કિંગ ચાર્લ્સ અને રાણી કેમિલાનો આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બ્રિટને જ્યાં-જ્યાં શાસન કર્યું તે કોમનવેલ્થ દેશોના વિશેષ પ્રસંગોએ રાજ પરિવાર મિલનના કાર્યક્રમ યોજતા રહે છે. આ વખતે કેન્યાનો પ્રસંગ હોવાથી યુ.કે.માં સ્થાયી થયેલા કેન્યન મૂળના આગેવાનોને બોલાવ્યા હતા. કચ્છીઓ કેન્યા, યુગાન્ડાથી વિસ્થાપિત થઈ બ્રિટન આવ્યા હોઈ બિનનિવાસી કેન્યન તરીકે આમંત્રિત કરાયા હતા.

## જામનગરમાં મહિલાનું ફેક આઇડી બનાવી બદનામ કરનાર ઝડપાયો

ગુજરાત વંદન



જામનગરમાં એક શિક્ષિત અને મોટી ઉંમરના મહિલાએ સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર પોતાની આઈડી બનાવી હતી. જે આઈડીમાં પ્રોફાઈલમાં મહિલાએ પોતાનો ફોટો રાખ્યો હતો. તે પિકચરમાંથી આરોપીએ સ્ક્રીનશોટ મારફત ફોટો મેળવી લીધો હતો અને મહિલાના નામમાં અભદ્ર શબ્દનો ઉમેરો કરીને તેમના પુત્રોની સમાજમાં બદનામી થાય તે હેતુથી મહિલાના સગા-સંબંધીને અને પુત્રના સ્ટાફના સભ્યોને અને મિત્રોને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી અશ્લીલ કોમેન્ટો કરી હતી. અને મહિલાને ઓનલાઈન બદનામ કરવાનું ગુનાઈત કૃત્ય આચર્યું હતું.

આ અંગે મહિલાની ફરિયાદના આધારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ટેકનીકલ માહિતી મંગાવી, એનાલીસીસ કરી આ બાબતની ખરાઈ કરી હતી. જેના પરથી આરોપીનું લોકેશન મેળવાયું હતું. આરોપીનું લોકેશન મહારાષ્ટ્રના પુણેમાં મળતા સાયબર ક્રાઈમની ટીમ પુણે પહોંચી હતી અને આરોપી રહે.પુણે, મૂળ દાહોદના ફતેપુરાના વતની નીપુણ રજનીકાંત પટેલ (ઉં.22)ને ઝડપી લીધો હતો. જામનગર સાયબર ક્રાઈમની ટીમે આરોપીને જામનગર લાવી રિમાન્ડ માટે તજવીજ હાથ ધરી છે.

### ગંભીર ઘટના અંગે તંત્રને રજૂઆત કરવા છતાં કોઇ કાર્યવાહી થઇ નથી- વાલીઓ

## સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે ક્લાસમાં મસ્તી કરતાં 13 વિદ્યાર્થીઓને ડામ આપતા ખળભળાટ મચ્યો

ગુજરાત વંદન

સાબરકાંઠા જિલ્લામાં રુંવાડા ઉભા કરી નાખે એવી ઘટના બની છે. સાબરકાંઠા જિલ્લાની એક સ્કૂલમાં મસ્તી કરવા બદલ 13 વિદ્યાર્થીને ડામ આપવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સમગ્ર મામલે વાલીઓએ પોલીસ, કલેક્ટર અને જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં ફરિયાદ કરી છે.

ભૂલકાઓને તાલિબાની સજાની આ ગંભીર ઘટનાની તંત્રને રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરાઈ હોવાનો આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતેના ખેરોજની નચિકેતા વિદ્યાલય વિવાદમાં સપડાઈ છે.

નિધિ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી નચિકેતા વિદ્યાલયમાં થોડા દિવસ અગાઉ વિદ્યાર્થીઓ મસ્તી કરતા હોવાથી 13 જેટલાં બાળકોને ડામ આપવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં વાલીઓ સ્કૂલમાં પહોંચ્યા હતા. જ્યાં તેઓએ સ્કૂલના પ્રિન્સિપાલને આ મામલે ફરિયાદ કરી હતી. જે બાદ વાલીઓ સીધા ખેરોજ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેઓએ આ મામલે લેખિતમાં ફરિયાદ નોંધાવી જવાબદાર સામે આકરી કાર્યવાહી કરવાની માગ કરી હતી. આ ઉપરાંત વાલીઓએ જિલ્લા કલેક્ટર અને જિલ્લા શિક્ષણાધિકારીને પણ લેખિતમાં રજૂઆત કરી હતી.

અનુસંધાન પેજ 12 પરથી...

### શહેરીજનોને રખડતા...

શહેજાદખાન પઠાણના આક્ષેપ મુજબ, વર્ષ-૨૦૨૦-૨૧માં કૂતરાંના ખસીકરણ પાછળ રુપિયા ૨.૩૦ કરોડ, વર્ષ-૨૦૨૧-૨૨માં રુપિયા ૨.૫૬ કરોડ તથા વર્ષ-૨૦૨૨-૨૩માં રુપિયા ૪.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ રખડતા કૂતરાં કરડવાના બનાવ સતત બની રહયા છે.

હાલમાં શહેરમાં રખડતા કૂતરાં કરડવાના રોજ ૨૦૦ બનાવ બની રહયા છે.શ્વાન કરડવાના વર્ષ-૨૦૨૦માં ૫૨,૩૧૮, વર્ષ-૨૦૨૧માં ૫૧૮૧૨ અને વર્ષ-૨૦૨૨માં ૫૯૫૧૩ કેસ મળી ત્રણ વર્ષમાં કૂતરાં કરડવાના કુલ ૧,૬૩,૬૪૩ કેસ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલમાં નોંધાવા પામ્યા છે.

રેવન્યુ કમિટીના ચેરમેન જૈનિક વકીલે ૨૧ એપ્રિલ-૨૦૨૨ના રોજ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી શહેરમાં રખડતા કૂતરાંને લઈ નાગરિકોને એક સ્થળેથી બીજા સ્થળે અવરજવર કરવી મુશ્કેલ બનતી હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સ્વૈચ્છીક સંસ્થાઓ માલિક વગરના રખડતા કૂતરાંઓને એક જગ્યાએ રાખવાની વ્યવસ્થા કરે એવી વ્યવસ્થા ગોઠવવા રજુઆત કરી હતી.

થોડા વર્ષ પહેલા બહેરામપુરા વોર્ડમાં ખોડીયારનગર ચાર રસ્તાથી સુએજફાર્મ જવાના રસ્તા ઉપર ૩૪થી વધુ શ્વાનની લાશ રઝળતી જોવા મળી હતી.ફતેવાડી વિસ્તારમાં અનેક કૂતરાંઓએ ૧૧ વર્ષના બાળકને શરીરના વિવિધ ભાગમાં બચકાં ભરી લોહીલુહાણ કરી દીધો હતો.

શહેરના મેયર અને મ્યુનિસિપલ કમિશનર જ્યાં બેસી શહેરનો વહીવટ કરે છે એવી દાણાપીઠ વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં જ શ્વાનનો મોટાપ્રમાણમાં અડ્ડો જોવા મળે છે.આમ છતાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

### એસ.ટી...

વિશેષ પુછપરછ માટે નિગમના ટોલ ફી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬ ૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે.

આ વર્ષે એસ. ટી. વિભાગે ચેલેન્જ સ્વીકારી તા.૨જી નવેમ્બર થી ૧૦મી નવેમ્બર દરમિયાન દૈનિક ૧૫ બસોનો વધારો કરીને ૧૦૧ નવી એસ. ટી. બસો પ્રજાની સેવામાં મુકવામાં આવનાર હોવાની વિગતો આપી હતી. નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની એસ.ટી.બસોનું સંચાલન કરી રાજ્યની જનતાને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા પરિવહન સેવા પુરી પાડે છે.

સુરતથી ભાડાની વિગતો જોઈએ તો અમરેલી રૂ. ૪૦૦, સાવરકુંડલા રૂ.૪૨૫, ભાવનગર રૂ. ૩૫૦, મહુવા રૂ.૪૦૫, રાજકોટ રૂ. ૩૮૫, જુનાગઢ રૂ.૪૩૫, જામનગર રૂ. ૪૪૫, અમદાવાદ રૂ. ૨૮૦, દાહોદ રૂ. ૩૦૫, છોટાઉદેપુરરૂ.૨૭૫છે

### FICCI દ્વારા...

મળ્યો હતો, જ્યારે એક્માત્ર અમદાવાદની સિવિલ હોસ્પિટલને ૨ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવી છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ રાકેશ જોશી અને તેમની ટીમ દ્વારા આ બહુમાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

### યુવાનોના હાર્ટઅટેક...

મૃત્યુની ઘટના બની રહી છે. જેના માટે યુવાઓની જીવનશૈલી પણ એટલી જ જવાબદાર છે. તેમ છતાં તેના કારણોની તપાસ ચાલી રહી છે. હાર્ટ એટેકથી મૃત્યુ થઈ રહ્યા છે તે યુવાઓના પોસ્ટમોર્ટમ તથા તેની આગળની વૈજ્ઞાનિક તપાસ પણ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં છેલ્લા 6 મહિનામાં 1060થી વધુ લોકોના હાર્ટ એટેકથીમોતથયાછે.

### પીએમ મોદી...

મોનિટરિંગ કરવા કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યો છે. PM મોદી 30 ઓક્ટોબરે ખેરાલુના ડભોડામાં સભા સંબોધશે.

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ડભોડા ગામે 30 ઓક્ટોબરે PM મોદીની સભાનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન રૂ.4778 કરોડના વિકાસકાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ થશે તેવું પૂર્વ ગૃહપ્રધાન રજની પટેલે જણાવ્યું હતું. પીએમ મોદી ખેરાલુના ડભોડામાં મહેસાણા, પાટણ, બનાસકાંઠાની સંયુક્ત સભાને સંબોધશે. વડાપ્રધાન મહેસાણા જિલ્લાની મુલાકાતે આવી રહ્યા હોવાથી ભાજપ કાર્યકરો-આગેવાનોમાં આનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પીએમ મોદી 31 ઓક્ટોબરે કેવડીયામાં હાજર રહેશે. જ્યાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ એકતા દિવસ નિમિત્તે યોજાનારી એકતા પરેડમાં હાજરી આપશે. કેવડીયા ખાતે પણ વિવિધ સુવિધાઓનુ લોકર્પણ અને ખાતમુર્હૂત કરશે. 31મી ઓક્ટોબરને એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### છોટાઉદેપુરમાંથી આખી...

લેવા પહોંચી ગયો હતો અને હવે તો એનાથી પણ એક સ્ટેપ આગળનો મામલો સામે આવ્યો છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### ઇજરાયેલનો હુંકાર...

અમે મિત્રો છીએ અને મિત્રો તે જ કરે છે. અમેરિકાએ ઈઝરાયેલની હમાસ પર હુમલો કરવા માટે ખુલ્લો દોર આપી દીધો છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે અને ગાઝામાં ઈઝરાયેલનો બોમ્બમારો ચાલુ છે. ગાઝા પટ્ટીના ઘણા વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધને તાત્કાલિક રોકવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે અમે વિવિધ પક્ષોને તણાવ ઘટાડવા અને હિંસાથી દૂર રહેવાની અપીલ કરીએ છીએ. આ સાથે જ ભારતે યુએન જનરલ એસેમ્બલીમાં ઈઝરાયેલ-હમાસ સંઘર્ષમાં તાત્કાલિક માનવતાવાદી યુદ્ધવિરામના ઠરાવના મતદાનથી દૂર રહ્યું હતું. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના 193 સભ્યો જેઓ 10મા કટોકટી વિશેષ સત્ર માટે ફરીથી મળ્યા હતા, તેમણે જોર્ડન દ્વારા સબમિટ કરેલા ડ્રાફ્ટ ઠરાવ પર મતદાન કર્યું હતું.

### ભારતના પાડોશી...

પ્રમાણે ભૂકંપના આંચકા ત્રણથી ચાર સેકેન્ડ સુધી અનુભવાયા હતા. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્ર નેપાળના કાંઠમંડુથી નજીક નોંધાયું હતું.

અનુસંધાન પેજ 10 પરથી...

### સોશિયલ મીડિયા...

અને સમાજમાં વધતા જતા મતભેદોનું મુખ્ય કારણ ગણી શકાય. સોશિયલ મીડિયા માટે મોબાઈલના ઉપયોગ પર સ્વ-નિયંત્રણની જરૂર છે. સગવડ કે માહિતી માટે તેનો ઉપયોગ કરવો તે જરૂરીયાતનું સાધન કહી શકાય પણ મોજશોખ અને તનમનના ગલગલિયા માટે તેનો ઉપોયગ ઘાતક નિવડી શકે છે. હવે પછી તમે તમારું સ્ટેટસ અપડેટ કરતી વખતે, તમે તમારા મૂડને વ્યક્ત કરવા જઈ રહ્યા છો કે કેમ તે તપાસો, જે તમે તમારા પ્રિયજનો સાથે વાતચીત દ્વારા પણ લાગણી વ્યકત કરી શકો છો....!

# 4 લાખથી વધુ ધનિકો ભારતમાંથી સ્થળાંતર કરી વિદેશમાં સ્થાયી થયા

ગુજરાત વંદન

વિકસિત ધનવાન દેશોમાં 2021માં સ્થાયી થનારા વિદેશી વસાહતીઓમાં સૌથી વધુ સંખ્યા ભારતીયોની હતી. વિકસિત દેશોના સંગઠન ઓઈસીડી (ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશ ઍન્ડ ડેવલપમેન્ટ) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર 2021માં ભારતના 4,07,000 નાગરિકો ઓઈસીડીના સભ્ય રાષ્ટ્રોમાં સ્થાયી થયા હતા. 2020માં 2,20,000 ભારતીયો વિદેશમાં સ્થાયી થયા હતા જ્યારે 2021માં તેમાં 86 ટકાનો વધારો થયો હતો.

ભારત પછી ચીનના 2,83,000 નાગરિકો અને રોમાનિયાના 2,15,000 નાગરિકો ઓઈસીડીના દેશોમાં સ્થાયી થયા હતા. ઓઈસીડીમાં કુલ 38 દેશોનો સમાવેશ થાય છે અને તેમાંથી મોટાભાગના દેશો માથાદીઠ ઊંચી આવક ધરાવતાં અને હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (એચડીઆઈ)માં ઉચ્ચ સ્થાન ધરાવતા દેશો છે.

2021માં જે ભારતીયો ઓઈસીડીના દેશોમાં પ્રવાસી નાગરિક તરીકે ગયા તેમાંથી 1,33,000 લોકોએ તેઓ જે દેશમાં ગયા તેનું નાગરિકત્વ પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ભારતીય લોકોએ વિદેશી નાગરિકત્વ ધારણ



કર્યું હતું. સૌથી વધુ 56,000 લોકો અમેરિકાના, 24,000 લોકો ઓસ્ટ્રેલિયાના અને 21,000 લોકો કૅનેડાના નાગરિક બન્યા હતા. ભારત પછી મેક્સિકો અને સીરિયાના લોકો સૌથી વધુ પરદેશવાસી નાગરિક બન્યા હતા.

કૅનેડામાં 2022માં સૌથી વધુ વિદેશી નાગરિકો સ્થાયી થયા હતા. 2022માં કૅનેડામાં વિક્રમરૂપ 3,75,000 નવા નાગરિક બન્યા હતા જે 2021 કરતાં 174 ટકા વધુ છે. તેમાં મુખ્યત્વે ભારતના 60,000, ફિલિપાઈન્સના 42,000 અને સીરિયાના 20,000 નાગરિકોનો સમાવેશ થાય છે.

ત્યાર બાદ વિશ્વમાં બીજા ક્રમે અમેરિકામાં સૌથી વધુ વિદેશી નાગરિકો સ્થાયી થયા હતા. 2022માં 9,70,000 લોકોને અમેરિકન નાગરિકત્વ મળ્યું હતું જે 2008 પછી સૌથી વધુ છે. વધુમાં 2021માં એશિયામાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓ ઓઈસીડીના દેશોમાં અભ્યાસ કરવા ગયા હતા. આ દેશોમાં એશિયામાંથી સૌથી વધુ 60 ટકા જેટલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ગયા હતા. જેમાં મુખ્યત્વે ચીન અને ભારતના વિદ્યાર્થીઓ હતા. 2014 કરતાં 2021માં એશિયન વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હતી, જ્યારે યુરોપિયન વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી હતી. મુખ્યત્વે યુરોપિયન ઓઈસીડી દેશોમાં એશિયન વિદ્યાર્થીઓની સંખ્યા 30 ટકાથી વધીને 36 ટકા થઈ હતી.

ઓઈસીડી દેશોમાં સૌથી વધુ ચીનના 8,85,000 વિદ્યાર્થીઓ, ભારતના 4,24,000 વિદ્યાર્થીઓ અને વિયેટનામના 1,33,000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, 2014 કરતાં 2021માં ભારતના બમણાંથી વધુ વિદ્યાર્થીઓ આ દેશોમાં અભ્યાસ કરતા હતા.

આ ઉપરાંત કૅનેડામાં પણ સૌથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ગયા હતા. આ ઉપરાંત લેટવિયા, ઓસ્ટ્રેલિયા, જર્મની, ન્યૂઝીલૅન્ડ, બ્રિટન અને અમેરિકામાં સૌથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસકરવાગયાહતા.

### સ્થાનિક બજારો, મૉલ અને ઓફ લાઈન સ્ટોરમાં જઈને જાતે ખરીદી કરવાનો આ વર્ષે મોટો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે


# 70% ભારતીય નાગરિકો દિવાળીના તહેવારો માટે ગત વર્ષની તુલનાએ વધુ ખરીદી કરશે: સર્વેક્ષણ

■ 52 ટકા નાગરિકોએ 50 લાખની અંદરના બજેટમાં આવતા ઘર ખરીદવાનો પ્લાન પણ કર્યો

ગુજરાત વંદન

આગામી તહેવારોમાં મોંઘવારીની ચિંતા કર્યા વગર લોકો આ વર્ષે મોટા મને ખરીદી કરવાની યોજના બનાવી રહ્યાં છે. સ્થાનિક બજારો, મૉલ અને ઓફ લાઈન સ્ટોરમાં જઈને જાતે ખરીદી કરવાનો આ વર્ષે મોટો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે અને તેઓ ગયા વર્ષ કરતાં વધારે ખરીદી કરવા માટે પણ તૈયાર છે. બ્રોકિંગ અને બૅન્કિંગ કંપની યુબીએસ દ્વારા કરવામાં આવેલા એક સર્વે મુજબ 70 ટકા ભારતીય નાગરિકો દિવાળીના તહેવારો માટે ગત વર્ષની તુલનાએ વધુ ખરીદી કરશે જ્યારે 18 ટકા નાગરિકોએ જણાવ્યું હતું કે ગયા વર્ષના બજેટથી વધારે તેઓ ખરીદી કરવા ઉપર અંકુશ મૂકશે.

જોકે, 11 ટકા નાગરિકોએ આ વર્ષે ગત વર્ષની તુલનાએ ઓછી ખરીદી કરવા માગે છે.



વધતી મોંઘવારી અને દૈનિક ખર્ચમાં વધારો થવાના કારણે તેમ જ આવક સ્થિર રહેવાથી ખરીદીમાં કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. તહેવારો નિમિત્તે નાગરિકોએ તેમની ખરીદીમાં પ્રાથમિકતા પણ વ્યક્ત કરી છે. તેમાંથી મોટા ભાગના નાગરિકો સ્માર્ટફોન, ટુ વ્હીલર, કાર, એસી, ટેલિવિઝન, ફ્રિજ અને લૅપટૉપ ખરીદવા પ્રાધાન્ય આપશે. પરંપરાગત રીતે તહેવારો સમયે નાગરિકો ઈલેક્ટ્રોનિક્સ ખરીદવા માટે તત્પર હોય છે પણ તે સાથે આ વર્ષે ટ્રેન્ડમાં સહેજ બદલાવ આવ્યો છે અને તેઓ ગોલ્ડ અને દાગીના જેવી અસ્ક્યામતો ખરીદવાનું પણ વિચારી રહ્યા હોવાનું આ સર્વેમાં જણાવ્યું છે.

જોકે, આ વર્ષે ઓન લાઈન ખરીદીનો ટ્રેન્ડ પણ જબરદસ્ત જોવા મળી રહ્યો છે. નાના અને મધ્યમ શહેરોમાં તહેવારોની ખરીદી મૉલ અને માર્કેટમાં વિશેષરૂપે હંમેશ મુજબ જોવા મળશે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીનાં શહેરોમાં ડિજિટલ પેમેન્ટમાં વધારો થઈ રહ્યો હોવાના કારણે ખરીદીમાં વધારો અપેક્ષિત હોવાનું આ સર્વેમાં કહેવામાં આવ્યું છે. આ વર્ષે મોંઘવારી વધારે હોવાના કારણે જે નાગરિકો ખરીદી કરવા માગે છે તેમને બજેટ વધારવાની ફરજ પડશે. સર્વે મુજબ તેમને ગત વર્ષ કરતા છથી સાત ટકાનો વધારાનો બોજ ખર્ચમાં આવશે. તે સાથે પાછલા ત્રણ માસમાં સર્વેમાં ભાગ લેનાર 50 ટકા જેટલા નાગરિકોએ આગામી લગનસરાની મોસમ માટે સોનાની ખરીદીમાં વધારો કર્યો છે. તે સાથે બાવન ટકા નાગરિકોએ રૂ. 50 લાખની અંદરના બજેટમાં આવતા ઘર ખરીદવાનો પ્લાન પણ કર્યો છે.

નવા ગ્રાહકોમાં જાતે મૉલ અથવા દુકાનોમાં જઈને ખરીદી કરવાનું માનસ વધ્યું છે. તેઓ માત્ર મૉલની દુકાનોમાં જઈને ખરીદી કરીને પાછા ઘરે ફરવામાં આનંદ લેવા માગતા નથી. તેઓ ખરીદીનો સંપૂર્ણ અનુભવ અને સંતોષ લેવા માગે છે, એમ એક સર્વેમાં બહારઆવ્યું હતું.

### મસૂરની આયાત ઘટશે તો સ્થાનિક બજારોમાં તેના ભાવ વધી શકે

# રાજદ્વારી સંઘર્ષના કારણે કેનેડાથી મસૂરની આયાતના કોઈ નવા કૉન્ટ્રાક્ટ થયા નથી

■ મસૂરના આયાતકારોને ભય છે કે બેમાં કોઈ પણ દેશ દ્વેષભાવનાથી વધુ પડતી જકાત નાખી શકે છે

ગુજરાત વંદન



ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલાં રાજકીય સંઘર્ષના કારણે કેનેડાથી મસૂરની આયાતના કોઈ નવા કૉન્ટ્રાક્ટ થયા નથી. મસૂરના આયાતકારોને ભય છે કે બેમાં કોઈ પણ દેશ દ્વેષભાવનાથી વધુ પડતી જકાત નાખી શકે છે એમ આયાત-નિકાસના સૂત્રોએ જણાવ્યું હતું.

2022-23માં કેનેડાએ ભારતમાં સૌથી વધુ મસૂરની નિકાસ કરી હતી. ભારતની મસૂરની કુલ આયાતના અર્ધાથી વધુ મસૂરની આયાત કેનેડામાંથી થઈ હતી. ત્યાંથી કુલ 4,85,492 શિપમેન્ટ ભારતમાં આવ્યા હતા.

એક મોટી આયાત-નિકાસ પેઢીના વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભારત કેનેડા વચ્ચેના વધતા જતા રાજકીય તણાવ વચ્ચે મસૂરની આયાતના કોઈ નવા કૉન્ટ્રાક્ટ થયા નથી. આમ છતાં રાજકીય વિવાદ શરૂ થયો તેની પહેલા જેટલા કૉન્ટ્રાક્ટ કરવામાં આવ્યા હતા તેનો અમલ થઈ રહ્યો છે. હાલમાં અનાજ સહિતના મોટા ભાગના ખાદ્યપદાર્થોમાં ફુગાવો વધુ છે અને તેમાં પણ કઠોળનો ફુગાવો ગત મહિને 13 ટકા હતો. આ સંજોગોમાં મસૂરની આયાત ઘટશે તો સ્થાનિક બજારોમાં તેના ભાવ વધશે.

ગત મહિને કેનેડાના વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોએ આક્ષેપ કર્યો હતો કે જૂનમાં બ્રિટીશ કોલંબિયમાં એક શીખ અલગતાવાદી નેતા હરદિપસિંગ નિજ્જરની હત્યા થઈ તેમાં ભારતીય એજન્ટોનો હાથ છે. જોકે ભારતના વિદેશ મંત્રાલયે આ આક્ષેપોને વાહિયાત ગણાવ્યા હતા.

આ રાજકીય બાબત બન્યા પછી ભારતે જણાવ્યાં મુજબ, કેનેડાએ તેના 41 ડિપ્લોમેટસ (ભારતમાં રહેતા કેનેડિયન રાજદ્વારીઓ) ને હટાવી લીધા હતા. આ પહેલા કેનેડાએ એક ભારતીય રાજદ્વારીને નિષ્કાસિત કર્યો હતો. જોકે અત્યાર સુધીમાં બંનેમાંથી કોઈ પણ દેશે દ્વિપક્ષી વ્યાપારને નિયંત્રિત કરવા માટે કોઈ પણજકાતનાખીનથી.

# ઈઝરાયલ-હમાસ યુદ્ધ વૈશ્વિક અર્થતંત્ર માટે ખતરો : વર્લ્ડ બૅંકના પ્રમુખનો મત

ગુજરાત વંદન

વર્લ્ડ બૅંકના પ્રમુખ અજય બંગાએ કહ્યું હતું કે ઈઝરાયલ-હમાસ યુદ્ધ વિશ્વ (વૈશ્વિક) અર્થતંત્ર અને એના વિકાસ માટે ગંભીર ફટકો સાબિત થઈ શકે છે. સાઉદી અરેબિયામાં એક ઈન્વેસ્ટર- કોન્ફરન્સને સંબોધતાં તેમણે કહ્યું હતું કે વિશ્વ એક ખૂબ જ ખતરનાક મોરચે ઊભું છે.

તેમણે કહ્યું હતું કે દુનિયામાં ઘણુંબધું ચાલી રહ્યું છે અને તાજેતરમાં જ ઈઝરાયલ અને



ગાઝાને કારણે જિયોપોલિટિક્સ પણ પ્રભાવિત થઈ છે. દિવસના અંતે જ્યારે તમે આ બધું એકસાથે મૂકશો તો મને લાગે છે કે એની આર્થિક વૃદ્ધિ પર ગંભીર અસર પડશે.અજય બંગાએ વધુમાં જણાવ્યું હતું કે ભૌગોલિક રાજકીય તણાવ વિશ્વની અર્થવ્યવસ્થા માટે સૌથી મોટો ખતરો છે. આવી બાબતો ઝડપથી આર્થિક જોખમો વધારે છે અને એની અવગણના ન કરવી જોઈએ.

ભારતીય મૂળના અજય બંગા આ વર્ષે 2 જૂનથી વર્લ્ડ બૅંકના પ્રમુખ છે. તેમનો કાર્યકાળ 5 વર્ષનો છે. ફેબ્રુઆરીમાં યુએસ પ્રમુખ જો બાઈડને તેમને આ પદ માટે નામાંકિત કર્યા હતા. બંગા વર્લ્ડ બૅંકની અધ્યક્ષતા કરનારા પ્રથમ ભારતીય-અમેરિકન છે.

### IMFની આગાહી : આગામી કેટલાંક વર્ષો સુધીમાં ભારત ચિત્તાની ઝડપે પ્રગતિ કરનારો દેશ બની જશે




# વિશ્વની આર્થિક પ્રગતિમાં ભારતની ભાગીદારી 5 વર્ષમાં વધીને 18% થશે

ગુજરાત વંદન

આગામી કેટલાંક વર્ષો સુધીમાં ભારત ચિત્તાની ઝડપે પ્રગતિ કરનારો દેશ બની જશે. આથી આગામી 5 વર્ષમાં એટલે કે 2028 સુધીમાં વિશ્વના આર્થિક વિકાસ (ઈકોનોમિક ગ્રોથ)માં ભારતની ભાગીદારી 18%ની થશે, જે અત્યારે 16%થી થોડી ઓછી છે. આઈએમએફના તાજેતરના અહેવાલમાં આ વાતનો ઉલ્લેખ કરાયો છે.

2022માં ભારતીય અર્થવ્યવસ્થાનું કદ 282 લાખ કરોડ રૂપિયા હતું, જે 2028 સુધીમાં 500 લાખ કરોડ થઈ શકે છે. ભારત અને ચીનની મળીને વિશ્વની આર્થિક પ્રગતિમાં 50% ભાગીદારી છે. ભારતમાં આ વર્ષે જીડીપીનો ગ્રોથ રેટ 6.3% રહી શકે છે,

અર્થવ્યવસ્થામાં ભારતીય વપરાશકારોનો વિશ્વાસ સૌથી વધુ છે. વપરાશકાર સૂચકાંક 90 છે. જે યુરોઝોનમાં 60 છે. ઈંગ્લૅન્ડને બાદ કરતાં સમગ્ર યુરોઝોન અને અમેરિકામાં વપરાશકારોનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે.

આરબીઆઈના સરવેમાં મધ્યમ વર્ગનું માનવું છે કે જરૂરી વસ્તુઓના ભાવ ઘટી રહ્યા છે. મોટા ભાગની વસ્તુઓના ભાવ ગત વર્ષ કરતાં 7-8% વધુ છે. સપ્ટેમ્બર, 2021માં મોંઘવારી દર 12% હતો જે 6.3% પર ઉતર્યો છે.દેશનાં શહેરોમાંથી આંતરરાષ્ટ્રીય હવાઈ રૂટ પર મુસાફરોની સંખ્યા 40.5% સુધી વધી છે. બીજી તરફ આંતરરાષ્ટ્રીય કાર્ગોમાં 22.5% વધારો થયો છે. દેશમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં પણ 22.6%નો વધારો થયો છે.

બિનવાણિજ્યિક વાહનોની નોંધણીમાં વાર્ષિક 25%-30%ના દરે વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં વિશ્વના પસંદગીના દેશોમાં છે. ભારતમાં આ વર્ષે દર મહિને 2 લાખથી વધુ વાહનોનું રજિસ્ટ્રેશનકરાયું છે.

# બાસમતી ચોખાના લઘુત્તમ નિકાસ ભાવમાં ઘટાડો કરવાની વિચારણા

ગુજરાત વંદન

બાસમતી ચોખાના લઘુત્તમ નિકાસ ભાવમાં સરકાર ઘટાડો કરવા વિચારી રહી છે. ઊંચા લઘુત્તમ ભાવને કારણે વેપારમાં નુકસાન થઈ રહ્યાની ખેડૂતો તથા નિકાસકારોની ફરિયાદને ધ્યાનમાં રાખી સરકાર ભાવ મર્યાદા ઘટાડી પ્રતિ ટન ૯૫૦ ડોલર કરે તેવી શકયતા છે. બાસમતીનો લઘુત્તમ નિકાસ ભાવ હાલમાં ટન દીઠ ૧૨૦૦ ડોલર છે.

દેશમાં ચોખાની ઉપલબ્ધતા જાળવી ભાવને અંકૂશમાં રાખવા સરકારે વર્તમાન વર્ષના ઓગસ્ટમાં બાસમતિના લઘુત્તમ નિકાસ ભાવ પ્રતિ ટન ૧૨૦૦ નિશ્ચિત કર્યા છે. આ ભાવથી નીચે નિકાસકારો નિકાસ કરી શકતા નથી. બાસમતિના વૈશ્વિક વેપારમાં ભારતના ભાવ ઊંચા હોવાથી સ્પર્ધામાં ટકી રહેવું મુશકેલ હોવાનું નિકાસકારો દલીલ કરી રહ્યા છે.

ચોખા એ મુખ્ય ખરીફ પાક



છે. વર્તમાન મોસમના વાવેતરની કામગીરી પૂરી થઈ છે. પરંતુ ચોખાનો નવો પાક જાન્યુઆરીથી આવવાનો શરૂ થશે. આમ છતાં વિવિધ સ્તરેથી ઉઠેલી માગણીને ધ્યાનમાં રાખી સરકાર નિકાસ ભાવની સમીક્ષા કરી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન વર્ષનું ચોમાસુ કેટલાક વિસ્તારોમાં અપ્રમાણસર રહેતા સરકારની નજર હાલમાં ચોખાના ઉત્પાદન પર પણ રહેલી છે. દેશના પાંચ રાજ્યોમાં નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી હોવાનું ધ્યાનમાં રાખી સરકાર ખાધાખોરાકીના ભાવમાં વધારો ન થાય તેની તકેદારી લેવા માગે છે. ભારત તથા પાકિસ્તાન બાસમતિના મોટા ઉત્પાદક દેશ છે.

# ભારતમાં મોબાઇલ ફોનનું ઉત્પાદન શરૂ કરનાર ફોક્સકોન કંપનીની ચીનમાં સતામણી

■ અકળાયેલી ચીની સરકારના અધિકારીઓ ફોક્સકોનના પ્લાન્ટની તપાસ કરી રહ્યાં છે

ગુજરાત વંદન

એપલ કંપનીના ફોનનું ઉત્પાદન કરતી તાઈવાનની ફોક્સકોન કંપની ચીનમાં સરકારી સતામણીનો સામનો કરી રહી છે. તાજેતરમાં ફોક્સકોને ભારતમાં એપલ ફોનનું ઉત્પાદન શરૂ કરવાથી અકળાયેલી ચીની સરકારના અધિકારીઓ વિવિધ કારણોસર ચીનમાં રહેલા ફોક્સકોનના પ્લાન્ટની તપાસ કરી રહ્યા છે.

ચીનના કરવેરા વિભાગના અધિકારીઓ ફોક્સકોનની ગ્વાન્ગડોંગ અને જયાંન્ગસુ પ્રાંતમાં આવેલી સબસિડિયરી કંપનીની તપાસ કરી રહ્યા છે તો કુદરતી સંસાધન વિભાગના અધિકારીઓ હેનાન અને હુબેઈ પ્રાંતમાં કંપનીએ ઉપયોગમાં લીધેલી જમીન બાબત તપાસ કરી રહ્યા છે, એમ ચીની



સરકારનું મુખપત્ર 'ગ્લોબલ ટાઈમ્સ' જણાવે છે. આ તપાસ અને કરવેરાની આકારણીની વિગતો હજુ સુધી જાહેર થઈ નથી.

ફોક્સકોનનું એક મહત્ત્વપૂર્ણ ઉત્પાદન કેન્દ્ર (ઝેંગઝોઉ ફેસિલિટી) હેનાનમાં છે, જે 'આઈફોન સિટી' તરીકે ઓળખાય છે. તાજેતરમાં ફોક્સકોનના અબજોપતિ સ્થાપક ટેરી ગૌએ તાઈવાનના પ્રમુખપદની ચૂંટણી લડવા માટે કંપનીના બોર્ડમાંથી રાજીનામું આપ્યું છે.

આ સાથે એપલ કંપનીના ભાગીદાર ફોક્સકોન ટેક્નૉલૉજી જૂથે ભારતમાં મૂડીરોકાણ અને રોજગારી વધારીને બમણી કરવાની યોજના જાહેર કરી છે. હાલમાં અમેરિકા અને ચીન વચ્ચે વેપારી સંઘર્ષ ચાલી રહ્યો છે ત્યારે ફોક્સકોને પોતાનું મોટા ભાગનું ઉત્પાદન ચીનમાંથી ભારતમાં ફેરવવાનો નિર્દેશ આપ્યો છે. ફોક્સકોનના ભારતમાંના પ્રતિનિધિ વીલીએ તાજેતરમાં લિંકડઈનના માધ્યમ દ્વારા આ બાબતની સૌને જાણ કરી હતી.

હાલમાં લીએ ભારતમાં કામકાજ વધારવાનો નિર્દેશ આપ્યો છે, જોકે તેમણે કોઈ ચોક્કસ વિગતો જાહેર કરી નથી.ફોક્સકોન કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ આઈટમનું ભારતનું ઉત્પાદન વધારી રહી છે એટલે વિશ્વના સૌથી મોટા ઉત્પાદક તરીકેનું ચીનનું સ્થાન જોખમમાં છે.એપલ સહિતની અમેરિકાની પ્રખ્યાત બ્રાન્ડ કંપનીઓ હવે તેના પરંપરાગત ચીની પુરવઠાકારોને બદલે ભારત અને વિયેટનામ જેવા દેશોમાંથી ખરીદી કરવાનું આયોજન કરી રહી છે.

# ભારત 2030 સુધીમાં જાપાનને પછાડી એશિયાની બીજી મોટી અર્થવ્યવસ્થા બનશે

ગુજરાત વંદન

દુનિયામાં સૌથી ઝડપી વૃદ્ધિદરના ખિતાબની સાથે ભારત હાલ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ૨૦૩૦ સુધીમાં ૭૩૦૦ બિલિયન યુએસ ડોલરની જીડીપી સાથે જાપાનને પછાડીને ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની સંભાવના ધરાવે છે. આ સાથે તે એશિયાની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પણ બની જશે.

ભારતનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ ૨૦૨૨ના ૩૫૦૦ અબજ ડોલરથી ૨૦૩૦ સુધીમાં ૭૩૦૦ અબજ ડોલર થવાનો અંદાજ : S&P

એસ એન્ડ પી ગ્લોબલ ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગના તાજેતરના પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સમાં આ વાત કહેવામાં આવી છે. ૨૦૨૧ અને ૨૦૨૨માં બે વર્ષની ઝડપી આર્થિક વૃદ્ધિ પછી ભારતીય અર્થતંત્રે ૨૦૨૩ના નાણાકીય




વર્ષની શરૂઆતમાં મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું છે.

ભારતનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ માર્ચ ૨૦૨૪માં પૂરા થતા નાણાકીય વર્ષમાં ૬.૨-૬.૩ ટકાના દરે વધવાની ધારણા છે. આ સાથે ભારતીય અર્થવ્યવસ્થા આ નાણાકીય વર્ષમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની જશે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૭.૮ ટકા હતો. એસ એન્ડ પીએ જણાવ્યું કે, 'નજીકના ગાળામાં સ્થાનિક મજબૂત માંગની વૃદ્ધિના જોરે ભારતનું ઈકોનોમિક આઉટલુક ૨૦૨૩ના બાકીના સમયગાળા અને ૨૦૨૪માં વિશ્વમાં સૌથી સારૂ છે.' અમેરિકન ડોલરના સંદર્ભમાં કરવામાં આવેલ ગણતરી અનુસાર ૨૦૨૨માં જીડીપી ૩૫૦૦ અબજ ડોલરથી ૨૦૩૦ સુધીમાં ૭૩૦૦ અબજ ડોલર થવાનો અંદાજ છે. આર્થિક વિસ્તરણની આ ઝડપી ગતિના પરિણામે ૨૦૩૦ સુધીમાં ભારતીય જીડીપીનું કદ જાપાનની જીડીપી કરતા વધી જશે અને ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે.'

અમેરિકા હાલમાં ૨૫૫૦૦ અબજ ડોલરના જીડીપી કદ સાથે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે. ત્યારબાદ ૧૮૦૦૦ અબજ યુએસ ડોલર સાથે ચીન બીજા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને જાપાન ૪૨૦૦ અબજ યુએસ ડોલર સાથે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ૨૦૨૨માં જ ભારતીય જીડીપીનું કદ બ્રિટન અને ફ્રાન્સના જીડીપી કરતા મોટું થઈ ગયું હતુ. ભારતનો જીડીપી ૨૦૩૦ સુધીમાં જર્મની કરતાં પણ વધી જવાની ધારણા છે.

# સામાન્ય માણસના ખિસ્સા પર પડશે સીધી અસર, નવેમ્બરમાં થવા જઈ રહ્યાં છે મોટા ફેરફારો

■ તહેવારોને લીધે રાંધણ ગેસના ભાવમાં ઘટાડો થવાની શકયતા

ગુજરાત વંદન

ઓક્ટોબર મહિનો પૂર્ણ થવામાં છે. ત્યારબાદ નવેમ્બર મહિનાની શરૂઆત થઈ જશે. દેશમાં દર મહિનાની પહેલી તારીખે ઘણા ફેરફાર થતાં હોય છે. આ ફેરફાર સીધા સામાન્ય લોકો સાથે જોડાયેલા હોય છે. આગામી મહિનો એટલે કે નવેમ્બરમાં પણ કેટલાક ફેરફાર થવાના છે. એક નાગરિક તરીકે આ ફેરફાર વિશે જાણી લેવું જરૂરી છે. નવેમ્બરમાં ફેરફાર થતા નિયમો વિશે જોઈએ તો, આ ફેરફારોમાં જીએસટીથી લઈને લેપટોપ ઈમ્પોર્ટ સુધી ઘણા ફેરફાર સામેલ છે.

એલપીજી સિલેન્ડરના ભાવમાં દર મહિનાની પહેલી તારીખે ફેરફાર થવાની સંભાવના રહે છે, કારણ કે દર મહિનાની પ્રથમ તારીખે તેની સમીક્ષા કરવામાં આવે છે. એટલે તેમાં વધારો કે ઘટાડો થઈ શકે છે. સાથે એવું પણ બની શકે કે કિંમતોમાં કોઈ ફેરફાર ન થાય. તો રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર એટલે એનઆઈસી પ્રમાણે સો કરોડ રૂપિયા કે



તેનાથી વધુના કારોબારવાળા વેપારે એક નવેમ્બરથી 30 દિવસની અંદર ઈ-ચલણ પોર્ટલ પર જીએસટી ચલણ અપલોડ કરવું પડશે. જીએસટી ઓથોરિટીએ આ નિર્ણય સપ્ટેમ્બર મહિનામાં લીધો હતો.

સરકારે 30 ઓક્ટોબર સુધી એચએસએન 8741 કેટેગરી હેઠળ આવનાર લેપટોપ, ટેબલેટ, પર્સનલ કમ્પ્યૂટર અને બીજી ઈલેક્ટ્રિક વસ્તુના ઈમ્પોર્ટ પર છૂટ આપી હતી. પરંતુ એક નવેમ્બરથી શું થશે તે વિશે કોઈ સત્તાવાર જાહેરાત હજુ સુધી સરકાર તરફથી કરવામાં આવી નથી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ એટલે કે બીએસઈએ 20 ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે તે 1 નવેમ્બરથી ઈક્વિટી ડિરેવેટિવ સેગમેન્ટ પર ટ્રાન્ઝેક્શન ચાર્જ વધારશે. આ ફેરફાર એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ઓપ્શન પર લગાડવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ચાર્જ વધવાથી વેપારીઓ અને તેમાં ખાસ કરીને રિટેલ ઈન્વેસ્ટરો પર નકારાત્મકઅસરપડશે.

# ઈઝરાયલ-હમાસ યુદ્ધને પગલે ચાની નિકાસમાં ઘટાડો નોંધાયો

ગુજરાત વંદન

ઈઝરાયલ અને હમાસ વચ્ચે થઈ રહેલા યુદ્ધને પગલે કોચીમાં ચાની હરાજીમાં ભાવ અને વેચાણ બંન્ને ઘટયા છે. જો યુદ્ધ લાંબો સમય ચાલશે તો ચાની નિકાસ ઘટવાની આશંકા વેપારીઓએ વ્યક્ત કરી છે. ચાની હરાજીમાં આવેલ 2,00,159 લાખ કિગ્રા. માંથી માત્ર 70 ટકા વેચાણ થયું હતું. યુદ્ધના લીધે સુએઝ કેનાલ દ્વારા થતી નિકાસ અસરગ્રસ્ત થઈ શકે છે. જો આ સ્થિતિ વધુ વણસશે તો લિલામમાં ચાની પ્રાપ્તિમાં વિક્ષેપ સર્જાઈ શકે છે.

થોડાંક સપ્તાહોમાં પરિસ્થિતિ સુધરે છે કે વણસશે તે માટે આપણે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવી પડશે. નિકાસ પ્રમાણ ઘટયું છે. ઈઝરાયલમાં આપણી નિકાસ મર્યાદિત પ્રમાણમાં છે. પરંતુ વાયા સુએઝ અન્ય દેશોમાં વિપુલ માત્રામાં થાય છે.

# વાળને અકાળે સફેદ થતા અટકાવવા માટે એરંડાનું તેલ લગાવો

કેસ્ટર ઓઈલને એરંડાનું તેલ પણ કહેવામાં આવે છે. આ તેલમાં ઘણા ઔષધીય ગુણ હોય છે. આયુર્વેદમાં તેનો ઉપયોગ ઘણી સમસ્યાઓને દૂર કરવા માટે થાય છે. એરંડાનું તેલ વાળ માટે કોઈ વરદાનથી ઓછું નથી. જે લોકોના વાળનો ગ્રોથ નથી થતો, વાળ સુકા અને નિર્જીવ થઈ ગયા છે અથવા નાની ઉંમરે સફેદ થઈ ગયા છે, તેઓએ એરંડાના તેલનો ઉપયોગ કરવો જોઈએ.

**વાળ બનશે સોફ્ટ :** વાળને સોફ્ટ બનાવવા માટે કન્ડિશનરનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ કેસ્ટર ઓઈલ એક સારુ કન્ડિશનર પણ છે. તેને એલોવેરા જેલ, લીંબુ અને મધની સાથે વાળના મૂળિયામાં લગાવો અને એક કલાક રહેવા દો. ત્યારબાદ વાળને શેમ્પૂથી ધોઈ લો. આમ કરવાથી વાળ મજબૂત અને મુલાયમ થાય છે.



વાળ બનશે મજબૂત : એરંડાનું તેલ એન્ટી-ઈફ્લેમેટ્રી અને એન્ટી માઈક્રોબિયલ ગુણોથી ભરપૂર હોય છે. તેનો ઉપયોગ કરવાથી વાળને મજબૂતી મળે છે. વાળના ખરવાની સમસ્યા દૂર થાય છે અને વાળનો ગ્રોથ ઝડપથી વધે છે. આ માટે તમે તેને નાળિયેર તેલમાં મિક્સ કરીને લગાવો. એકથી બે કલાક સુધી લગાવી રહેવા દો. ત્યારબાદ વાળને શેમ્પૂ વડે ધોઈ લો.

**વાળને સફેદ થતાં અટકાવશે :** આજકાલ નાના બાળકોના પણ વાળ સફેદ થઈ જાય છે. એવામાં એરંડાના તેલનો ઉપયોગ ખૂબ જ કારગત સાબિત થઈ શકે છે. એરંડાનું તેલ વાળને સફેદ થતાં અટકાવે છે અને વાળને કાળા બનાવે છે. આજકાલ તમામ પ્રકારના કલર્સ અને અન્ય પ્રોડક્ટ્સના ઉપયોગથી વાળની ચમક અદૃશ્ય થઈ જાય છે. ચમકને પાછી લાવવા માટે એરંડાનું તેલ લગાવવું જોઈએ. તે વાળ માટે ઢાલની જેમ કામ કરે છે.



# તીખો-તળેલો ખોરાક બની શકે છે અનેક બીમારીઓનું ઘર

દરેક વ્યક્તિ મસાલેદાર વાનગીઓ જ હોંશે-હોંશે ખાતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આવા તીખા અને તળેલા ખોરાક તમારા સ્વાસ્થ્યને બગાડી શકે છે? વધારેમસાલા અને તેલનું સેવન કરવાથી હજારો રોગો શરીરમાં પ્રવેશ કરે છે. આજે 'જાન-જહાન'માં આપણે ડાયટિશિયન અનુ અગ્રવાલ પાસેથી મસાલેદાર ખોરાક ખાવાના નુકસાન વિશે જાણીએ.

**પેટ ખરાબ થાય છે :** ક્યારેક -ક્યારેક તીખો-તળેલો ખોરાક ખાઈ શકાય છે, પરંતુ દરરોજ મસાલેદાર ખોરાક ખાવાથી પેટ ખરાબ થઈ શકે છે અને લૂઝ મોશન થઈ શકે છે. મરચાં અને મસાલામાં કેપ્સેસીન હોય છે, જેનું વધુ સેવન કરવાથી પેટની લાઈનિંગને નુકસાન થાય છે.

એટલા માટે તીખું-તળેલો ખોરાક ખાધા પછી પેટમાં બળતરા થાય છે. કેપ્સાસીનનું સેવન કરવાથી ઊબકા, ઊલટી, પેટમાં દુખાવો અને બળતરા થાય છે અને ઝાડા પણ થઈ જાય છે. મસાલેદાર ખોરાક ખાધા પછી વ્યક્તિને છાતીમાં બળતરા અને ગેસની સમસ્યા અનુભવે છે.

**ગેસની સમસ્યા :** જો તમે તેલ અને મસાલાથી ભરપૂર આહાર લો છો તો શરીરનું પીએચ લેવલ ખોરવાઈ જાય છે. શરીરનું પોતાનું પીએચ લેવલ છે જે એસિડિક અને મૂળભૂત બંને છે. વધારે તીખા-તળેલા ખોરાકમાં મસાલેદાર જડીબુટ્ટીઓ અને ગરમ મસાલાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે જે પિત્તને વધારે છે અને વધુ એસિડ ઉત્પન્ન કરે છે.

જેના કારણે આ ખોરાકને ખાતા જ શરીરમાં એસિડિટી થવા લાગે છે અને છાતીમાં બળતરા, ગેસ અને પેટમાં સોજો આવે છે.

**લિવરની સમસ્યા :** મસાલેદાર ખોરાક લિવર માટે ઝેરથી ઓછો નથી. વધુ પડતા તેલ અને મસાલાવાળા ખાદ્યપદાર્થોમાંથી તેલ લિવરમાં ચોંટી જાય છે અને લિવરમાં ચરબી જમા થવા લાગે છે જેના કારણે લિવર ફેટી થાય છે.

વધારે તેલ અને મસાલા પણ લિવરને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે, જે લિવરને સિરોસિસ તરફ દોરી શકે છે. લાંબા સમય સુધી મસાલેદાર ખોરાક ખાવાથી હેપેટાઈટીસ અને કમળો પણ થઈ શકે છે.

# કેળાના ફેસ પેકથી તમારા ચહેરાને ચમકાવો



દરેક ઋતુમાં સરળતાથી મળી રહેતું કેળું સ્વાસ્થ્ય અને સુંદરતા બંને માટે ખુબ જ ફાયદાકારક છે. ત્વચા અને વાળ પર કેળું કેવી રીતે લગાવવું જેથી રંગ નિખરે અને વાળની ચમક વધે. કેળામાં પોટેશિયમ, મિનરલ્સ, વિટામિન્સ અને ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોય છે. આ જ કારણ છે કે બનાના હેર માસ્ક લગાવવાથી વાળને પોષણ મળે છે અને તેની ચમક વધે છે. કેળા વાળની શુષ્કતા દૂર કરે છે.

કેળામાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સીડેન્ટ હોય છે, તેથી તેમનો હેર માસ્ક લગાવવાથી વાળ ઝડપથી વધે છે. કેળામાં રહેલું સિલિકા વાળને બે મોઢાથી રાહત આપે છે. વાળની જેમ કેળા પણ ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. સૌંદર્ય નિષ્ણાંતો પાસેથી શીખો અને ઘરે બેઠા તમારું પોતાનું બનાના બ્યૂટી ફેક પેક બનાવો. એક ચમચી એલોવેરા જેલમાં બે ચમચી મેશ કરેલા કેળાને ભેળવીને ફેસ પેક તૈયાર કરો. તેને 10 મિનિટ માટે ચહેરા પર લગાવો, પછી ધોઈ લો. આવું નિયમિત કરવાથી ત્વચાની ચમક વધે છે.

એક ચમચી મેશ કરેલા કેળામાં બે ચમચી ઓટમીલ અને એક ચમચી મધ મિક્સ કરીને ફેસ પેક તૈયાર કરો. આ ફેસ પેકને માત્ર 10 મિનિટ માટે ચહેરા પર રાખો. ચહેરો ધોયા પછી ચમક જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો.

# ઠંડીની મોસમમાં શિંગોડાનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે લાભદાયી



શિંગોડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડા હૃદયના આકાર જેવા હોય છે તે પાણીમાં થાય છે. આ એક મોસમી ફળ છે અને તેમાં એવા ઘણા પોષક તત્વો મળી આવે છે, જે આજકાલ ઘણી બીમારીઓ સામે રક્ષણ આપવામાં અસરકારક છે. શિંગોડા ખાવાથી શ્વાસ સંબંધી સમસ્યાઓમાં પણ રાહત મળે છે.

શિંગોડામાં વિટામિન એ, સાઈટ્રિક એસિડ, ફોસ્ફરસ, વિટામિન સી, મેંગેનીઝ, થાઈમીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, આયોડિન અને મેગ્નેશિયમથી ભરપૂર છે, આ તમામ પોષક તત્વો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

**થાઈરોઈડમાં ફાયદાકારક :** શિંગોડામાં હાજર આયોડિન, મેંગેનીઝ જેવા મિનરલ્સ થાઈરોઈડ અને ગોઈટરના રોગોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે બ્લડ પ્રેશર અને સ્થૂળતા ઘટાડવામાં ફાયદાકારક છે.

**કમળાના રોગમાં રાહત :** કમળાના રોગમાં શરીરમાં પિત્તદોષ વધે છે. શિંગોડામાં શામક ગુણ હોય છે, જે ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડાના લોટમાં હાઈ બ્લડ પ્રેશરનું જોખમ ઘટાડવાની શક્તિ હોય છે.

**મહિલાઓ માટે ફાયદાકારક :** સગર્ભાવસ્થા દરમિયાન શિંગોડા ખાવાથી માતા અને બાળક બંને સ્વસ્થ રહે છે. શિંગોડા ગર્ભપાતનું જોખમ પણ ઘટાડે છે. આ સિવાય પીરિયડ્સની સમસ્યા પણ દૂર થાય છે.

**ગેસ અને અપચોથી રાહત :** પેટની સમસ્યાઓને દૂર કરવામાં પણ શિંગોડા ખૂબ જ ફાયદાકારક છે. શિંગોડા ગેસ, એસિડિટી, કબજિયાત અને અપચો જેવી સમસ્યાઓથી રાહત આપે છે. તે ભૂખ ન લાગવાની સમસ્યાને દૂર કરવામાં પણ મદદ કરે છે.

# સ્વાસ્થ્યની સાથે જ ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે કારેલા





કારેલા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. કારેલાના ફાયદા વિશે તમે ઘણું બધું સાંભળ્યું જ હશે. તેના કડવા સ્વાદને લીધે તે સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી સાબિત થાય છે. પરંતુ શું તમે જાણો છો કે કારેલા સ્વાસ્થ્યની સાથે-સાથે ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે. કારેલાનો ઉપયોગ કરવાથી ત્વચા સંબંધિત સમસ્યાઓથી મુક્તિ મળે છે. ચાલો જાણીએ કે તમે ત્વચા માટે કારેલાનો ઉપયોગ કેવી રીતે કરી શકો છો.

**બેદાગ ત્વચા :** ત્વચાને બેદાગ બનાવવા માટે 2 ચમચી કારેલાના રસમાં 2 ચમચી નારંગીનો રસ મિક્સ કરી લો. પછી આ મિશ્રણને તમારા ચહેરા પર લગાવો. 15 મિનિટ રાખી પાણીથી ચહેરો ધોઈ લો. આ ઉપાય દરરોજ કરો. ધીરે-ધીરે ખીલને કારણે તમારા ચહેરા પર પડેલાં ડાઘ-ધબ્બા આછા થવા લાગશે.

**ચમકતી ત્વચા :** જો ચહેરા પર દાગ અથવા ખીલ વગેરે છે, તો પછી કારેલાના ફેસપેકનો ઉપયોગ કરવાથી તે મટી જાય છે. આ પેક બનાવવા માટે મિક્સરમાં કારેલા, કેટલાક લીમડાના પાન અને એક ચમચી હળદર લઈને ગ્રાઈન્ડર કરો. આ પેસ્ટને તમારા ગળાથી લઈ ચહેરા સુધી લગાવો અને તેને સુકાવા દો. લગભગ 20 મિનિટ પછી નવશેકા પાણીથી ધોઈ લો. જો તમે આ પેકનો અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ ઉપયોગ કરો. તમને સારા પરિણામ મળશે.

**કરચલી દૂર કરવા :** જો સમય પહેલા તમારા ચહેરા પર કરચલીઓ આવી ગઈ હોય, તો પછી એક ચમચી કારેલાનો રસ લઈ અને બે ચમચી દહીં સાથે બાઉલમાં મિક્સ કરો. આ પેકને ગળાથી ચહેરા સુધી લગાડો અને 20 મિનિટ સુધી રાખો. હાથમાં થોડું પાણી લો અને ચહેરાને હળવા હાથથી સ્ક્રબ કરો. ત્યારબાદ નવશેકા પાણીથી ચહેરાને ધોઈ લો. અઠવાડિયામાં લગભગ બે વાર આવું કરો. થોડા દિવસોમાં ફરક જોવા મળશે.



# સ્ટ્રોબેરી ખાવી યુરિક એસિડના દર્દીઓ માટે ગુણકારી

શરીરમાં યુરિક એસિડનું વધવુ ગાઉટની સમસ્યાનું કારણ બની શકે છે. આ તમારા હાડકાઓમાં પથરી તરીકે જમા થઈ શકે છે અને એક ગેપ પેદા કરે છે, જેનાથી સોજા સાથે ખૂબ દુખાવો થાય છે. તેની શરૂઆત ખરાબ પ્રોટીન મેટાબોલિઝમથી થાય છે જેમાં શરીર પ્રોટીનના વેસ્ટ પ્રોડક્ટ પ્યૂરિનને પચાવી શકતા નથી અને આ ફરી ધીમે-ધીમે શરીરમાં જમા થવા લાગે છે. દરમિયાન જરૂરી છે કે તમે ફાઈબર અને વિટામિન સીથી ભરપૂર તે ફળોને ખાવ જે પ્યૂરિન મેટાબોલિઝમને ઝડપી કરવા સાથે હાડકાઓ સાથે જમા પથરીને ઓગાળવામાં મદદ કરે છે.

**સ્ટ્રોબેરી :** સ્ટ્રોબેરી ખાવી યુરિક એસિડના દર્દીઓ માટે ઘણા પ્રકારે ફાયદાકારક છે. સ્ટ્રોબેરી વિટામિન સીનો શ્રેષ્ઠ સ્ત્રોત છે, જે તમારા યુરિક એસિડના સ્તરને ઘટાડે છે અને સંધિવાના હુમલાને રોકવામાં મદદ કરે છે. યુરિક એસિડ વધી જવાથી તમે તેનો જ્યૂસ પી શકો છો અથવા એમ જ ખાઈ શકો છો. આ પેટ માટે પણ ખૂબ ફાયદાકારક છે.

**સંતરા :** સંતરામાં વિટામિન સીનું સૌથી વધુ પ્રમાણ હોય છે. આ સિવાય તેમાં પાણીનું પણ સારુ પ્રમાણ હોય છે. આ બંને ગુણ હાઈ યુરિક એસિડ વાળા લોકો માટે કારગર રીતે કામ કરે છે. વિટામિન સી પોતાના સાઈટ્રિક ગુણોથી પ્યૂરિનની પથરીઓને તોડે છે તેમજ સંતરાનો રસ તેને પોતાની સાથે ફ્લશ આઉટ કરવામાં મદદ કરે છે. આ સિવાય સંતરાના ફાઈબર પ્રોટીન મેટાબોલિઝમને ઝડપી કરે છે અને તેના પાચનમાં મદદરૂપ છે.

**દ્રાક્ષ :** દ્રાક્ષમાં તમને વિટામિન સી તો મળશે જ પરંતુ, ફાઈબર પણ મળશે. આ સિવાય આમાં લેક્સટેસિવ ગુણ પણ છે જે પ્યૂરિનની પથરીઓ સાથે ચોંટીને તેના મળની સાથે બહાર નીકળવામાં મદદ કરે છે. આ સિવાય તેનુ વિટામિન સી પોતાના એસિડિક ગુણોથી પ્યૂરિનની પથરીઓને પચાવવામાં મદદ કરે છે. આ રીતે હાઈ યુરિક એસિડમાં દ્રાક્ષ ખાવી ફાયદાકારક છે.

**અનાનસ :** અનાનસમાં મળતા એન્જાઈમ બ્રોમેલેન પ્રોટીનને તોડવા અને સોજાને ઘટાડવામાં મદદ કરે છે. આ સિવાય તેનું વિટામિન સી અને ફાઈબર પણ યુરિક એસિડના દર્દીઓમાં પ્યૂરિન પચાવવા અને તેને ફ્લશ આઉટ કરવામાં પણ મદદરૂપ છે.

# ઓફિસમાં સુંદર અને અલગ દેખાવવા માટે ફોલો કરો આ મેકઅપ ટિપ્સ




વર્કિંગ વુમન ઉપર જવાબદારીઓ વધુ હોય છે. તેમને ઓફિસની સાથે-સાથે ઘરના કાર્યો પર પણ ધ્યાન આપવાનું હોય છે. દરમિયાન ઘણી વખત તેમનુ પોતાનું કામ રહી જાય છે. જેમ કે સવારે એટલો સમય રહેતો નથી કે તમે આરામથી તૈયાર થઈ શકે. દરમિયાન મેકઅપ કરવાનો અને પોતાના વાળ ઓળાવવાનો પણ સમય રહેતો નથી.

**સનસ્ક્રીન સાથે ફાઉન્ડેશન લગાવો :** સૌથી પહેલા તમારે પોતાની સ્કિન પર ફાઉન્ડેશનની સાથે સનસ્ક્રીન મિક્સ કરીને લગાવવાનું છે. આ તમારી સ્કિનમાં થોડી લાઈટ સાથે તડકાથી થતા નુકસાનોથી પણ બચાવવામાં મદદ કરશે. જોકે, તમે પ્રાઈમર પણ લગાવી શકો છો પરંતુ ફાઉન્ડેશનની સાથે સનસ્ક્રીન મિક્સ કરીને લગાવવાનો વધુ ફાયદો છે. આ માટે જેલ કે ક્રીમવાળા ફાઉન્ડેશનનો ઉપયોગ કરો.

**આઈ લાઈનર લગાવો :** ઓફિસ જવા માટે તમે આઈ લાઈનર લગાવીને તાત્કાલિક પોતાને અલગ લુક આપી શકો છો. આ તમારી આંખોની સુંદરતા વધારવાની સાથે તમને થોડો ફ્રેશ લુક આપવામાં મદદ કરે છે. તેનાથી તમે થાકેલા અને ચિંતિત દેખાતા નથી. સાથે જ તમારી આંખો અલગથી ઉભરી આવે છે. તમે કાજલ પણ લગાવી શકો છો.

**લિપસ્ટિક લગાવો :** લિપસ્ટિક તાત્કાલિક તમારા ચહેરાને એક અલગ જ લુક આપે છે. તેનાથી તમે ગ્લેમરસ નજર આવો છો. સુંદર રંગોમાં લિપસ્ટિકની પસંદગી કરો અને અલગથી પ્રોફેશનલ દેખાવ. જોકે, ઓફિસ માટે તમે આછા કલરની લિપસ્ટિકને પણ લગાવી શકો છો.

**સામાન્ય બ્લશ કરો :** જે બાદ પોતાના ચહેરાની સુંદરતા વધારવા અને મેકઅપને બેલેન્સ કરવા માટે થોડુ બ્લશ કરો. જે બાદ તમારે પોતાના વાળને સ્ટ્રેટ રાખવાના છે કે બન બનાવવાના છે જેમ ઈચ્છો તેમ રાખી શકો છો. હવે તમે ઓફિસ જવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છો. તો બસ આ ટિપ્સને ફોલો કરીને તમે 5 મિનિટમાં ઓફિસ જવા માટે તૈયાર થઈ જાવ.






# ટાઈગર અભી જિંદા હૈ... હું 2024માં પણ આઈપીએલ રમીશ- કેપ્ટન કૂલ

## 2019 વર્લ્ડકપમાં હાર્યા બાદ ધોની નાના બાળકની જેમ ધ્રુસકે-ધ્રુસકે રડ્યો હતો...

ગુજરાત વંદન

IPL 2023 પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે મહેન્દ્ર સિંહ ધોનીની આ છેલ્લી IPL હશે. છેલ્લે સુધી ઘણા ક્રિકેટરો પણ દાવો કરી રહ્યા હતા કે મહેન્દ્ર સિંહ ધોની આ વર્ષે IPLમાંથી ચોક્કસપણે નિવૃત્તિ લેશે. પણ એવું કંઈ થયું નહોતું. ધોની હજુ પણ IPL રમવાનું ચાલુ રાખશે. તેણે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે તે IPL 2024માં પણ રમવાનું ચાલુ રાખશે. તેણે 2019 વર્લ્ડ કપની સેમીફાઈનલમાં મળેલી હાર અંગે પણ વાત કરી હતી. તાજેતરમાં જ સંજય બાંગરે કહ્યું હતું કે ન્યૂઝીલેન્ડ સામેની હાર બાદ ધોનીની આંખોમાં આંસુ આવી ગયા હતા.

ધોનીએ કહ્યું હતું કે, "પરિસ્થિતિ અનુસાર નિવૃત્તિની જાહેરાત કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. મારા માટે સરળ વાત એ છે કે આભાર કહેવું અને નિવૃત્તિ લેવી. પરંતુ CSK ચાહકો તરફથી મને જેટલો પ્રેમ મળ્યો છે. તે જોતાં મારે તેમના માટે વધુ એક સિઝન રમવી જોઈએ. તે મારા માટે તેમને




ભેટ આપવા જેવું હશે." ધોનીએ એક ઈવેન્ટ દરમિયાન કહ્યું, "મારા ઘૂંટણનું ઓપરેશન થયું છે અને હાલમાં હું રિહેબમાંથી પસાર થઈ રહ્યો છું. ડૉક્ટરે મને કહ્યું છે કે તમે નવેમ્બર સુધીમાં સાજા થઈ જશો. મને રોજબરોજની દિનચર્યામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડતો નથી.

તમે જાણો છો કે લોકો મને એક સારા ક્રિકેટર તરીકે યાદ કરે છે તેની મને પરવા નથી. "હું હંમેશા ઈચ્છતો હતો કે લોકો મને એક સારા વ્યક્તિ તરીકે યાદ રાખે."તાજેતરમાં 2019ના વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ભારતની હાર પર સંજય બાંગરે કહ્યું હતું કે હાર બાદ ધોની બાળકની જેમ રડવા લાગ્યો હતો. એક ચાહકે ધોનીને આ વિશે પૂછ્યું. ધોનીએ જવાબ આપતા કહ્યું, 'જ્યારે તમે આટલી મહત્વની ગેમ સાવ નજીકથી હારી જાઓ છો, ત્યારે તમારી લાગણીઓને કાબૂમાં રાખવી થોડી મુશ્કેલ બની જાય છે. હું દરેક મેચ માટે મારી યોજના તૈયાર રાખું છું અને મારા માટે આ છેલ્લી મેચ હતી જે મેં ભારત માટે રમી હતી. તમને જણાવી દઈએ કે 2019ની સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડે ભારતને 18 રનથી હરાવ્યું હતું.

# સૈયદ મુસ્તાક અલી ટ્રોફી: રવિ તેજા અને સુયશ શર્માનો તરખાટ

**ખાસ અહેવાલ**

■ બેટર રિયાન પરાગ અને અભિષેક શર્મા ટોપ સ્કોરર, બોલર કાર્તિકેય પણ ઝળક્યો

ગુજરાત વંદન


ક્રિકેટ ક્ષેત્રે નવા આશાસ્પદ ખેલાડીઓ રણજી ટ્રોફી સહિત વિવિધ ટ્રોફી ટૂર્નામેન્ટમાં પોતાનું નસીબ અજમાવે છે. પસંદીકારોની ટીમએ ટ્રોફીમાં તરખાડ મચાવનાર નવા આશાસ્પદ ખેલાડીઓના બાવડામાં કેટલુ જોર છે એ ચકાસીને અજમાવીને પસંદ કરતા હોય છે આવી એક પસંદગીની પ્રક્રિયા સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટૂર્નામેન્ટમાં ચાલી રહી છે.


સૈયદ મુસ્તાક અલી ટ્રોફી-2023ની અડધી સફર પૂરી થઈ ગઈ છે. કેરળ 6 માંથી 6 જીત્યું છે તેની સાથે મુંબઈ અને દિલ્હી તેમની 6 મેચમાંથી 5 જીતીને સૌથી વધુ રન રેટ સાથે ટોચ પર છે. જ્યારે આ ટ્રોફીમાં ઘણા નવા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી પસંદગીકારોને આકર્ષ્યા

## રવિ તેજા અને સુયશ શર્માની ઘાતક બોલિંગ

આ ટૂર્નામેન્ટની અત્યાર સુધીની અડધી સફરમાં ઝડપી બોલર રવિ તેજાએ 18 અને મિસ્ટ્રી બોલર સુયશ શર્માએ 15 વિકેટ ઝડપી છે. રવિ તેજા હૈદરાબાદ તરફથી રમી રહ્યો છે. જ્યારે સુયાશ શર્મા દિલ્હીની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. આ પહેલા સુયશ શર્માએ પણ આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તે આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમે છે. આ વખતે તે બેટ્સમેન રિંકુ સિંહ પછી કોલકાતાનો સૌથી પ્રભાવશાળી ખેલાડી રહ્યો છે. IPL દરમિયાન સુયશ શર્માએ ઘણા મોટા બેટ્સમેનોને પોતાની સ્પિનમાં ફસાવીને બધાને ચોંકાવી દીધા હતા. તેના પરફોર્મન્સના કારણે દરેક જગ્યાએ તેના વિશે ચર્ચા શરૂ થઈ ગઈ છે. હવે સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં તેના પ્રદર્શને પણ પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે. IPLમાં મુંબઈ ઈન્ડિયન તરફથી રમી રહેલા સ્પિન બોલર કુમાર કાર્તિકેયે પણ આ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને અત્યાર સુધીમાં 8 વિકેટ ઝડપી છે. તે મધ્યપ્રદેશની ટીમ તરફથી રમી રહ્યો છે.


રવિ તેજા


સુયશ શર્મા


કુમાર કાર્તિકેય

### કોણ હતા સૈયદ મુસ્તાક અલી?

સૈયદ મુસ્તાક અલી ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી હતા, જે જમણા હાથના ઓપનિંગ બેટ્સમેન હતા જેમણે ભારતીય ખેલાડી તરીકે વિદેશી ધરતી પર પ્રથમ ટેસ્ટ સદી ફટકારી હતી. તેણે 1936માં ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ઈંગ્લેન્ડ સામે 112 રનની ઈનિંગ રમીને આ સિદ્ધિ મેળવી હતી. મુશ્તાક અલી જમણા હાથથી બેટિંગ કરતો હતો અને ડાબા હાથથી ઓર્થોડોક્સ સ્પિન બોલ કરતો હતો. તે ઘણીવાર ડોમેસ્ટિક મેચોમાં ઓલરાઉન્ડર તરીકે પ્રદર્શન કરતો હતો. મુશ્તાક અલી તેની સુંદર બેટિંગ શૈલી અને સ્વભાવ માટે જાણીતા હતા.

છે. આમાં સૌથી ઉપર નામ આવે છે IPLમાં KKR ટીમ માટે શાનદાર પ્રદર્શન કરનાર સુયશ શર્માનું. સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં દિલ્હીની ટીમ તરફથી રમી રહેલા સુયશ શર્માએ સૌથી વધુ વિકેટ ઝડપી છે. જો કે હૈદરાબાદ તરફથી રમી રહેલ રવિ તેજા આ સ્પર્ધામાં સૌથી વધુ વિકેટ લઈને ટોપ પર છે. મધ્યપ્રદેશ તરફથી રમી રહેલા સ્પિન બોલર કુમાર કાર્તિકેયે પણ પોતાના શાનદાર પ્રદર્શનથી ભારતીય ટીમના પસંદગીકારોને આકર્ષ્યા છે.

સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં તેમના પ્રદર્શનના આધારે ભારતીય ક્રિકેટ ટીમમાં નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વખતે જો બેટિંગની વાત કરીએ તો રિયાન પરાગ શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. રિયાન પરાગે આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં સૌથી વધુ 383 રન બનાવ્યા છે. તેની પાછળ અભિષેક શર્મા અને બિપિન સૌરભ છે, આ બંને અનુક્રમે 373 અને 362 રન બનાવીને ટોપ સ્કોર્સની યાદીમાં સામેલ છે.

ઈંગ્લેન્ડ માટે સેમિ-ફાઇનલનો માર્ગ મુશ્કેલ, ટીમ ઈન્ડિયાની એન્ટ્રી નિશ્ચિત

# આજે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે જંગ

ગુજરાત વંદન

વર્લ્ડકપ 2023માં ભારતીય ટીમ શાનદાર પ્રદર્શન કરી રહી છે. અત્યાર સુધી ટીમ ઈન્ડિયાએ પાંચ મેચ રમી રમી છે. જે તમામ મેચમાં ભારતીય ટીમ અજેય રહી છે. જેના પગલે પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે રવિવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે લખનઉના એકાના સ્ટેડિયમમાં રમાશે.

2019માં વર્લ્ડ કપ જીતનાર ઈંગ્લેન્ડની ટીમ 2023ના વર્લ્ડકપમાં ખરાબ પ્રદર્શન કરી રહી છે. ગુરૂવારે શ્રીલંકા સામે પણ હારનો સામનો કરો પડ્યો હતો. પરિણામે અંગ્રેજોની ટીમ સેમિફાઈનલની રેસમાંથી લગભગ બહાર થઈ ગઈ છે. બીજી તરફ વર્તમાન વર્લ્ડકપમાં ભારત વિજયના રથ પર સવાર છે. તેણે અત્યાર સુધીની તમામ પાંચ મેચ જીતી છે. ઈંગ્લેન્ડ આ વર્લ્ડકપમાં જ પહેલા ન્યુઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા સામે હારી ચૂકેલી ટીમ છે. અફઘાનિસ્તાને પણ તેને હારનો કડવો ઘૂંટ આપ્યો હતો. અંગ્રેજો ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ તરીકે છાતી ઉંચી રાખીને ભારતમાં આવ્યા હતા અને ક્યાં હવે તેઓ પોઈન્ટ ટેબલમાં તળિયે જોવા મળે છે.





ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા બાંગ્લાદેશ સામે રમાયેલી મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ઈજા એટલી ગંભીર હતી કે તેને તરત જ મેદાનની બહાર જવું પડ્યું હતું. પંડ્યા ન્યુઝીલેન્ડ સામે રમાયેલી મેચમાં પણ ગેરહાજર હતો. હવે ઈંગ્લેન્ડ સામેની મેચમાં પણ નહીં રમે.


ભારતીય ક્રિકેટ ટીમ વર્લ્ડકપમાં અત્યાર સુધી રમાયેલી તેની તમામ 5 મેચ જીતી છે. આ દરમિયાન ભારતે ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ જેવી ખતરનાક ટીમોને પણ હરાવ્યું હતું. પોઈન્ટ્સ ટેબલ પર ભારત 10 પોઈન્ટ્સ સાથે પહેલા નંબરે છે અને સેમિફાઈનલમાં તેની જગ્યા લગભગ નક્કી જ છે. ભારત તેની આગામી મેચ ઈંગ્લેન્ડ સામે રમશે. ઈંગ્લેન્ડની ટીમે તેની 5 મેચમાંથી માત્ર 1 મેચમાં જીતનો સ્વાદ ચાખ્યો છે. ભારતીય ટીમની સ્થિતિ ઈંગ્લેન્ડ સામે મજબૂતનજરઆવીરહીછે

ક્વિંટન ડી કોકે 16 વર્ષ જૂનો રેકોર્ડ તોડી ગિલક્રિસ્ટને પાછળ છોડ્યો

# વિકેટકીપર બેટ્સમેન તરીકે વર્લ્ડકપમાં સૌથી મોટી ઈનિંગ રમનાર પ્રથમ ખેલાડી બન્યો ડી કોક

ગુજરાત વંદન

સાઉથ આફ્રિકા વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન કરી છે. જેમાં ખાસ કરીને અંતિમ વર્લ્ડકપ રમી રહેલા ક્વિટન ડી કોક તેના છેલ્લા વર્લ્ડકપને યાદગાર બનાવી રહ્યો છે. ડીકોકે વર્લ્ડકપમાં અત્યાર સુધીમાં 3 સેન્ચુરી ફટકારી દીધી છે. મંગળવારે બાંગ્લાદેશ સામે આફ્રિકાના ઓપનર ખેલાડીએ શાનદાર 174 રનની ઈનિંગ રમી હતી. આ સાથે સદી સાથે જ ક્વિંટન ડી કોકે 16 વર્ષ જૂનો રેકોર્ડ તોડી દીધો હતો. વિકેટકીપર બેટ્સમેન તરીકે વર્લ્ડકપમાં સૌથી મોટી ઈનિંગ રમનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટને પાછળ છોડી દીધો છે.



એડમ ગિલક્રિસ્ટે વન-ડે વર્લ્ડકપ 2007માં 149 રનની ઈનિંગ રમી હતી. ક્વિંટન ડી કોકે મંગળવારે બાંગ્લાદેશ સામે 174 રન બનાવીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. વર્લ્ડકપ 2023માં ડી કોકની આ ત્રીજી સદી હતી. એક વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માના નામે છે. રોહિતે વર્લ્ડકપ 2019માં 5 સદી ફટકારી હતી. આ ડી કોકના વનડે કરિયરની 20મી સદી હતી. આ સાથે જ તેણે વનડેમાં સૌથી ઝડપી 20 સદી ફટકારવાના મામલામાં રોહિત શર્મા, સચિન તેંડુલકર અને એબી ડીવિલિયર્સને પાછળ છોડી દીધા છે.

એબી ડીવિલિયર્સે વનડેમાં 175 ઈનિંગ્સમાં 20 સદી પૂરી કરી હતી જ્યારે ડી કોકે આ કમાલ 150 ઈનિંગ્સમાં કરી બતાવ્યું છે. વનડેમાં સૌથી ઝડપી 20 સદી ફટકારવાનો રેકોર્ડ હાશિમ અમલાના નામે છે. ડી કોક સાઉથ આફ્રિકા તરફથી સૌથી ઝડપી 20 સદી ફટકારનાર બીજો બેટ્સમેન બની ગયો છે. જ્યારે વર્લ્ડકપની એક સિઝનમાં સાઉથ આફ્રિકા તરફથી 3 સદી ફટકારનાર તે પ્રથમ બેટ્સમેનબનીગયોછે.

# વિરાટ કોહલી વનડે ક્રિકેટમાં સૌથી વધુ કેચ પકડનાર ચોથો ખેલાડી બન્યો



ગુજરાત વંદન

ભારતીય ટીમના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં 2 કેચ ઝડપીને વન-ડે ફોર્મેટમાં સૌથી વધુ કેચ પકડવાના મામલે ચોથા ક્રમે પહોંચી ગયો છે. નોધનીય છે કે, શ્રીલંકાનો પૂર્વ દિગ્ગજ ક્રિકેટર મહિલા જયવર્દન 218 કેચ સાથે ટોપ પર છે. જ્યારે બીજા ક્રમે ઓસ્ટ્રેલિયાની ટીમના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ છે. ત્રીજા ક્રમે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટ મોહમ્મદ અઝરૂદીન છે.

ભારતે ધર્મશાલામાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં કોહલીએ 104 બોલમાં 8 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 95 રન બનાવ્યા હતા. જોકે, તે સદીથી ચુકી ગયો હતો પરંતુ તેને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

વિરાટ કોહલીએ ICCના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં 3000 રનનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ કોહલી વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલથી આગળ નીકળી ગયો છે. ગેલે આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં 2942 રન બનાવ્યા છે. વર્લ્ડકપ 2023માં કોહલીએ બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી. તેણે 97 બોલમાં 6 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 103 રન બનાવ્યા હતા. આ પછી ઓસ્ટ્રેલિયાની સામે તેણે 85 રન અને અફઘાનિસ્તાન સામે 55 રન બનાવ્યા હતા. આ ઉપરાંત કોહલીએ ગઈકાલે માર્ક ચેપમેન અને ડેરલ મિચેલનો કેચ પકડી વન-ડેમાં પોતાના 150 કેચ પૂરા કર્યા હતા. આ સાથે કોહલી વનડેમાં સૌથી વધુ કેચ પકડનાર ચોથો ખેલાડી બની ગયો છે.

વિરાટ કોહલીએ ભારત તરફથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વર્ષ 2008માં ડેબ્યૂ કર્યું હતું. કોહલીએ અત્યાર સુધી 111 ટેસ્ટ, 285 વનડે અને 115 ટી20 મેચ રમી છે. ટેસ્ટની 187 ઈનિંગ્સમાં વિરાટે 49.29ના સરેરાશથી 8676 રન બનાવ્યા છે. જ્યારે વનડેની 273 ઈનિંગ્સમાં 58ના સરેરાશથી 13,342 રન બનાવ્યા છે. જેમાં 48 સદી અને 68 ફિફ્ટી સામેલ છે. વિરાટના નામે 115 T20I મેચમાં 52.72ના સરેરાશથી 4008 રન છે, જેમાં એક સદી અને 37 ફિફ્ટીસામેલછે.

# વન-ડે વર્લ્ડકપમાંથી ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર રીસ ટોપલી 'આઉટ'

ગુજરાત વંદન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 2023માં 22 ઓક્ટોબરે લખનઉના એકાના સ્ટેડિયમમાં મેચ રમાનાર છે. આ સામે રમાનાર મેચ પહેલા ઈંગ્લેન્ડની ટીમમાં મોટો ફેરફાર થયો છે. ઈંગ્લેન્ડની ટીમે ટુર્નામેન્ટ દરમિયાન સ્ક્વોડમાં ફેરફાર કર્યો છે. રીસ ટોપલીના ઈજાગ્રસ્ત થવાથી તે વન-ડે વર્લ્ડકપ 2023ની ટુર્નામેન્ટથી બહાર થઇ ગયો છે. તેની જગ્યાએ બ્રાયડન કારસેને ટીમમાં સામેલ કરવામાં આવશે. નોંધનીય છે કે, ડિફેન્ડીગ ચેમ્પિયન ટીમનું અત્યાર સુધી પ્રદર્શન નિરાશાનજક રહ્યું છે. માત્ર 5 મેચમાંથી એક મેચ જીતવામાં સફળ રહ્યું છે.

ઈંગ્લેન્ડ ક્રિકેટે આ ફેરફારની જાણકારી આજે સોશ્યલ મીડિયા પર આપી હતી. રીસ ટોપલીને સાઉથ આફ્રિકા સામે મેચ દરમિયાન ઈજા થઈ હતી. આ ઈજાના કારણે તે થોડા સમય માટે મેદાનની બહાર પણ હતો. જો કે હાથ પર ટેપિંગ કરીને તેણે તેની



બાકીના ઓવર કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે બોલિંગ કરવામાં અસમર્થ રહ્યો.

સાઉથ આફ્રિકા સામે રીસ ટોપલીએ 8.5 ઓવરમાં 88 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. આ મેચમાં સાઉથ આફ્રિકાની ટીમે ઈંગ્લેન્ડને 400 રનનો ટાર્ગેટ આપ્યો હતો. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ માત્ર 170 રનના સ્કોર પરસમેટાઈગઈહતી.

ભારત-શ્રીલંકા વચ્ચેની મેચ પહેલા મુંબઈ ક્રિકેટ એસોસિએશનનો નિર્ણય

# વાનખેડે સ્ટેડિયમમાં વર્લ્ડકપ મેચ જોવા આવતા ક્રિકેટ ફેન્સને ફ્રી પોપકોર્ન- ઠંડા પીણાં પીરસાશે

ગુજરાત વંદન

વર્લ્ડકપમાં આ વખતે અમદાવાદમાં રમાયેલી ભારત- પાકિસ્તાનની મેચ સિવાય સ્ટેડિયમ દર્શકોથી ખીચોખીચ ભરેલા જોવા મળ્યા નથી. ત્યારે આ સ્થિતિ વચ્ચે મુંબઈ ક્રિકેટ એસોસિએશને દર્શકોને સ્ટેડિયમ સુધી લાવવા માટે એક મહત્તવનો નિર્ણય કર્યો છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) વાનખેડે સ્ટેડિયમમાં વર્લ્ડકપ મેચ જોવા આવતા તમામ ક્રિકેટ ફેન્સને મફત પોપકોર્ન અને ઠંડા પીણા પ્રદાન કરશે. 24 ઓક્ટોબર મંગળવારના રોજ વાનખેડે સ્ટેડિયમમાં વર્લ્ડ કપ 2023માં દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશની મેચ બાદ MCAના પ્રમુખ અમોલ કાલેએ આ નિર્ણય લીધો હતો.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં 2 નવેમ્બરે ભારત અને શ્રીલંકા વચ્ચે મેચ રમાનાર છે. આ પછી ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે 15 નવેમ્બરે મેચ રમાશે. વર્લ્ડ કપ 2023ની પ્રથમ સેમિફાઈનલ પણ આ મેદાન પર 15



નવેમ્બરે રમાવાની છે. વાનખેડે સ્ટેડિયમમાં મેચ જોવા આવતા પ્રશંસકોએ કાઉન્ટર પર તેમની ટિકિટ બતાવવાની રહેશે અને સ્ટેમ્પ લગાવ્યા બાદ તેમને મફતમાં પોપકોર્ન અને ઠંડુ પીણું આપવામાં આવશે. અમોલ કાલેએ આ દરમિયાન એ પણ માહિતી આપી હતી કે એમસીએ 1 નવેમ્બરે વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકા સાથેની ભારતની મેચ પહેલા સચિન તેંડુલકરની પ્રતિમાનું અનાવરણ કરશે. એમસીએએ આ વર્ષની શરૂઆતમાં તેંડુલકરને સન્માનિત કરવાનો નિર્ણય લીધો હતો. સચિન તેંડુલકરની લાઈફ સાઈઝ સ્ટેચ્યુ મહારાષ્ટ્રના અહેમદનગરના એક પ્રખ્યાત કલાકાર દ્વારા બનાવવામાં આવી છે.

# મલિંગા મુંબઈ ઈન્ડિયન્સ ટીમનો બોલિંગ કોચ બન્યો

■ ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શેન બોન્ડે રાજીનામું આપ્યું હતું

ગુજરાત વંદન



એક તરફ ભારતમાં વર્લ્ડકપ રમાઈ રહ્યો છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ઈન્ડિયન પ્રીમિયર લીગ(આઈપીએલ)માં સૌથી સફળ ટીમ મુંબઈ ઈન્ડિયન્સ ટીમે શ્રીલંકાના ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડી લસિથ મલિંગાની બોલિંગ કોચ તરીકે નિમણૂક કરી છે. આ અંગેની જાણકારી ટ્વીટ કરીને આપવામાં આવી છે. મલિંગા ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શેન બોન્ડનું સ્થાન લેશે. મલિંગા આગામી સિઝન પહેલા માર્ક બાઉચરની આગેવાની હેઠળની કોચિંગ ટીમમાં જોડાશે.

એમઆઈએ મલિંગા દ્વારા કહ્યું, 'મુંબઈ ઈન્ડિયન્સનો બોલિંગ કોચ બનવું મારા માટે ગર્વની વાત છે અને એમઆઈ ન્યૂયોર્ક અને એમઆઈ કેપટાઉન પછી, એક પરિવારમાં મારી સફર ચાલુ રહી. હું માર્ક બાઉચર, પોલાર્ડ, રોહિત અને સમગ્ર ટીમ સાથે મળીને કામ કરવા માટે ઉત્સાહિત છું, ખાસ કરીને બોલિંગ યુનિટ, જેનો અભિગમ મને ગત સિઝનમાં ગમ્યો હતો.'

2009 અને 2019ની વચ્ચે, મલિંગાએ મુંબઈ ઈન્ડિયન્સ માટે 122 મેચ રમી છે. આ દરમિયાન તેણે 170 વિકેટ ઝડપી છે. મલિંગા હજુ પણ આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેનાર છઠ્ઠો બોલર છે. મલિંગા અગાઉ આઈપીએલ 2022માં રાજસ્થાન રોયલ્સ ટીમનો ફાસ્ટ બોલિંગ કોચ હતો.

# કેનેડા માટે ખાસ કેટેગરીના વિઝાનો પુનઃ પ્રારંભ કરાયો

■ ભારતે મેડિકલ સહિતના વિઝા માટે કરી જાહેરાત

ગુજરાત વંદન

ખાલિસ્તાની આતંકી હરદીપ નિજ્જરની હત્યાના મુદ્દે ઊભા થયેલા વિવાદના આશરે એક મહિના પછી ભારત કેનેડામાં વિઝા સેવા ગુરુવારથી ફરી ચાલુ કરશે. આ હિલચાલને ભારત અને કેનેડા વચ્ચેની તંગદિલીમાં ઘટાડાનો સંકેત માનવામાં આવે છે. નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીના કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના વિસ્ફોટક આક્ષેપો પછી ભારતે કેનેડિયનો માટે વિઝા સર્વિસ સ્થગિત કરી દીધી હતી.

ઓટાવામાં ભારતના હાઈ કમિશને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કરેલી પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓની સુરક્ષા માટે કેનેડાએ તાજેતરમાં કેટલાંક પગલાં લીધા છે. સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કર્યા પછી 26 ઓક્ટોબરની અસરથી કેટલીક કેટેગરી માટે વિઝા સર્વિસ ફરી ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ કેટેગરીમાં એન્ટ્રી વિઝા, બિઝનેસ વિઝા, મેડિકલ વિઝા અને કોન્ફરન્સ વિઝાનો સમાવેશ થાય છે. સ્થિતિની સમીક્ષા કરીને યોગ્ય લાગે તેવા વધુ નિર્ણયો કરવામાં આવશે.




નિવેદનમાં વધુમાં જણાવાયું હતું કે સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓટાવામાં ભારતના હાઈ કમિશન તથા ટોરોન્ટો અને વાનકુવરમાં ભારતના કોન્સ્યુલેટ જનરલને અસ્થાયી રૂપે વિઝા સેવાઓ સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતના હાઈકમિશન અને કોન્સ્યુલેટ જનરલ ઈમરજન્સી સ્થિતિનો હલ કરવાનું ચાલુ રાખશે.

જો કેનેડા તરફથી ભારતના રાજદ્વારીની સુરક્ષામાં પ્રગતિમાં થાય તો ભારત ખૂબ જ ટુંકા સમયમાં કેનેડાના નાગરિકો માટે વિઝા સર્વિસ ચાલુ કરવા માગે છે, તેવા વિદેશ પ્રધાન એસ જયશંકરના નિવેદનના થોડા દિવસો પછી ભારતના હાઈકમિશને આ જાહેરાત કરી હતી. જયશંકરે જણાવ્યું હતું કે ભારતે વિઝા સર્વિસ સ્થગિત કરી તેની પાછળનું મુખ્ય કારણ કેનેડામાં ભારતના રાજદ્વારીઓની સુરક્ષાની ચિંતા હતી અને ઓટ્ટાવા ભારતના અધિકારીઓને સુરક્ષિત વાતાવરણ પુરું પાડી શક્યું ન હતું. રાજદ્વારીઓની સુરક્ષા રાજદ્વારી સંબંધો અંગેના વિયેના કરારનું સૌથી મહત્ત્વનું મૂળભૂત પાસું છે. ભારતની તાકીદ પછી કેનેડાએ તેના 41 રાજદ્વારીઓ પાછા ખેંચી લીધા તે પછી વિદેશ પ્રધાને આ નિવેદન આપ્યું હતું.

કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં ખાલિસ્તાની કટ્ટરવાદી હરદીપ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના કેનેડાના વડાપ્રધાન ટ્રુડોના ગંભીર આક્ષેપો પછી ગયા મહિના ભારત અને કેનેડાના સંબંધો વણસ્યા હતા. નિજ્જરની હત્યા 18 જૂને થઈ હતી અને ભારતે તેને આતંકવાદી જાહેર કરેલો હતો. ભારતે ટ્રુડોના આરોપોને "વાહિયાત" અને "પ્રેરિત" ગણાવીને નકારી કાઢ્યા હતા. આ આક્ષેપોના થોડા દિવસો પછી ભારતે કેનેડાના નાગરિકોને વિઝા આપવાનું કામચલાઉ ધોરણે સ્થગિત કરવાની જાહેરાત કરી અને ઓટ્ટાવાને ભારતમાં તેની રાજદ્વારી હાજરી ઘટાડવા તાકીદ કરી હતી. ભારતે કેનેડાને તેની ધરતી પરથી કાર્યરત આતંકવાદીઓ અને ભારત વિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવાનો પણ અનુરોધકર્યોહતો.

# આ છે અમેરિકાનું ગન કલ્ચર : 33 કરોડની વસ્તી સામે છે 40 કરોડ બંદૂકો...!

■ છેલ્લા 50 વર્ષમાં 15 લાખથી વધુ અમેરિકનનો ગન કલ્ચરનો ભોગ બન્યા



ગુજરાત વંદન

અમેરિકાના મેનેના લેવિસ્ટનમાં ગોળીબારમાં 22 લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. પોલીસે કહ્યું કે બંદૂકધારી હજુ પણ ફરાર છે. જ્યારે 50-60 લોકોના ઘાયલ થવાના સમાચાર છે. ઘાયલોમાં કેટલાક લોકોની હાલત ગંભીર છે જેને કારણે મૃતકોની સંખ્યા વધી શકે છે.

અમેરિકામાં છેલ્લા કેટલાક વર્ષની જેમ આ વર્ષે પણ ગોળીબારની ઘટનાઓ જોવા મળી રહી છે. તમામ પ્રયાસ છતા ગોળીબારની ઘટના ઓછી નથી થઈ રહી. કેટલાક દાયકાથી અમેરિકામાં બંદૂકધારીઓ લોકો પર હુમલો કરીને જીવ લઈ રહ્યાં છ જેને કારણે અમેરિકામાં 'ગન કલ્ચર' નામ આપવામાં આવ્યું છે. આંકડા અનુસાર, છેલ્લા 50 વર્ષમાં 15 લાખથી વધુ અમેરિકન લોકોના જીવ આ ગન કલ્ચરને કારણે ગયા છે તેમ છતા હથિયારો સાથે જોડાયેલા કાયદામાં કોઇ બદલાવ જોવા મળતો નથી. અમેરિકાના કેટલાક રાજ્યમાં હથિયાર ખરીદવુ ઘણુ આસાન છે જ્યારે ભારત જેવા દેશમાં હથિયાર ખરીદવા માટે લાઈસન્સ લેવુ માથાનો દુખાવો સાબિત થાય છે.

અમેરિકાના ગન કલ્ચરને રોકવા માટે જૂન 2022માં રાષ્ટ્રપતિ જો બાઈડને એક બિલ પર સહી પણ કરી હતી. આ કાયદામાં બંદૂક ખરીદનારાઓનો રેકોર્ડ ચેક કરવા, હથિયાર પરત લેવા અને કેટલાક અન્ય પ્રોગ્રામ ચલાવવાની યોજના બનાવવામાં આવી હતી. એક વર્ષ પછી પણ આ બિલની સ્થિતિ પહેલા જેવી જ છે.

# મણિપુરમાં 31 ઓક્ટોબર સુધી ઈન્ટરનેટ સેવા પરનો પ્રતિબંધ લંબાવાયો

ગુજરાત વંદન

મણીપુર રાજ્યમાં બે સમુદાયો વચ્ચે શરુ થયેલી હિંસા ખૂબ જ ભયાનક સાબિત થી સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા મે મહિનાની શરુઆતથી શરુ થયેલી હિંસાનો દોર હાલ પણ ક્યાક ક્યાક જોવા મળી રહ્યો છે ત્યારે મણીપુરમાં આવી સ્થિતિ વચ્ચે ઈન્ટરનેટ સેવા પ્રતિબંધિત બની છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મણિપુર સરકારે ગુરુવારે નિયંત્રણો સામેના વિરોધ વચ્ચે 31 ઓક્ટોબર સુધી મોબાઈલ ઈન્ટરનેટ પ્રતિબંધને પાંચ દિવસ માટે લંબાવ્યો હતો. હોમ કમિશનર ટી રણજિત સિંહ દ્વારા એક સૂચનામાં જણાવવામાં આવ્યું છે કે ડીજીપીએ "અહેવાલ આપ્યો છે કે સુરક્ષા દળો સાથે જનતાનો મુકાબલો, ચૂંટાયેલા સભ્યોના નિવાસસ્થાનો અને પોલીસ સ્ટેશનો સામે નાગરિક વિરોધ જેવા હિંસાના અહેવાલો હજુ પણ છે".

મણિપુર સરકારે મોબાઈલ ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ 31 ઓક્ટોબર સુધી લંબાવ્યો છે. સરકારી નોટિફિકેશન મુજબ, કેટલાક અસામાજિક તત્વો ઈન્ટરનેટ મીડિયાનો મોટા પાયે ઉપયોગ કરીને જાહેર ભાવનાઓને ઉશ્કેરતી તસવીરો અને નફરતના વીડિયો ફેલાવવા માટે ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરી શકે છે, જેનાથી કાયદો અને વ્યવસ્થા પર ગંભીર અસર પડી શકે છે, તેના કારણે પ્રતિબંધ લંબાવવામાં આવ્યો છે.

સૂચનામાં કહેવામાં આવ્યું છે કે 25 ઓક્ટોબરના રોજ એક પત્ર દ્વારા પોલીસ મહાનિર્દેશકે માહિતી આપી હતી કે સુરક્ષા દળો સાથે જાહેર અથડામણ અને વિરોધ પ્રદર્શન જેવી ઘટનાઓ હજુ પણ સામે આવી રહી છે. રાષ્ટ્રવિરોધી લોકોના મનસૂબાને નિષ્ફળ બનાવવા અને શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા માટે પૂરતા પગલાં લેવા જરૂરી છે.


ઉલ્લેખનીય છે કે સીએમ એન બિરેન સિંહે બુધવારે કહ્યું હતું કે જો હિંસાની કોઈ મોટી ઘટના ન બને તો સરકાર ઈન્ટરનેટ પ્રતિબંધ હટાવવાની વિચારણા કરી રહી છે. તેમનું નિવેદન મંગળવારથી ઓલ નાગા સ્ટુડન્ટ્સ એસોસિએશન, મણિપુર દ્વારા શાંતિપૂર્ણ વિસ્તારોમાં તાત્કાલિક ઈન્ટરનેટ પુનઃસ્થાપનની માંગ સાથેના વિરોધ વચ્ચે આવ્યું છે.જો કે હવે આ પ્રતિબંધ લંબાવાયો છે.

### રામમંદિરનું મોદી દ્વારા ખાતમુહૂર્ત અને તેમના દ્વારા જ પ્રાણપ્રતિષ્ઠા થશે...

# અયોધ્યામાં 22 જાન્યુ.થી દિવ્ય મહોત્સવ

■ લોકસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખી રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમો યોજાશે

ગુજરાત વંદન



૨૨મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા થશે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના ચંપતરાયે આ જાણકારી આપી. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થશે. તેના માટે પીએમ મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે.

વડાપ્રધાન મોદીએ પણ તેને લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે જણાવ્યું હતું કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના હોદ્દેદારો તેમને મળવા આવ્યા હતા અને રામલલાની પ્રાણપ્રતિષ્ઠાને લઈને તેમને અયોધ્યા આવવાનું આમંત્રણ આપ્યું. પીએમ મોદીએ જણાવ્યું હતું કે તેમનું સૌભાગ્ય છે કે તેઓ આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનશે. પીએમ મોદીએ એક્સ પર જણાવ્યું હતું કે જય સિયારામ. આજનો દિવસ ભાવનાથી ભરેલો છે. હમણા જ શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના હોદ્દેદાર મને નિવાસ્થાને મળવા આવ્યા હતા. તેમણે મને શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે મને અયોધ્યા આવવા નિમંત્રણ પાઠવ્યું છે. હું મારી જાતને આ માટે ધન્ય માનું છું. આ મારું સૌભાગ્ય છે કે મારા જીવનકાળમાં જ હું આ પ્રસંગનો સાક્ષી બનીશ.

પીએમ મોદી સાથે મુલાકાત પછી શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયે જણાવ્યું હતું કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટી પેજાવર મઠના પૂજ્ય સ્વામી મધ્વાચાર્ય, ટ્રસ્ટના કોષાધ્યક્ષ પુણેના રહેવાસી ગોવિંદદેવ ગિરીજી મહારાજ, રામજન્મભૂમિ મંદિર નિર્માણ સમિતિના વડા નૃપેન્દ્ર મિશ્રાની સાથે મહામંત્રી ચંપતરાય પીએમ મોદીને મળવા ગયા હતા.

અમે પીએમ મોદીને અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીના રોજ નવા બની રહેલા મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રીરામના નવરચિત મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તેમના કરકમળોથી કરવાનું નિવેદન કર્યુ હતું. આનંદની વાત એ છે કે તેમણે અમારી અરજનો સ્વીકાર કર્યો. તેઓ પ્રાણપ્રતિષ્ઠાના પ્રસંગે અયોધ્યાનમાં હાજર રહેશે.

### સરકારે 58 વર્ષ જૂનો નિયમ લાગુ કર્યો

# આસામમાં હવે બીજા લગ્ન કરનાર સરકારી કર્મચારી નોકરી ગુમાવશે

ગુજરાત વંદન



આસામ સરકારે 58 વર્ષ પહેલાંનો એક રસપ્રદ કાયદો તાત્કાલિક અસરથી અમલમાં મૂક્યો છે, જેમાં સરકારી કર્મચારીઓના તેમના જીવનસાથી જીવિત હોય ત્યારે તેમના બીજા લગ્ન પર પ્રતિબંધ મૂક્યો હતો. આ કાયદો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. તેમજ ચેતવણી આપવામાં આવી છે કે, આ નિયમનું પાલન ન કરનારા સરકારી કર્મચારીઓ સામે માત્ર શિસ્તભંગ જ નહીં પરંતુ શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવશે. આ નિયમ વર્ષ 1965માં બનાવવામાં આવ્યો હતો. રાજ્યના કર્મચારી વિભાગના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, સરકારી કર્મચારીઓ જ્યારે પત્ની જીવિત હોય ત્યારે તેઓ બીજી વખત લગ્ન કરી શકશે નહીં.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નિર્દેશ પર આ આદેશ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. નિયમોનું પાલન ન કરનાર સરકારી કર્મચારીઓને પણ નોકરીમાંથી કાઢી મુકવામાં આવી શકે છે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, આ આદેશ આસામ સિવિલ સર્વિસિસ (આચાર) એક્ટ, 1965ના નિયમ 26ની જોગવાઈઓ અનુસાર જારી કરવામાં આવ્યા છે. જો નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો, શિસ્ત અધિકારી સરકારી કર્મચારી સામે ખાતાકીય કાર્યવાહી શરૂ કરી શકે છે. નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સંબંધિત કર્મચારી પર દંડ વસૂલવામાં આવશે અને તેને ફરજિયાત નિવૃત્તિ પણ ભોગવવી પડી શકે છે.

### સેન્ટ્રલ IBએ ખતરાનું એલર્ટ જાહેર કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો નિર્ણય

# કર્ણાટકના પૂર્વ CM અને બીજેપીના વરિષ્ઠ નેતા યેદિયુરપ્પાને Z કેટેગરીની સિક્યોરિટી અપાઈ

ગુજરાત વંદન

કર્ણાટકના પૂર્વ સીએમ અને બીજેપીના વરિષ્ઠ નેતા બીએસ યેદિયુરપ્પાને Z કેટેગરીની સિક્યોરિટી મળી છે. તાજેતરમાં જ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો દ્વારા ખતરાનું એલર્ટ જાહેર કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે. કર્ણાટકમાં સક્રિય કટ્ટરપંથી સમૂહોમાં સંભવિત જોખમને ધ્યાનમાં રાખી તાજતરમાં જ આઈબીએ તેમની સુરક્ષાનું મૂલ્યાંકન કર્યું હતું. આઈબીના રિપોર્ટમાં તેમની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ રિપોર્ટ કેન્દ્રીય ગૃહમંત્રાલયને પણ સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમની સુરક્ષા વધારવાનો નિર્ણય લોવામાં આવ્યો છે.

ગૃહ મંત્રાલયના નિર્દેશ પ્રમાણે યેદિયુરપ્પાની સુરક્ષાની જવાબદારી



સીઆરપીએફ કમાન્ડોના સશસ્ત્ર જવાનો સંભાળશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે યેદિરુપ્પાની સુરક્ષા માટે કુલ 33 સીઆરપીએફ જવાનો તૈનાત કરવામાં આવશે. તેમના આવાસ પર 10 સશસ્ત્ર સ્ટૈટિક ગાર્ડ તૈનાત રહેશે. તેમની સાથે મળીને પર્સનલ સુરક્ષા અધિકારી 24 કલાક સુરક્ષા નિશ્ચિત કરશે. તેમના કાફલામાં વિશેષ રીતે પ્રશિક્ષિત કુશળ ડ્રાઈવરોને પણ સામેલ કરવામાં આવ્યા છે જેઓ ખતરાની સ્થિતિમાં તેમને સુરક્ષિત બહાર કાઢવામાં સક્ષમ હશે. સંભવિત ખતરા સામે સતત તકેદારી રાખવા માટે 12 સશસ્ત્ર એસ્કોર્ટ કમાન્ડોને ત્રણ શિફ્ટમાં તૈનાત કરવામાં આવશે.

# વિઝિંજામ ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ દરિયાઈ વેપારમાં ભારતનું વર્ચસ્વ વધારશે

■ વાર્ષિક 10 લાખ કન્ટેનર હેન્ડલ કરવાના લક્ષ્યાંક સાથે રોજગારીનું સર્જન કરશે



ગુજરાત વંદન

વિશાળકાય જહાજોને હેન્ડલ કરવાની ક્ષમતા સાથે વિઝિંજામ પોર્ટ દેશના પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બદલવા અગ્રેસર છે. અદાણીના વિઝિંગમ પોર્ટ પર સૌપ્રથમ ટ્રાન્સશિપમેન્ટ પહોંચતા જ ભારત દુનિયાના નકશામાં મહાકાય જહાજોને લાંગરતા પોર્ટ પૈકી એક બન્યું છે. તે ટ્રાન્સશિપમેન્ટ ક્લબમાં ભારતના પ્રવેશને ચિહ્નિત કરે છે, જે અત્યાર સુધી વિશ્વ સાથે વધતા વેપાર છતાં ખૂટતું હતું.

ભારતના દક્ષિણપશ્ચિમ કિનારે મોકાનું બંદર વિઝિંજામ ભારતના દરિયાઈ વેપારને વૈશ્વિકસ્તરે મજબૂત કરશે. ભારતનો વર્તમાન કન્ટેનર ટ્રાફિક ચીનના 10% કરતા ઓછો છે, વિઝિંજામ પોર્ટ વધુ જહાજોને આકર્ષવામાં સક્ષમ રહેશે તો તે ભારતના દરિયાઈ વેપારને વૈશ્વિકસ્તરે વધુ મજબૂત સ્થાન મળશે. તે આંતરરાષ્ટ્રીય શિપિંગ માર્ગથી માત્ર 10 નોટિકલ માઈલ દૂર છે. ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ ખૂબ જ મહત્વપૂર્ણ હબ તરીકે કામ કરે છે, જ્યાં શીપીંગ રૂટમાં એક મહાકાય જહાજમાંથી કાર્ગોને નાના કદના જહાજોમાં અનલોડ કરી ટ્રાન્સફર કરવામાં આવે છે. ભારતની આસપાસના મુખ્ય ટ્રાન્સશિપમેન્ટ હબમાં દુબઈ નજીક સિંગાપોર, શાંઘાઈ, બુસાન અને જેબેલ અલી જેવા બંદરોનો સમાવેશ થાય છે.

# 'ભારત 6G ટેક્નોલોજીમાં સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરશે': PM મોદી

ગુજરાત વંદન

PM મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ખાતે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસની 7મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાનને પ્રમુખ દૂરસંચાર કંપનીઓના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા. રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડના ચેરમેન આકાશ અંબાણી પણ વડાપ્રધાન સાથે હતા અને તેમણે વડાપ્રધાનને તેમની કંપની દ્વારા ટેલિકોમ્યુનિકેશનના ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા કામ વિશે જણાવ્યું હતું.આ દરમિયાન કાર્યક્રમમાં બોલતા પીએમ મોદીએ કહ્યું કે મને આશા છે કે ભારત 6G ટેક્નોલોજીમાં આખી દુનિયાનું નેતૃત્વ કરશે.

દિલ્હીમાં ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં બોલતા પીએમ મોદીએ કહ્યું હતું કે, "અમે દેશમાં માત્ર 5Gનું વિસ્તરણ જ નથી કરી રહ્યા, પરંતુ 6G ટેક્નોલોજીમાં અગ્રેસર બનવા તરફ પણ આગળ વધી રહ્યા છીએ. દરેક વ્યક્તિ જાણે છે કે 2G દરમિયાન શું થયું હતું.અમારી સરકાર દરમિયાન 4Gનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું પરંતુ અમારા પર કોઈ દાગ નહોતો.મને વિશ્વાસ છે કે ભારત 6G ટેક્નોલોજીમાં વિશ્વનું નેતૃત્વ કરશે." PM મોદીએ દિલ્હીમાં ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં કહ્યું હતું.

### ઈઝરાયલ પાસેથી સબક શીખી હમાસ જેવા હુમલાથી દેશને સુરક્ષિત રાખવા



# ભારત હવે સરહદો પર ડ્રોન સાથે વિજિલન્સ સિસ્ટમ ગોઠવશે...

ગુજરાત વંદન

ભારત દેશ સતત પોતાના નાગરિકોની સુરક્ષાને પ્રધાન્ય આપે છએ આ માટે સરહદો પર સૈન્ય તૈનાતિની સાથએ સાથે ટેકવોલોજીની પણ મદદ લે છે ત્યારે હવે ઈઝરાયલની સ્થિતિને જોઈને ભારત વધુ સતર્ક બન્યું છે. ભારત સરકારે તાજેતરના સમયમાં ફાટી નીકળેલા ઘણા યુદ્ધોમાંથી પાઠ શીખ્યા છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધની શરૂઆતમાં જ ભારતે પાઠ શીખ્યો હતો કે તેનું શસ્ત્રાગાર હંમેશા તૈયાર રાખવું જોઈએ ત્યાર બાદ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરૂ થયેલા યુદ્ધમાંથી ભારતને પણ એ જ બોધપાઠ મળી રહ્યો છે .

માહિતી પ્રમાણે ભારતે સુરક્ષા સુનિશ્ચિત કરવા તૈયારીઓ શરૂ કરી દીધી છે હમાસ જેવા હુમલાથી બચવા માટે ભારત પોતાની સરહદો પર ડ્રોન સાથે વિજિલન્સ સિસ્ટમ ગોઠવવા જઈ રહ્યું છે.

દેશના સંરક્ષણ અધિકારીઓએ તાજેતરમાં 6 સ્વદેશી ડ્રોન વિક્રેતાઓ સાથે વાતચીત કરી છે. સરહદો પર ડ્રોન દ્વારા સેના સરહદ પર થતી દરેક ગતિવિધિઓ પર બારીકાઈથી નજર રાખશે. ડ્રોન સરહદી વિસ્તારોમાં ફરશે અને દુશ્મનો પર નજર રાખશે.મીડિયા રિપોર્ટ પ્રમાણે આ અંગેનો આદેશ આગામી નવેમ્બરમાં જારી કરવામાં આવી શકે છે. જો કે, મોટાભાગના સુરક્ષા અધિકારીઓએ આ મામલે મૌન જાળવ્યું છે. રિપોર્ટ અનુસાર મે મહિનાની શરૂઆતમાં સેના બોર્ડરના કેટલાક ભાગોમાં આ સિસ્ટમ લગાવશે.

જેમ કે ચીન અને પાકિસ્તાન જેવા પાડોશી દેશોથી ભારતની શાંતિને ભંગ કરવા તત્પર રહેતા હોય છે.

### સ્ટેટસ અપડેટનો ઉપયોગ બીજાને આકર્ષવા, પ્રભાવિત કરવા અને ઈર્ષ્યા માટે થાય છે....!

# સોશિયલ મીડિયા પર બદલાતું સ્ટેટસ, માનવીના માનસિક સ્થિતિનું દર્પણ..!!

ગુજરાત વંદન

જાણ્યે-અજાણ્યે, સોશિયલ મીડિયા પર તમારું બદલાતું સ્ટેટસ તમારી માનસિક સ્થિતિ વિશે ઘણું બધું કહી જાય છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં પણ જાણવા મળ્યું છે કે લોકોનું સોશિયલ મીડિયા સ્ટેટસ તેમના મૂડના સૂચક તરીકે કામ કરી શકે છે.

આ અભ્યાસ મોજણીમાં 1,000 થી વધુ યુવા ઉત્તરદાતાઓનો સર્વે કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અસ્પષ્ટ લાગણીઓ ઘણીવાર લોકોના સ્ટેટસ અપડેટ્સમાં પ્રતિબિંબિત થાય છે. અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે લોકો સ્ટેટસ અપડેટનો ઉપયોગ અન્ય લોકોને આકર્ષવા, પ્રભાવિત કરવા અથવા ઈર્ષ્યા કરવા માટે કરે છે. જો કે, સોશિયલ મીડિયા માટે મોબાઈલ ફોનનો વધુ પડતો ઉપયોગ એકલતા અને અસ્વસ્થતા તરફ દોરી શકે છે, જે દર્શાવે છે કે આજના યુવાનોને અન્ય લોકો સાથે ખુલ્લા સંવાદની કેટલી જરૂર છે.

લાગણીઓનું પ્રતિબિંબ- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (SU) ના યુવાનોમાં વર્તણૂકના દાખલાઓના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે અસ્પષ્ટ 'લાગણીઓ' મોટે ભાગે તેમની સ્થિતિ પર પ્રતિબિંબિત કરે છે - પછી તે ગુસ્સો, નિરાશા અથવા તો પ્રેમ અને ખુશી પણ - જે વપરાશકર્તાઓ માટે અરીસાની જેમ કામ કરવાનું સરળ બનાવે છે.

આટલું જ નહીં, અભ્યાસમાં જણાવાયું છે કે આકર્ષિત, પ્રભાવિત અથવા ઈર્ષ્યા પેદા કરવા જેવી ત્રણ સૌથી સામાન્ય લાગણીઓને પ્રતિબિંબિત કરવા માટે સ્ટેટસ અપડેટ કરવામાં આવે છે. યુનિવર્સિટીએ 1,080 લોકોનો









મોબાઈલ ફોનના વ્યાપક ઉપયોગને કારણે આજના યુવાનો એકલતાનો શિકાર બની રહ્યાં છે..!

અભ્યાસ કર્યો, જેમાં મોટાભાગે યુવાનો હતા. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોનના વ્યાપક ઉપયોગને કારણે યુવાનો એકલતાનો શિકાર બન્યા છે અને સામાન્ય સમાજથી કપાઈ ગયા છે, તેઓએ પોતાની આંતરિક લાગણીઓ વ્યક્ત કરવા માટે સોશિયલ મીડિયા સ્ટેટસનો માધ્યમ તરીકે ઉપયોગ કર્યો છે.

પ્રભાવ, આકર્ષણ અને ઈર્ષ્યા- 15 થી 45 વર્ષની વયના યુવાનો આ સોશિયલ મીડિયા સ્ટેટસ ફીચરનો ઉપયોગ વિશ્વને તેમના મનની સ્થિતિ સમજાવવા માટે કરે છે. આ પરિસ્થિતિઓ રસપ્રદ અને બદલાતી સામાજિક રચના સૂચવે છે. જ્યારે સર્વેક્ષણ દર્શાવે છે કે 90 ટકા લોકો અન્ય લોકોને પ્રભાવિત કરવા અને આકર્ષવા માટે સોશિયલ મીડિયા સ્ટેટસ અપલોડ કરે છે, એટલી જ સંખ્યામાં લોકો તેનો ઉપયોગ કાં તો અન્યને શરમાવવા અથવા તેમની સિદ્ધિઓને અપડેટ કરીને ઈર્ષ્યા પેદા કરવા માટે કરે છે.

પોતાના હેતુઓ- લગભગ 73 ટકા ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે તેઓ તેમના સ્ટેટસને નિયમિતપણે અપડેટ કરે છે, જ્યારે 60 ટકા લોકોએ કહ્યું કે તેઓ માત્ર પ્રેમના સંબંધમાં તેમની આવેગ પ્રદર્શિત કરવા માટે જ આ સુવિધાનો ઉપયોગ કરે છે.

જો કે, 25 ટકા લોકો તેમની નિરાશા અથવા આત્મ-દયા વ્યક્ત કરવા માટે પણ માધ્યમનો ઉપયોગ કરે છે, જ્યારે 27 ટકાએ જણાવ્યું હતું કે તેઓ સ્ટેટસ અપડેટ દ્વારા ગુસ્સો અને આક્રમકતા વ્યક્ત કરે છે. સર્વેયરના મતે, આ ગુસ્સો અને આક્રમકતા વર્તમાન રાજકીય પરિસ્થિતિ, વ્યક્તિગત અથવા સામાન્ય આર્થિક પરિસ્થિતિ અથવા ધાર્મિક અને સામાજિક મુદ્દાઓ સહિત અન્ય ઘણા પાસાઓને કારણે થઈ શકે છે.

ગોપનીયતા અને મુદ્દાઓ- સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે 54 ટકા લોકો પ્રાઈવસી સેટિંગ્સ હેઠળ તેમના મંતવ્યો રાખવાને સુરક્ષિત અનુભવે છે. સારાંશમાં, એવું જાણવા મળ્યું છે કે 85.5 ટકા ઉત્તરદાતાઓ તેમની લાગણીઓ સ્ટેટસ દ્વારા વ્યક્ત કરે છે. સોશિયલ મીડિયા સ્ટેટસ અપડેટ કરવામાં કોઈ નુકસાન નથી, પરંતુ તેની નકારાત્મક બાજુ પણ છે.

તે ખતરનાક રીતે સામાન્ય જીવનનો એક ભાગ બની રહ્યું છે અને મોબાઈલનો વધુ પડતો ઉપયોગ એકલતા અને ચિંતા સહિત માનસિક સમસ્યાઓ તરફ દોરી જાય છે. સર્વેનું એક મહત્વપૂર્ણ પરિણામ દર્શાવે છે કે લોકો ખુલ્લેઆમ રૂબરૂ વાતચીત કરવાને બદલે મોબાઈલ ફોન પાછળ ગુપ્ત રીતે વાતચીત કરવાનું પસંદ કરી રહ્યા છે, જે સામાજિક માળખાને તોડી નાખવાનું કામ કરી રહ્યું છે.

આત્મ-નિયંત્રણની જરૂર છે- યુવાનોમાં વધતી જતી નિરાશા, હતાશા, નિરાશા, પોતાની જાતને ઓછો આંકવાનો સ્વભાવ, આત્મવિશ્વાસનો અભાવ, પડકારોથી દૂર ભાગવાની ટેવ, યુવાનોમાં જવાબદારીઓને નકારવાની વૃત્તિનો સામાજિક દરજ્જામાં મોટો ફાળો રહ્યો છે. સોશિયલ મીડિયા સ્ટેટસ, ખાસ કરીને વોટ્સએપ સ્ટેટસ, પરિવારો

(અનુસંધાન પેજ નં.6પર)

# લગ્ન પછી લંડન શિફ્ટ થઈ ગયેલી સોનમ કપૂર મુંબઈ પાછી ફરી




લગ્ન પછી લંડન શિફ્ટ થઈ ગયેલી સોનમ મુંબઈ પાછી ફરી છે અને તેણે મુંબઈમાં નવું ઘર ખરીદી લીધું છે. નવરાત્રિમાં મુંબઈનાં નવા ઘરે શિફ્ટ થઈ ગઈ છે. તેણે જાતે જ સોશિયલ મીડિયા પર પોતે પતિ આનંદ અને પુત્ર વાયુ સાથે નવાં ઘરમાં શિફ્ટ થયાની જાહેરાત કરી હતી.

સોનમે લખ્યું છે કે, અમે આ અઠવાડિયાની શરૂઆતમાં અમારા મુંબઈના નવા ઘરમાં રહેવા આવી ગયા છીએ. અમારા દિલમાં ખુશી અને આશા છે. અમે અમારા નવા ઘરમાં નવી યાદો બનાવીશું. જોકે અભિનેત્રીએ મુંબઈમાં ક્યાં નવું ઘર લીધું છે તેનો ઉલ્લેખ કર્યો નથી. સોનમે ઈન્સ્ટાગ્રામ પર પોતાના નવા ઘરની ઝલક પણ પોતાના ચાહકોને દેખાડી છે.

સંખ્યાબંધ ચાહકોએ સોનમને ગૃહ પ્રવેશ નિમિત્તે અભિનંદન પાઠવ્યાં હતાં. જોકે, કેટલાક ચાહકોએ હવે તે લંડન રહેવાની છે કે મુંબઈ તે વિશે અટકળો વ્યક્ત કરી હતી.

બોલીવૂડના સૂત્રોના જણાવ્યા અનુસાર લગ્ન તથા સંતાન પછી કારકિર્દીથી દૂર થઈ ગયેલી સોનમ લાંબા સમયથી બોલીવૂડ તથા ઓટીટી સ્પેસમાં ફરી કારકિર્દી જમાવવા પ્રયાસ કરી રહી છે. તેને ખ્યાલ આવ્યો છે કે લંડન તથા મુંબઈ વચ્ચે અપડાઉન કરતા રહીને પોતે બોલીવૂડ પર ફોક્સ કરી શકે તેમ નથી. ખાસ કરીને રવિના ટંડન, સુસ્મિતા સેન તથા અન્ય હિરોઈનો જે રીતે ઓટીટી સ્પેસમાં પોતાનું સ્થાન બનાવી રહી છે તે પછી સોનમ પણ કેટલાક મોટા ઓટીટી પ્રોજેક્ટસમાં કામ કરવા ઈચ્છે છે.

# ટાઈગર શ્રોફ અને કૃતિ સેનનની 'ગણપત' બરાબર ચાલી નહીં






ટાઈગર શ્રોફ અને કૃતિ સેનન સ્ટારર ફિલ્મ 'ગણપત' શુક્રવારે રિલીઝ થઈ હતી. આ ફિલ્મ રિલીઝ થતાની સાથે જ ફ્લોપ સાબિત થઈ ગઈ છે. આ ફિલ્મને દર્શકોનો સારો રિસપોન્સ નથી મળી રહ્યો. આ ફિલ્મે પોતાના ઓપનિંગ ડે પર આશા કરતા પણ ખૂબ જ ઓછી કમાણી કરી છે. ટાઈગરના ચાહકો તેને અત્યાર સુધીની સૌથી ખરાબ ફિલ્મ ગણાવી રહ્યા છે.

'ગણપત'નું બજેટ 150 થી 200 કરોડની વચ્ચે છે પરંતુ એવું લાગતું નથી કે ફિલ્મ કલેક્શનમાંથી તેનો ખર્ચ વસૂલ કરી શકશે. આ ફિલ્મને વાશુ ભગનાની, જેકી ભગનાની, દીપશિખા દેશમુખ અને વિકાસ બહલે પ્રોડ્યૂસ કરી છે. તે વિશ્વભરમાં હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ થઈ છે.


# સિદ્ધાર્થ અને જાહ્નવી કપૂર પહેલીવાર ઓનસ્ક્રીન સાથે દેખાય તેવી સંભાવના





સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂર એક એક્શન થ્રીલર ફિલ્મમાં સાથે દેખાય તેવી સંભાવના છે. નિર્માતા દિનેશ વિજને સિદ્ધાર્થને સાઈન કર્યા બાદ જાહ્નવીને આ ફિલ્મ ઓફર કરી હતી. જોકે,જાહ્નવીએ હજુ ઔપચારિક રીતે ફિલ્મ સાઈન કરી લીધી છે કે કેમ તે વિશે સ્પષ્ટતા નથી. જોકે, બંનેનું અલગ અલગ સ્ક્રિપ્ટ રિડિંગ સેશન થઈ ચૂક્યું છે અને જાહ્નવીને પોતાની ભૂમિકા પસંદ આવી હોવાનું પણ કહેવાય છે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન શરુ થઈ ગયું છે અને તે મોટાભાગે આવતાં વર્ષે ફ્લોર પર જઈ શકે છે. સિદ્ધાર્થ બોલીવૂડના હાલના ટ્રેન્ડ અનુસાર રોમાન્ટિક હિરોને બદલે એક્શન હિરો તરીકે સેટ થવા માટે પ્રયાસ કરી રહ્યો છે. સિદ્ધાર્થ અને કિયારા અડવાણી ઓનસ્ક્રીન પણ કોઈ ફિલ્મમાં સાથે દેખાવાનાં છે તેવી અટકળો લાંબા સમયથી ચાલે છે જોકે હજુ તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. સિદ્ધાર્થ અને જાહ્નવી બંનેની પાછલી ફિલ્મોનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. આ સંજોગોમાં બંનેને એક એવરેટ હિટ ફિલ્મની તાતી જરુર છે.

# કાર્તિક આર્યન અને તારા સુતરિયાની ગુપચૂપ ડિનર ડેટ...





કાર્તિક આર્યન અને તારા સુતરિયા ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા થઈ રહી છે. આ યુગલ શનિવારે રાતના ડિનર ડેટ પછી એકબીજાને હગ કરી છૂટાં પડી રહ્યાં હતાં તે વખતે જ ફોટોગ્રાફર્સને જોઈ જતાં ઉતાવળે ભાગ્યાં હતાં.

બંને ખરેખર ડેટિંગ કરી રહ્યાં છે કે પછી 'આશિકી થ્રી' ફિલ્મમાં સાથે કામ કરી રહ્યાની અટકળો વચ્ચે આ મીટિંગ થઈ છે તે વિશે ચર્ચા ચાલી રહી છે. 'આશિકી થ્રી' માટે તારા સુતરિયાને કાર્તિક સામે હિરોઈન તરીકે ફાઈનલ કરી લેવામાં આવી હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મના નિર્માતા કે દિગ્દર્શક આ વિશે હજુ કશું કહેવા તૈયાર નથી. કોઈ સત્તાવાર જાહેરાત પહેલાં આ જોડી વિશે ચર્ચા શરુ થાય તે માટે બંનેએ ડીનર ડેટ માટે એકઠા થવાનું, હગ કરવાનું અને ફોટોગ્રાફર્સને જોઈને ભાગવાનું નાટક કર્યું હોય તે પણ શક્ય છે. કાર્તિક અગાઉ જાહ્નવી અને સારા સાથે રિલેશનશિપમાં રહી ચૂક્યો છે. જ્યારે તારા વર્ષો સુધી રણબીર કપૂર અને કરીના કપૂરના કઝિન આદર સાથે વર્ષો સુધી રિલેશનશિપમાં હતી. જોકે, થોડાક મહિનાઓ પહેલાં તેનું બ્રેક અપ થઈ ગયું હોવાનું કહેવાય છે.

# અભિનેતા અજય દેવગણને માત્ર ફ્રેન્ચાઈઝીઓનો સહારો!



અજય દેવગણને પોતાની કોઈ ફ્રેશ સબ્જેક્ટ પરની ફિલ્મ ચાલે તેવો ભરોસો રહ્યો નથી. આથી તે પોતાની જૂની હિટ ફિલ્મોના બીજા, ત્રીજા કે ચોથા ભાગ માટે જ કામ કરી રહ્યો છે. આ જૂની ફિલ્મોના પાછલા ભાગોની ગુડવિલ જ તેની કેરિયર ટકાવી રાખશે એમ તે અને તેના નિર્માતાઓ માનવા લાગ્યા છે. અજય દેવગણ હાલ 'સિંઘમ', 'દે દે પ્યાર દે ', 'રેઈડ', 'સન ઓફ સરદાર, 'દશ્યમ', 'ધમાલ' તથા 'ગોલમાલ' એમ સંખ્યાબંધ ફિલ્મોના બીજા, ત્રીજા કે ચોથા ભાગ પર જ કામ કરી રહ્યો છે.

મતલબ કે આવતાં ત્રણ વર્ષમાં આવનારી અજય દેવગણની લગભગ મોટાભાગની ફિલ્મો તેની આગલી ફિલ્મોની બીજી, ત્રીજી કે ચોથી સિક્વલ જ હશે.

અજય દેવગણની ''દશ્યમ ટૂ' ને બાદ કરતાં પાછલી મોટાભાગની ફિલ્મો ફ્લોપ ગઈ છે. હવે બોલીવૂડનું કોઈ મોટું પ્રોડક્શન હાઉસ તેના પર ૨૦૦-૩૦૦ કરોડનો જુગાર રમવા તૈયાર નથી. અજય મોટાભાગે પોતે જ પોતાની ફિલ્મોનું નિર્માણ કરી રહ્યો છે અથવા તો પોતાની જૂની ફિલ્મોના નવા પાર્ટસમાં કામ કરી રહ્યો છે.

બોલીવૂડના ટ્રેડ વર્તુળોએ જણાવ્યું હતું કે 'ઓમકારા' અને 'દશ્યમ' સહિતની અનેક ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અજય દેવગણ જેવા કલાકાર માટે આ દયનીય સ્થિતિ છે પરંતુ તે નવા જમાનાના પ્રવાહોને પારખવામાં નિષ્ફળ ગયો છે. હવે તે બોક્સ ઓફિસ માટે ચલણી નામ રહ્યો નથી.

# 'ક્રિશ -4'માં હૃતિકની સાથે હિરોઈન શ્રદ્ધા હોવાની અટકળો



હૃતિક રોશનની 'ક્રિશ ફોર' બની રહી હોવાનો સંકેત ખુદ હૃતિકે આપી દીધો છે. એ પણ લગભગ નક્કી મનાય છે કે આ વખતે હૃતિકની હિરોઈન શ્રદ્ધા કપૂર હશે. હૃતિક અને શ્રદ્ધાનાં એક સોશિયલ મીડિયા ઈન્ટરેક્શન પરથી આ સંકેત મળ્યો છે.

શ્રદ્ધાએ પોતે તડકો માણી રહી છે તેવો એક ફોટો મૂક્યો હતો અને જણાવ્યું હતું કે 'મારે જાદૂ જેમ તડકાની જરુર છે.' હૃતિકે તરત જ શ્રદ્ધાને જવાબ આપ્યો હતો કે 'એ આવે છે, હું તેને કહીશ'. શ્રદ્ધાએ ફરી સામો સવાલ કર્યો છે કે, 'ખરેખર, ક્યારે ક્યાં, મને કહો...કહો'

બંનેનો આ સંવાદ ભારે વાયરલ થયો છે અને હૃતિક તથા શ્રદ્ધાના ચાહકોએ એવો તાળો મેળવી લીધો છે કે 'ક્રિશ ફોર' રહી છે અને તેમાં આ વખતે હૃતિક સાથે શ્રધ્ધા જોવા મળશે.

'ક્રિશ ફોર' બનવાની વાતો ઘણા સમયથી ચાલી રહી છે. હૃતિક તથા તેના ફિલ્મ સર્જક પિતા રાકેશ રોશન પણ 'ક્રિશ ફોર ' આવશે જ તેવું અગાઉ જણાવી ચૂક્યા છે પરંતુ તેમણે તેની ટાઈમલાઈન જાહેર કરી નથી. બોલીવૂડના વર્તુળોમાં એવી ચર્ચા છે કે કરણ મલ્હોત્રાના 'ક્રિશ ફોર'નું દિગ્દર્શન કરવા જણાવાયું છે. તેનું પ્રિ પ્રોડક્શનનું કામ પણ ચાલુ થઈ ચૂક્યું છે. હવે આ મુદ્દે સતાવાર જાહેરાતની રાહ જોવાય છે.


# જેકલીન ફર્નાન્ડિઝે બે કરોડની લક્ઝુરિયસ ઈલેક્ટ્રિક કાર ખરીદી



અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિઝે બે કરોડ ની કિંમતની નવી ઈલેક્ટ્રિક કાર ખરીદી છે. જેકલીન નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. તેમાં તે આ નવી કાર માં જોવા મળે છે. જેકલીનની નવી બીએમડબલ્યુ૧૪ ની બજાર કિંમત આશરે બે કરોડ હોવાનો અંદાજ છે.

જેકલીન પાસે ઓલરેડી બીએમડબલ્યુ આઈ સેવન , હમર એચ ટુ, મસડીઝ બેન્ઝ મેકબેક ૫૦૦, રેન્જ રોવર વોગ, બીએમ ડબલ્યુ ૫૨૫ , જીપ કમ્પાસ સહિતની વૈભવી ગાડીઓનો કાફલો છે. હજુ થોડા દિવસો પહેલાં બોલીવુડ માં આલિયા ભટ્ટે આશરે સવા ત્રણ કરોડ ની રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી કાર ખરીદી છે. તે પહેલાં કરીના કપૂરે બે કરોડ ની લેન્ડ રોવર ડિફેન્ડર કાર ખરીદી છે. જેકલીન તેની કારકિર્દી કરતાં લાઈફ સ્ટાઈલ અને વિવાદો ને લીધે વધારે ચર્ચા માં રહે છે. તાજેતર માં જ ઠગ સુકેશ ચંદ્ર શેખરે જેકલીન ને જેલમાંથી લવ લેટર લખ્યો હતો અને તેના માટે નવરાત્રી ના ઉપવાસ રાખવા ની જાહેરાત કરી હતી.

# 'દેવા'માં દેખાશે શાહિદ કપૂરનો દમદાર અંદાજ




શાહીદ કપૂરની એક્શન થ્રીલર ફિલ્મ આવી રહી હોવાનું લાંબા સમયથી ચર્ચાતું હતું. હવે એવું સત્તાવાર જાહેર કરાયું છે કે ફિલ્મનું ટાઈટલ 'દેવા' હશે. ફિલ્મ આવતાં વર્ષે દશેરાએ રીલીઝ કરાશે. શાહીદે જાતે આ ફિલ્મનો લૂક સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.

શાહિદે જોકે આ ફિલ્મના પોતાના પાત્ર વિશે ઝાઝી માહિતી આપી નથી. જોકે, તેને પોલીસ ગન સાથે દર્શાવાયો છે તે પરથી અંદાજ લગાવાઈ રહ્યો છે કે તે ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકામાં હશે. સિદ્ધાર્થ રોય કપૂર આ ફિલ્મના નિર્માતા છે. રોશન રોય એન્ડ્રૂઝની દિગ્દર્શક તરીકે આ પહેલી ફિલ્મ હશે. એક પછી એક ફલોપ ફિલ્મોના કારણે પૂજા હેગડેની કારકિર્દી જોખમાઈ ગઈ છે. હવે આ ફિલ્મમાં શાહીદની હિરોઈન તરીકે તેને મોટી તક મળી છે. આ ફિલ્મ પર તેની કારકિર્દીનો મોટો મદાર રહેશે.

ગુજરાત વંદન
gujaratvandan.com

## હાઈકોર્ટની વારંવાર ટકોર છતાં સમસ્યા રખડતા ઢોરની સમસ્યા ઠેરની ઠેર

# શહેરીજનોને રખડતા ઢોર અને શ્વાનની સમસ્યામાંથી ક્યારે મળશે છુટકારો?

■ કારોબારીના નિધનના પગલે રખડતા કૂતરાની સમસ્યા સપાટી પર આવી, કૂતરાં કરડવાનાં 1.63 લાખથી વધુ બનાવ

ગુજરાત વંદન

રાજ્યના સૌથી મોટા અમદાવાદ શહેરના નાગરિકો મુખ્યત્વે બે સાર્વજનિક સમસ્યાઓથી પરેશાન થઈ રહ્યા છે. રખડતા પશુઓનો મામલો હાઈકોર્ટની વારંવારની ચેતવણી છતાં હજુ તેનું નિરાકરણ આવ્યું નથી. ત્યાં બીજી તરફ રખડતા કૂતરાઓની સમસ્યા સપાટી પર આવી છે. તેના મૂળમાં વાઘબકરીના માલિક પરાગ દેસાઈનું નિધન એક રખડતા કૂતરાને કારણે થયું છે. મોર્નિંગ વોક દરમિયાન તેમની પાછળ રખડતું કૂતરું દોડ્યું અને પડી જતા માંથામાં ઈજાઓ પહોંચી હતી. લાંબી સારવાર બાદ પણ સાજા ન થતાં આખરે હોસ્પિટલમાં નિધન થયું હતું. 2000 કરોડની કંપનીના માલિકને એક રખડતાં કૂતરાને કારણે જીવ ગુમાવવો પડ્યો તેવું બહાર આવતા સૌ કોઈનું ધ્યાન હવે રખડતાં કૂતરાઓ તરફ કેન્દ્રિત થયું છે. સત્તાવાળાઓ દ્વારા લાખો રૂપિયોનો ખર્ચ કરવા છતાં રખડતા કૂતરાઓનો યોગ્ય ઉકેલ આવતો નથી. બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું કે, તેમનું મોત શ્વાનથી નહીં પરંતુ સ્લીપ થઈ જવાના કારણે થયું છે. પરિણામે એએમસી જવાબદારીમાંથી હાથ ખંખેરવાનો પ્રયાસ કરી રહી છે.

અમદાવાદમાં હાલ ૩.૭૫ લાખ જેટલી શ્વાનની વસ્તી છે. ત્રણ વર્ષમાં કૂતરાં કરડવાનાં ૧.૬૩ લાખથી વધુ બનાવ બનવા પામ્યા છે.મ્યુનિસિપલ કોર્પોરેશને રખડતા કૂતરાં પકડી તેનું ખસીકરણ કરવા ત્રણ વર્ષમાં રુપિયા ૯.૩૬ કરોડથી વધુનો ખર્ચ કર્યો છે.આમ છતાં રખડતા કૂતરાં કરડવાના કેસમાં સતત વધારો થતો જોવા મળી રહયો છે.શહેરીજનાને રખડતા કૂતરાંના ત્રાસમાંથી મુકત કરવા વિપક્ષ કોંગ્રેસ તરફથી માંગણી કરાઈ છે.

જુન-૨૦૧૯માં હયુમન સોસાયટી દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ શહેરમાં કુલ ૨.૨૦ લાખ શ્વાનની વસ્તી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ સંસ્થાઓને રખડતા કૂતરાં પકડી તેનુ ખસીકરણ કરી અન્ય સ્થળે મુકત કરવાની કામગીરી પેટે શ્વાન દીઠ રુપિયા ૯૭૬.૫૦ ચુકવવામાં આવે છે.વિપક્ષનેતા

...અનુસંધાન પેજ નં. 6 પર




### એએમસીનો જવાબદારીમાંથી હાથ ખંખેરવાનો પ્રયાસ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું કે, તેમનું મોત શ્વાનથી નહીં પરંતુ સ્લીપ થઈ જવાના કારણે થયું છે. પરિણામે એએમસી જવાબદારીમાંથી હાથ ખંખેરવાનો પ્રયાસકરીરહીછે

# રાજ્યના વર્ગ-4ના કર્મીઓને દીવાળીની ભેટ, 7 હજારની મર્યાદામાં બોનસ મળશે

■ અગાઉ ફીક્સ વેતનના કર્મચારીઓના પગારમાં કરાયો હતો વધારો

ગુજરાત વંદન



રાજ્ય સરકારે વર્ગ ચાર કાર્મચારીઓને રુપિયા 7 હજારની મર્યાદામાં એક્સ ગ્રેસિયા ધોરણે બોનસ આપવાનો નિર્ણય કરતા આ કર્મચારીઓની દિવાળી સુધરે એમ જણાય છે. બીજી તરફ કેન્દ્રના કર્મચારીઓ માટે પણ બોનસની જાહેરાત થઈ છે.

નવ દિવસ પહેલાં કેન્દ્રીય કર્મચારીઓ માટે બોનસ અને રાજ્ય સરકારના ફિક્સ વેતનના કર્મચારીઓ માટે પગાર વધારાની જાહેરાત થયા બાદ હવે સરકારે વર્ગ ૪ના કર્મચારીઓને દિવાળીની ભેટરૂપે બોનસની જાહેરાત કરવામાં આવી છે.

મીડિયાના અહેવાલો મુજબ વર્ગ ૪ના કર્મચારીઓને ૭ હજારની મર્યાદામાં બોનસ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સરકાર અને બોર્ડના ૨૧ હજારથી વધુ કર્મચારીઓને આ બોનસનો લાભ મળશે એવું જાણવા મળ્યું છે.

તાજેતરમાં ૧૮ ઓક્ટોબરે દિવાળી પહેલા મોદી સરકારે કેન્દ્રીય કર્મચારીઓને મોટી ભેટ આપી હતી. ગૈર ઉત્પાદકતાથી જોડાયેલ બોનસ એટલે કે નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ સાથે જોડાયેલ બોનસ (એડહોક બોનસ)ને મંજૂરી આપી હતી. નાણા મંત્રાલયે કેન્દ્ર સરકારના કર્મચારીઓને બોનસની આપવાની જાહેરાત કરી હતી.

એ જ દિવસે રાજ્ય સરકારે ફિક્સ વેતન પર કામ કરતા સરકારી કર્મચારીઓને દિવાળી પહેલાં જ આ સારા સમાચાર મળ્યા છે. રાજ્ય સરકારે તેમના પગાર વધારાની જાહેરાત કરી છે. ફિક્સ પેના હજારો કર્મચારીઓને નવરાત્રી ફળી છે. સરકારે તેમના પગારમાં ૩૦ ટકાનો વધારો જાહેર કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ફિક્સ પગારના તમામ કર્મચારીઓના હિતમાં વધુ આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યોછે.

# એસટી કર્મચારીઓની દિવાળી સુધરશે, માંગણીઓ સ્વીકારાઈ

■ એરિયર્સ, મોંઘવારી ભથ્થાં સહિતના લાભો આપવા સરકાર તૈયાર

ગુજરાત વંદન

ગુજરાત સરકારે ફિક્સ પે કર્મચારીઓ બાદ હવે એસટી કર્મચારીઓની દિવાળી પણ સુધારી દીધી છે. પોતાની પડતર માગોને આંદોલન કરી રહેલા એસટીના કર્મચારીઓની માગો રાજ્ય સરકારે સ્વીકારી લીધી છે, જેને પગલે એસટી કર્મચારીઓની હડતાળ સમેટાઈ ગઈ છે. સરકાર સાથે રાત્રે બે વાગ્યા સુધી ચાલેલી બેઠક પછી એરિયર્સ, મોંઘવારી ભથ્થાં અને HRAની એસટી કર્મચારીઓની માગ સરકારે સ્વીકારી લીધી છે. સરકારે આ અંગે લેખિતમાં ખાતરી આપી છે.

રાજ્ય સરકારે કર્મચારીઓની નાણાકીય બાબતો અને પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની પણ ખાતરી આપી છે. એસટી કર્મચારીઓની માંગણી બાદ એરિયર્સ ચૂકવવામાં સરકારે જણાવ્યું કે, ત્રણ હપ્તામાં એરિયર્સ ચૂકવાશે. દિવાળી પહેલા પ્રથમ એરિયર્સનો હપ્તો ચૂકવાશે. જેના બાદ બીજો હપ્તો ચૂકવાશે.

ST યુનિયન જાન્યુઆરી 2023થી અમલી 4% મોંઘવારી ભથ્થું ડિસેમ્બરથી આપવા મંજૂરી માગવામાં આવશે. આ મોંઘવારી ભથ્થું ડિસેમ્બરથી આપવા સરકાર પાસે મંજૂરી મંગાશે. આ ઉપરાંત ફિક્સ પગાર નીતિ, સિનિયર-જુનિયર પગારધોરણ સહિતની બાબતો પર ચર્ચા થશે. ST કર્મચારીઓને સુધારેલા HRA નવેમ્બરથી ચૂકવાશે.

છેલ્લા ઘણા વર્ષોથી એસટીના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોને લઈને લડત આપી રહ્યા હતા. તેમણે 23 ઓક્ટોમ્બરથી 2 નવેમ્બર સુધી હડતાળની જાહેરાત કરી હતી. આ સાથે જ વિવિધ કાર્યોક્રમો પણ રાખવામાં આવ્યા હતા. પરંતુ તે પહેલા જ હડતાળ સમેટાઈ જતા હવેના તમામ કાર્યોક્રમો રદ કરવામાં આવ્યાછે.

## દિવાળીના તહેવારોમાં મુસાફરોની સુવિધા માટે

# એસ.ટી.નિગમ રાજ્યમાં 2200થી વધારે બસો દોડાવશે: હર્ષ સંઘવી

■ એસ.ટી.નિગમના ટોલ ફ્રી નં.૧૮૦૦ ૨૩૩ ૬૬૬ ૬૬૬ ઉપર જાણકારી મેળવી શકાશે

ગુજરાત વંદન



દિવાળીના તહેવારને ધ્યાને રાખીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુચારૂ આયોજનથી રોડ કનેક્ટિવિટી અને જાહેર પરિવહન સેવાને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે વધુ સુદ્રઢ બનાવી છે. આ વર્ષે એસ.ટી.નિગમ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ વતનમાં જવા એક્સ્ટ્રા બસો દોડાવશે એમ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં વિગતો આપતાં ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે,છેવાડાના માનવી સુધી એસ. ટી. બસની કનેક્ટીવીટી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે નવી બસોની ફાળવણી કરવામાં આવી રહી છે. એસ.ટી.વિભાગના કર્મચારીઓની માંગણીઓ અંતર્ગત મુખ્યમંત્રી સાથે તબક્કાવાર બેઠકો કરવામાં આવી છે.

મંત્રીએ કહ્યું કે, રાજ્યમાં એસ.ટી.નિગમ દ્વારા દરરોજની ૮૦૦૦થી વધુ બસો ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પુરી પાડે છે.

મંત્રીએ કહ્યું કે, દિવાળીના દિવસોમાં સુરત શહેરમાંથી સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાઓમાં હજારોની સંખ્યામાં લોકો પોતાના વતનમાં જતા હોય છે. જેને ધ્યાને લઈને સૌથી વધુ એક્સ્ટ્રા બસો સુરત વિભાગ દ્વારા તાઃ૭મી નવેમ્બરથી ૧૧મી નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, પંચમહાલ, મહારાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ ૨૨૦૦ જેટલી વધુ બસો દોડાવવામાં આવશે. રાજ્યના સૌરાષ્ટ્ર સહિત વિવિધ સ્થળોએ પણ ખાસ કરીને કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્ર વાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસ નિગમની વિભાગીય કચેરીનાં ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને બ્દોની

...અનુસંધાન પેજ નં. 6 પર

# FICCI દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત

ગુજરાત વંદન




મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય સેવાઓ ઉત્તમ થી સર્વોત્તમ બની રહી છે. રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતની આરોગ્ય સેવા-સુવિધાઓની નોંધ લેવામાં આવી રહી છે. તારીખ ૨૬ ઓક્ટોબરે નવી દિલ્હી ખાતે યોજાયેલ ૧૫ માં FICCI હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ્સ 2023 કાર્યક્રમમાં ખ્યાતનામ અભિનેત્રી શર્મિલા ટાગોરના હસ્તે સી. કે. મિશ્રા, જ્યુરી-ચેર, આરોગ્ય અને પરિવાર નિયોજનના ભૂતપૂર્વ સચિવ,ભારત સરકાર, ડૉ. હર્ષ મહાજન, અધ્યક્ષ FICCI, અને ડૉ. સંજીવ સિંહ સહ-અધ્યક્ષ FICCIની હાજરીમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે

જેમાં (દર્દીની શ્રેષ્ઠ સારવાર, સંભાળ અને સલામતી) માટે બાળરોગ સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફી સર્જરી માટે રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ અને ( વર્ષની સૌથી ઉત્તમ ડિજિટલ પરિવર્તન અંગેની પહેલ) કેટેગરીમાં સિવીલ હોસ્પિટલ દ્વારા અમલમાં મુકાયેલ ઓનલાઈન રેફરન્સ પોર્ટલ માટે એવોર્ડ એનાયત કરાયો છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આ બહુમાનને બિરદાવીને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. સૌથી નોંધનીય બાબત એ છે કે કુલ ૧૨ કેટેગરીમાં અન્ય તમામ સંસ્થાને માત્ર ૧ એવોર્ડ

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગ્રાન્ટેડ શાળાઓને પણ મોંઘવારી નડી- ફી વધારાની માંગણી કરી

■ 700થી વધુ ગ્રાન્ટેડ શાળાના સંચાલકોની 300% સુધીની ફી વધારાની માંગણી

ગુજરાત વંદન

ગુજરાતની 700થી વધારે ગ્રાન્ટેડ શાળાઓએ ફીમાં 300 ટકા સુધીનો વધારો માગ્યો છે. 2017માં FRC બની ત્યારે ફી વિકલ્પવાળી શાળાઓની ફી પ્રતિ વિદ્યાર્થી નિર્ધારિત કરાઈ હતી. ત્યારપછી એમાં વધારો કરાયો નથી જેથી શાળા સંચાલક મહામંડળે શિક્ષણ નિયમકને પત્ર લખી ફીમાં વધારો માગ્યો છે. તમને જણાવી દઈએ કે, ગ્રાન્ટેડ શાળાઓ પૈકી રાજ્યની 700 શાળાઓ એવી છે કે જે નિભાવ ખર્ચના બદલે સીધીરીતે વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિમાસ 60 થી 95 રૂપિયા ફી લે છે.

ધોરણ 9ના પ્રતિમાસ 60 રૂપિયા, ધોરણ 10ના 70 રૂપિયા ફી, ધોરણ 11ની 80 જ્યારે ધોરણ 12ની વિદ્યાર્થીદીઠ પ્રતિમાસ 95 રૂપિયા ફી લેવામાં આવે છે. જેને ફી વિકલ્પવાળી શાળાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ શાળાઓને 2017 બાદ ફી વધારો આપવામાં આવ્યો નથી.. 2017ના ઠરાવ મુજબ આ શાળાઓને ધોરણ 9 થી 12ના વિદ્યાર્થી દીઠ પ્રતિમાસ 60 થી 95 રૂપિયા ફી નિર્ધારિત કરાઈ હતી પણ 6 વર્ષ બાદ પણ કોઈ વધારો ન થતાં ધોરણ 9ના પ્રતિમાસ 60 રૂપિયાની ફીમાં 250, ધોરણ 10ના 70 રૂપિયા ફી થી વધારી 300, ધોરણ 11ની 80 રૂપિયાથી વધારો કરી 350 જ્યારે ધોરણ 12ની ફી 95 રૂપિયાથી વધારીને 400 રૂપિયા કરી આપવા માગ કરાઈ છે.

શાળા સંચાલક મહામંડળના પ્રમુખે જણાવ્યું કે, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં નિભાવ ગ્રાન્ટના સ્લેબ સુધારવાની સાથે રાજ્યમાં ચાલતી ફી વિકલ્પ શાળાઓની ફીમાં પણ વધારો કરવાની જરૂરત છે. 2017ના ઠરાવ બાદ આજે સાત વર્ષનો સમયગાળો ચાલી રહ્યો છે, ત્યારે દર વર્ષે 7 ટકા ફી વધારો ગણવામાં આવે તો પણ વર્તમાન ફીમાં અંદાજે 50% નો ફી વધારો આપોઆપ માળવા પાત્ર થાય છે. જો ખાનગી શાળાઓને વધારો આપવામાં આવતો હોય તો ગ્રાન્ટેડ શાળાઓને કેમનહીં

# યુવાનોના હાર્ટએટેક માટે કોરોના રસી જવાબદાર નથી: સરકાર

■ સરકાર પોતાની રીતે આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે- પ્રવક્તા

ગુજરાત વંદન



ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી યુવાનોમાં હાર્ટ એટેકની ઘટનાઓના ઘણા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. જેનું કારણ કોરોના રસીને માનવામાં આવી રહ્યુ હતું. ત્યારે રાજ્યના કેબિનેટ પ્રવક્તા કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે આજે કેબિનેટ બેઠકમાં છેલ્લા કેટલાંક માસથી યુવાઓના હાર્ટ એટેકના કારણે મૃત્યુ થાય છે, તે મુદ્દે પણ ચર્ચા થઈ હતી. સરકાર આ બાબતે ચિતિંત પણ છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દે એક કમિટીની રચના કરાઈ છે, તેમાં નિષ્ણાંતો પણ છે.

જો કે આઈસીએમઆર (ICMR) દ્વારા પહેલેથી સ્પષ્ટ કરી દેવાયું છે, કે યુવાઓના હાર્ટ એટેકથી થઈ રહેલા મૃત્યુ માટે કોરોનાની રસી કે બૂસ્ટર ડોઝને કોઈ લેવાદેવા નથી.અલબત્ત, ગુજરાત સરકાર પોતાની રીતે આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. દેસાઈએ વધુમાં ઉમેર્યુ હતું કે, એકલા ગુજારતમાં જ આ રીતે હાર્ટ એટેકના કારણે યુવાઓના મૃત્યુ થઈ રહ્યા હોય તેવું નથી. ભારતના અન્ય રાજ્યોમાં પણ આ રીતે

...અનુસંધાન પેજ નં. 6 પર

## મહેસાણામાં 4778 કરોડના વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ

# પીએમ મોદી ગુજરાતની મુલાકાતે, 30મીએ અંબાજી માતાના દર્શન કરશે

■ 31મીએ સરદાર જન્મજયંતીના કાર્યક્રમમાં કેવડિયા ઉપસ્થિત રહેશે, સરકાર-સંગઠન ખડેપગે

ગુજરાત વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 30 અને 31 ઓક્ટોબરે ગુજરાત પ્રવાસે આવનાર છે. આ દરમિયાન પીએમ મોદીના હસ્તે મહેસાણામાં રૂ.4778 કરોડના વિકાસકાર્યોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરવામાં આવશે. પીએમ મોદી 30મી ઓક્ટોબરે મહેસાણામાં સભા યોજવાના છે. આ સાથે જ વડાપ્રધાન અંબાજીમાં પણ માતાજીના દર્શન કરશે.

1996થી આજ સુધી અંબાજીમાં હેલિકોપ્ટર નથી ઉતર્યું. અંબાજીમાં રાજકીય નેતા અથવા VIP હેલિકોપ્ટરથી આવે તો તેમની કારકિર્દી ખતમ થઈ જાય છે. અંબાજીના ચીખલામાં 4 હેલિપેડ બનાવવાની કામગીરી શરૂ કરાઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, PM મોદી સવારમાં અંબાજી મંદિર દર્શન માટે આવશે. અગાઉ જે નેતાઓ આવતા તેઓ ચીખલા આસપાસ ઉતરતા હતા. આ ગામ અંબાજીથી આશરે ત્રણ કિલોમીટર દૂર છે. કાર દ્વારા અહીંથી અંબાજી જવુ હોય તો પાંચ મિનિટમાં પહોંચી શકાય છે. પ્રધાનમંત્રી આ જગ્યાએ હેલિકોપ્ટરમાં ઉતરી કાર દ્વારા અંબાજી જશે.

PM નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈ મહેસાણા વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે. PM મોદીની સભા સ્થળે 100થી વધુ CCTV કેમેરા લગાવાશે. સભા સ્થળ, પાર્કિંગ સહિત અલગ-અલગ સ્થળો પર CCTV લગાવાશે. સૌપ્રથમવાર CCTV કેમેરાથી તંત્ર ચાંપતી નજર રાખશે. કેમેરાનું

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાત અશાંત ધારાની કડક શરતો સરકાર પાછી ખેંચશે, હાઈકોર્ટમાં અપાઈ ખાતરી...

■ કલેક્ટરને અપાયેલી અમાપ સત્તા હવે સીમિત થઈ જશે- સરકાર

ગુજરાત વંદન

રાજયમાં અશાંત ધારાના સુધારા અંગે સરકારના જાહેરનામા સામે 13 જુદી જુદી રીટ દાખલ થઇ છે. જેમાં સરકારે હાઇકોર્ટમાં સોગંદનામુ કરી સુધારાની કડક શરતો પાછી ખેંચવાની તૈયારીમાં હોવાની કબુલાત કરી છે. અશાંત વિસ્તારનો વ્યાપ આપોઆપ વધારવાના સુધારા, 500 મીટર સુધી વધારાનો સુધારો પરત ખેંચવા પર વિચાર ચાલે છે. કલેકટરોને અગાઉ અપાયેલી સત્તા સીમીત થઇ શકે છે. તો ધર્મ કે જાતિના આધારે ધારો લાગુ કરવા પર પુનઃ વિચાર થઇ શકે છે. રાજયમાં અશાંત ધારાની વિવાદીત જોગવાઇઓ અને સુધારાની કાયદેસરતાને પડકારતી રીટ અરજીમાં રાજય સરકાર દ્વારા સોગંદનામુ રજૂ કરી પોતાનું વલણ સ્પષ્ટ કરાયું હતું કે,

સરકાર પિટિશનમાં પડકારવામાં આવેલી જોગવાઈઓમાં નવા સુધારા લાવવા ઈચ્છે છે. સરકારનું સોગંદનામુ રેકર્ડ પર લીધા બાદ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી ડિસેમ્બર માસમાં મુકરર કરી હતી. રાજય સરકાર દ્વારા ઓકટોબર-2020માં અશાંત ધારામાં કેટલાક સુધારા કરી વિવાદીત જોગવાઇઓ દાખલ કરવામાં આવતા તેની કાયદેસરતાને પડકારતી હાઇકોર્ટમાં રીટ અરજી કરાઇ હતી. જેમાં અશાંત



ધારાના સુધારા કાયદેસરતાને પડકારાઇ હતી અને જણાવાયું હતું કે, સરકાર દ્વારા અશાંત ધારામાં કરાયેલા સુધારાઓ ભેદભાવભર્યા અને અયોગ્ય છે ખાસ કરીને ધાર્મિક લઘુમતીઓ માટે સરકારના આ પ્રકારના સુધારાઓના કારણે બંધારણની કલમ-14 અને 15નો ભંગ થાય છે.

એટલું જ નહી, દેશની હદમાં સ્વતંત્રતા સાથે રહેવા અંગેની કલમનો પણ ભંગ થાય છે. સરકારના સુધારામાં એક સમુદાયની વસ્તીનું ધ્રુવીકરણ થવાની અને તેમની બહુમતી વસ્તી થઇ જવાની શકયતાઓ વ્યકત કરવામાં આવી છે, જે અસ્થાને છે. વળી, જયાં ભવિષ્યમાં અશાંતિ સર્જાવાની શકયતાઓ હોય ત્યાં પણ અશાંત ધારાની પરવાનગી નહીં આપવાની જોગવાઇ સૂચવાઇ છે, જે પણ ગેરકાયદે અને ગેરબંધારણીય છે.

આ કેસમાં હાઇકોર્ટે અગાઉ અશાંત ધારાના આ સુધારા હેઠળ જાહેરનામું જારી કરવા સામે સ્ટે જારી કરી દીધો હતો અને સરકાર પાસે જવાબ માંગ્યો હતો. જેમાં સરકારે પોતાનું સોગંદનામુ રજુ કરી પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધુ હતું કે, સરકાર હવે નવા સુધારા સાથે આવવામાંગે છે

## બનાવટી અધિકારીઓ પકડાવાના કિસ્સાઓ વચ્ચે

# છોટાઉદેપુરમાંથી આખી નકલી સરકારી કચેરી ઝડપાઈ, સરકારને 4.15 કરોડ રૂપિયાનો ચૂનો ચોપડ્યો

ગુજરાત વંદન

ગુજરાતમાં અત્યાર સુધી તો પીએમ ઓફિસ અને સીએમ ઓફિસમાં કામ કરતા હોવાનું કહીને લોકોને છેતરતા નકલી અધિકારીઓ ઝડપાતા હતા પરંતુ હવે તો નકલી સરકારી કચેરી પણ ધમધમવા લાગી છે. છોટાઉદેપુરમાં ખોટી સરકારી કચેરી ઊભી કરીને કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો ખુલાસો થયો છે. ખોટી કચેરી ઊભી કરીને સરકારને 4.15 કરોડ રૂપિયાનો ચૂનો લગાવવાનો કેસ નોંધાયો છે.

આરોપી સંદીપ રાજપૂતે ખોટી કચેરી ઊભી કરીને ગ્રાન્ટ મેળવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. કાર્યપાલક ઈજનેર સિંચાઈ પ્રોજેક્ટ બોડેલીના નામની નકલી સરકારી કચેરી બનાવી નાખી અને આદિજાતિ વિભાગની કચેરીમાંથી ગ્રાન્ટ પણ પાસ થઈ ગઈ.

ચોંકાવનારી વાત એ છે કે આ નકલી સરકારી કચેરીએ 93 વિકાસકાર્યોના નામે 4 કરોડ 15 લાખથી વધુની ગ્રાન્ટ મેળવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. અત્યાર સુધી તો નકલી અધિકારીઓ પકડાતા હતા અને પકડાય એ પહેલાં સરકારી બાબુઓ હોવાના નામે રોફ જમાવીને લોકોને બોટલમાં ઉતારતા હતા. એ પહેલાં ગાંધીનગરની કરાઈ ટ્રેનિંગ એકેડમીમાં નકલી PSI તાલીમ

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009